ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 24 Date : 01-09-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૯) |
| પ્રવીણ જ. પટેલ | ૦૫ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો? - સોક્રેટિસ સંવાદ : અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૨ |
| મધુરેશ કુમાર | ૦૯ | જનઆંદોલનોનો રાષ્ટ્રીય સમન્વય : ૬ - એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૪ |
| અશ્વિન કારીઆ | ૧૧ | ધર્મનિરપેક્ષ શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય? |
| ભદ્રા સવાઈ | ૧૨ | ગ્રામસેવક બબલભાઈ |
| સંકલિત | ૧૪ | ભૂમિપુત્ર વર્ષ ૭૨ (૧૬-૦૯-૨૦૨૪ થી ૦૧-૦૯-૨૦૨૫)ની સૂચિ |
| સંકલિત | ૧૮ | ભૂમિપુત્રના લેખકોનો પરિચય |
| દીપક જોષી | ૨૩ | આંતરરાષ્ટ્રીય કોર્ટનો શકવર્તી ચુકાદો |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ટાર્ગેટ |

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.7372 Issue No.24 1940 Date: 01-09-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૯)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## विज्ञानं ब्रह्म

માણસ એ પણ પ્રાણી છે, પણ બીજાં પ્રાણીઓ અને માણસમાં જે મુખ્ય તફાવત જોવા મળે છે તે એ છે કે બીજાં બધાં પ્રાણીઓ પ્રાણપ્રધાન હોય છે જ્યારે મનુષ્ય એ મનપ્રધાન પ્રાણી છે. કોઈ પણ પ્રાણી જ્યારે હલચલ કરે છે, ત્યારે તે પોતાનું સઘળું જોર લગાવીને દોડે છે, અને જો તે આક્રમણ કરે તો એનાથી પણ વધુ જોર લગાવીને કરે છે. આ હુમલામાં એના મનની પ્રધાનતા હોતી નથી, પરંતુ એના પ્રાણની જ પ્રધાનતા હોય છે. કોઈ પણ પ્રાણી કૂદે, ઊછળે, આક્રમણ કરે અથવા તો પોતે જ તૂટી જાય – આ તમામ પ્રાણની જ પ્રક્રિયા હોય છે. પરંતુ માણસ એ પ્રાણ-પ્રધાન નહીં, પણ મનપ્રધાન પ્રાણી છે. આપણે જોઈએ છીએ તેમ આ સૃષ્ટિમાં સાવ નાનાનાના જીવજંતુઓ ઘણી બધી ક્રિયાઓ કરતા હોય છે. એમનામાં સૂક્ષ્મ મન હોતું નથી, એવું કાંઈ નથી હોતું. પરંતુ એમનામાં પ્રાણ મુખ્ય વસ્તુ હોય છે. જ્યારે માણસમાં મુખ્ય વસ્તુ મન છે. માણસમાત્રમાં ભાવના, વાસના, કામના, પ્રેરણા, આશા-નિરાશા વગેરે માનસિક વૃત્તિઓ કામ કરતી રહે છે. એટલે એનામાં ભય, હિમ્મત, માન-અપમાન, આસક્તિ-અનાસક્તિ, પ્રેમ-દ્વેષ વગેરે મનોવૃત્તિઓનો ખેલ ખેલાતો રહે છે. જેમ કે આપણે સાંભળીએ છીએ કે 'આ સંપત્તિ મારી છે, આ સંપત્તિ તારી છે, આ મારી ભાષા, પેલી તારી ભાષા, આ દેશ મારો, પેલો દેશ તારો' – શું છે આ બધું ? 'મને એની સાથે ફાવતું નથી અને એને મારી સાથે ફાવતું નથી. મને એના માટે દ્વેષભાવ છે મને એને જોવામાં સહેજ પણ રસ નથી.' – આ બધી મનની અવસ્થાઓ છે. પરંતુ વિજ્ઞાનયુગમાં આપણે સહુએ મનથી ઉપર ઊઠવાનું રહેશે. કેમ કે જ્યાં સુધી મનની મનમાની ચાલ્યા કરશે, ત્યાં સુધી વિજ્ઞાન આવશે નહીં.

અત્યાર સુધી માણસે મન અને વાસનાની ભૂમિકાએ રહીને ઊભા થયેલા પ્રશ્નોનો હલ શોધ્યો. પરંતુ હવે ભવિષ્યમાં આ પ્રકારની ભૂમિકાથી કંઈ વળવાનું નથી. એટલું નિશ્ચિત છે કે વિજ્ઞાનયુગમાં જો વિજ્ઞાનની ભૂમિકા સ્વીકારવામાં નહીં આવે, તો ભવિષ્યમાં માણસ ટકવાનો જ નથી. વિજ્ઞાનને લીધે હવે માણસ માટે જૂના જમાનાની વિચારપદ્ધતિ રૂઢિવાદી બની ગઈ છે. આજે અણુશક્તિની આગળ તેલ, કોલસો વગેરે એકદમ વામણાં થઈ ગયાં છે. કેમ કે આ અણુશક્તિ પ્રચંડ ઊર્જા લઈને આવી છે. એવી જ રીતે હવે દર્શનક્ષેત્ર અને ધર્મક્ષેત્રમાં પણ જૂના-પુરાણા જમાનામાં ચાલતી ધર્મવિષયક કલ્પનાઓ ટકવાની નથી.

કેમ કે એ સમયે ઉદ્ભવેલી ધર્મવિષયક કલ્પનાઓ માનસિક કલ્પનાઓમાંથી જન્મી હતી. જૂના જમાનામાં યોગીઓ ઉન્મની અવસ્થાથી પરિચિત હતા. પરંતુ હવે આ યુગમાં તે કલ્પના આધ્યાત્મિક ક્ષેત્રમાં અત્યંત મામૂલી થઈ ગઈ છે. અત્યારે જો આપણે આપણા મસ્તક પર જૂના જમાનાના બધા ધર્મોને રાખીશું તો પણ આ વિજ્ઞાનયુગમાં આપણે ટકી નહીં શકીએ. અત્યારે તો આપણે આપણા પોતીકા મનને બદલવાનું છે. શ્રી અરવિંદ કહે છે કે અતિમાનસનો ઉદય થયો છે અને હવે પછી આ શક્તિથી કામ થવાનાં છે. પહેલાં યોગમાં જે આધ્યાત્મિક શક્તિની કલ્પનાઓ કરવામાં આવતી હતી તે બધી શક્તિઓ હવે સામાજિક થઈ રહી છે. મને તો લાગે છે કે આજે એ આધ્યાત્મિક શક્તિઓનું સામાજિકીકરણ કરવાની સંભાવના જ નહીં, પણ વિજ્ઞાને તો માણસ માટે એની અનિવાર્ય જરૂરિયાત ઊભી કરી દીધી છે. દરેક માણસને એક માનસ હોય છે અને બીજું મન હોય છે. મન ભલે અલગ અલગ હોય પણ માનસ બધાંનું એકસમાન હોય છે. મન અને માનસ – આ બંનેમાં અંતર છે. બે વ્યક્તિઓનાં મન જુદાં-જુદાં હોઈ શકે છે, પણ આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે બંનેનાં માનસ લગભગ એકસમાન થઈ ગયાં છે. માણસના મનમાં જ્યારે થોડોક ફરક આવે છે અને તદનુસાર તે કાંઈ બોલે છે, વાણીનો પ્રયોગ કરે છે, પછી તદનુસાર કંઈક કૃતિ કરે છે, તો તે કેવળ કરણો દ્વારા નહીં, પણ ઉપકરણોથી પણ કરે છે. મનુષ્યની ઇંદ્રિયો કરણ છે, અને એનાથી કૃતિ નિષ્પન્ન થાય છે. હથિયાર ઉપકરણ છે, અને એનાથી પણ કૃતિ થાય છે. પહેલાના જમાનામાં લોકો કરણપ્રધાન હતા, ઉપકરણપ્રધાન નહોતા. અને એટલા માટે આધ્યાત્મિક પુરુષો ઇંદ્રિયનિગ્રહની વાત કરતા હતા. ઇંદ્રિયો પર કાબૂ મેળવવાની વાત કરતા, એ જમાનામાં ઉપકરણો પર નિયંત્રણ મેળવવાની એટલી જરૂરિયાત નહોતી. પરંતુ આજના

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

અભિનવ વિજ્ઞાન-યુગમાં લોકો ઉપકરણપ્રધાન થઈ ગયા છે. અને તે પણ અત્યંત ઉત્કટપણે, તીવ્ર પણ છે.

હવે આજે મનુષ્યના મનનો જો થોડોક પણ ઝઘડો થઈ જાય છે તો તે ન કેવળ વાણી દ્વારા કૃતિમાં પહોંચે છે, બલ્કે ઉપકરણો સુધી પણ પહોંચી જાય છે. અને આ ઉપકરણો એટલાં બધાં ખતરનાક હોય છે કે તેનાથી માનસિક પરિણામ પણ ખૂબ ભયંકર આવે છે. માટે જ આજના મનુષ્યની એ જવાબદારી આવી ગઈ છે કે તે પોતાના મનની સાથે ઝઘડે નહીં. અત્યારની પરિસ્થિતિમાં આપણે કાં તો વિજ્ઞાનની પ્રગતિ પર અંકુશ રાખવો પડશે કાં તો પોતાના મન પર અંકુશ રાખવો પડશે. આપણે વિજ્ઞાનની પરિસ્થિતિ પર એટલા માટે અંકુશ નહીં રાખી શકીએ, કેમ કે તે એક પ્રકારનું જ્ઞાન છે અને જ્ઞાન એ ટાળવાની વસ્તુ નથી અને બીજી બાજુ મન જો નિરંકુશ થતું જશે, તો પછી આખી દુનિયા ખતમ થઈ જશે. આવું ન થાય તે માટે આપણે આપણા મન પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

જેમ જેમ વિજ્ઞાનનો વ્યાપ વધશે, તેમ તેમ મનનું મહત્ત્વ ઘટશે. વિજ્ઞાન પાસે મન ટકવાનું જ નથી. મનમાં અનેક વિકારો પડ્યા હોય છે, અનેકાનેક સંકલ્પ-વિકલ્પ હોય છે, રાગ-દ્વેષ પડ્યા હોય છે. આ બધાને લીધે મનમાં નાની મોટી અનેક તિરાડો પડતી રહે છે. મન ખંડિત થઈ જઈને ટુકડા ટુકડામાં વહેંચાઈ જાય છે. આ વિભાજિત મનનું એકીકરણ થતું નથી. જ્યારે વિજ્ઞાનને તો આ એકીકરણની જરૂર છે.

વિજ્ઞાનની ભૂમિકા એ મનની ભૂમિકાથી ઉપરની ભૂમિકા છે. વિજ્ઞાનયુગમાં વિજ્ઞાન પોતે માણસને એ ભૂમિકા સુધી ઊઠવા માટે જોર લગાવી રહ્યું છે. પહેલાના જમાનામાં પણ આ વસ્તુની ખબર હતી. ઉપનિષદોમાં કહ્યું છે, **प्राणो ब्रह्मेति, मनो ब्रह्मेति, विज्ञानं ब्रह्मेति** - પ્રાણીઓની ભૂમિકા પ્રાણની હોય છે, જ્યારે મનુષ્યની ભૂમિકા મનની હોય છે અને વિજ્ઞાનની ભૂમિકા ઋષિઓની હોય છે. પહેલાના જમાનામાં માણસ વૈયક્તિક રીતે વિકાસ કરતાં કરતાં વિજ્ઞાનની ભૂમિકાએ પહોંચતો હતો. ત્યારે એ જમાનામાં એક માણસ વિજ્ઞાનની ભૂમિકાએ અને અન્ય બધા લોકો મનની ભૂમિકાએ રહેતા. એ જમાનામાં વિજ્ઞાનની ભૂમિકાએ પહોંચનાર વ્યક્તિને શ્રેષ્ઠ માનવામાં આવતી હતી. અને વિજ્ઞાનની ભૂમિકા સુધી પહોંચવા માટેની આખી આધ્યાત્મિક પ્રક્રિયા એકદમ સ્વૈચ્છિક રહેતી હતી. અને એમાં વ્યક્તિ અગ્રેસર થતી હતી, પરંતુ વિજ્ઞાનના આ જમાનામાં હવે કોઈ એકાદ મહાપુરુષ સ્વૈચ્છિક પ્રક્રિયા દ્વારા વિજ્ઞાનની ભૂમિકાએ પહોંચે - એટલા માત્રથી ચાલવાનું નથી. પરંતુ કરવાનું એ છે કે વિજ્ઞાનયુગમાં આપણે બધાંએ આપણી પોતાની મનની ભૂમિકાને ભૂલી જવી પડશે અને એ પણ આપણા આધ્યાત્મિક પ્રયત્નો દ્વારા. આનો અર્થ એ થયો કે આજે વિજ્ઞાન માણસ પાસે આધ્યાત્મિક ચિંતન કરાવવા માટે જોર લગાવી રહ્યું છે.

હવે તો બધાં લોકોએ અનિવાર્ય રૂપે વિજ્ઞાનની ભૂમિકા પર આવવાનું નાટક કરવાનું છે. જે સૂક્ષ્મ અણુથી આ આખી દુનિયા, આખી સૃષ્ટિ બની છે, એની તમામ શક્તિ માણસના ધ્યાનમાં આવી ગઈ છે. એ બરોબર જાણે છે કે એક અણુની સાથે બીજો અણુ જોડાવાથી સૃષ્ટિની રચના થાય છે અને બધા અણુઓના અલગ થઈ જવાથી સૃષ્ટિ પર પ્રલય - વિનાશ સર્જાય છે. આમ આજના માણસ પાસે સૃષ્ટિઉત્પાદક અને સૃષ્ટિસંહારક અણુશક્તિ આવી ગઈ છે. વળી, આજે તો માણસે આકાશમાં નવા નવા ઉપગ્રહો મોકલી દીધા છે, જે આપણી પૃથ્વીની આસપાસ ફર્યા કરે છે. આ એક અજબ વાત છે. આ સ્થિતિમાં હવે આપણાં કામો કેવળ આંતરરાષ્ટ્રીય ચિંતનથી ચાલશે નહીં પણ આપણે હવે અનેક જગતોની સાથે સંબંધ રાખવા પડશે. અને આ બધા માટે હવે અંતર્જાગતિક ચિંતનની જરૂર પડવાની છે. આવી સ્થિતિમાં જો માણસ માનસિક ભૂમિકા પર રહીને કામ કરશે તો તે કેવી રીતે ચાલી શકશે ? આજે તો માણસ જાણે ઈશ્વરની હૈસિયત (ક્ષમતા) ધરાવતો થઈ ગયો છે. હવે જો એ એની અંદર જૂનું-પુરાણું મન જ રાખશે, તો ભારે મોટું નુકસાન થશે.

અને એટલા માટે જ આજે સંકુચિત વાતો ટકવાની નથી. સંકુચિતતા વિજ્ઞાનના જમાનામાં વિરોધમાં રહેશે. એવી વાતો કરવાથી જીવનમાં વિસંગતિ આવશે. આજે વિજ્ઞાનને લીધે આપણા જીવનનો ઢાંચો સંમિશ્રિત થઈ રહ્યો છે. આજે મારી પાસે પેન, ચશ્માં, ઘડિયાળ અથવા જે કાંઈ પણ ચીજવસ્તુઓ છે, જેના દ્વારા હું આ આખા વિશ્વનો ઉપયોગ કરું છું. મારા પ્રત્યેક ક્ષણેક્ષણના વ્યવહારમાં હું આખી દુનિયાનો ઉપયોગ કરી રહ્યો છું. માટે આજનું વૈજ્ઞાનિક જીવન સંમિશ્રિત જીવન છે. આવી સ્થિતિમાં જો કોઈ સંકુચિત વૃત્તિથી કામ કરશે તો તેઓ માર ખાશે, હારી જશે. એ સિવાય એમને બીજું કંઈ પણ મળવાનું નથી. માટે જ આજે એક આધ્યાત્મિક આવશ્યકતાની સાથે સાથે ભૌતિક આવશ્યકતા પણ પેદા થઈ છે કે મનથી ઉપર ઊઠો.

વિજ્ઞાન ક્યારે પણ મનને મહત્ત્વ આપતું નથી. તે હમેશાં પ્રત્યક્ષ સ્થિતિ (સૃષ્ટિ) (Objective Truth)ને મહત્ત્વ આપે છે. એવી જ રીતે આત્મજ્ઞાન પણ મનને મહત્ત્વ આપતું નથી. એ કહે છે કે મન

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૯) |
| પ્રવીણ જ. પટેલ | ૫ | શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો ? ભાગ-૨ |
| મધુરેશ કુમાર | ૯ | એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા-૪ |
| અશ્વિન કારીઆ | ૧૧ | ધર્મનિરપેક્ષ શબ્દ.... |
| ભદ્રા સવાઈ | ૧૨ | ગ્રામસેવક બબલભાઈ |
| સંકલિત | ૧૪ | ભૂમિપુત્ર વર્ષ ૭૨ની સૂચિ |
| સંકલિત | ૧૮ | ભૂમિપુત્રના લેખકોનો પરિચય |
| દીપક જોષી | ૨૩ | આંતરરાષ્ટ્રીય કોર્ટનો શકવર્તી ચુકાદો |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ટાર્ગેટ |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તો વિકારોથી ભરેલું છે. આપણે એના સાક્ષી છીએ, એટલે કે મનથી અલગ છીએ. જેવી રીતે આપણે આ ઘડિયાળથી અલગ છીએ. ઘડિયાળમાં જો કોઈ દોષ કે ત્રુટિ હશે, તો તે આપણે દુરસ્ત કરી શકીએ છીએ, એવી જ રીતે આપણા મનમાં જો કોઈ ત્રુટિ, ખામી, દોષ પડ્યા છે, તો એને પણ આપણે જોઈ લઈને દુરસ્ત કરી શકીએ છીએ. આપણે મનથી અલગ છીએ એટલા માટે તો આપણે મનના વશમાં ક્યારેય ન રહેવું જોઈએ. પણ મનના સાક્ષી બનીને વ્યવહાર કરવો જોઈએ. આજે મન પર વિજ્ઞાન અને આત્મજ્ઞાન – આ બંનેનાં આક્રમણ થઈ રહ્યાં છે. આવી સ્થિતિમાં જે કોઈ મનથી ઉપર ઊઠશે, એ જ આ દુનિયાને જીતી શકશે. વિજ્ઞાન એટલી બધી તેજ ગતિથી વિકસી રહ્યું છે, ત્યારે બરાબર સમજી લેવું પડશે કે હવે મનના પરિવર્તનની પ્રક્રિયા મનની ભૂમિકા પર રહીને ચાલવાની નથી.

વિજ્ઞાનનું સ્તર મનના સ્તરથી ઘણું બધું ઊંચું છે. વિજ્ઞાન જેમ જેમ વિકસતું જશે, તેમ તેમ માણસની વૃત્તિઓ પણ વૈજ્ઞાનિક બનતી જશે. વિજ્ઞાનયુગમાં તો વિજ્ઞાન જ માણસની વૃત્તિ બનાવશે. માણસ જેમ જેમ વિજ્ઞાનની ભૂમિકાએ આવતો જશે, તેમ તેમ તેના માનસિક કામ-ક્રોધ ઓછા થવા લાગશે. વૈજ્ઞાનિક મનુષ્ય વિકારી ન હોઈ શકે. કેમ કે તે તટસ્થતાપૂર્વક જીવનના દરેક પાસા અંગે વિચારે છે. વૈજ્ઞાનિક માણસ ક્યારેય (Subjectively) સબ્જેક્ટિવલી વિચારતો નથી. તે ઓબ્જેક્ટિવલી (Objectively) વિચારશે. વિજ્ઞાનયુગમાં રહેતા માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વિકસતી જશે, તેમ તેમ તે મનથી ઉપર ઊઠતો જશે. માટે જ આજનો માણસ ક્યારેય ઇમ્પલ્સ (આવેગ-આવેશ)ના વશમાં નહીં આવે, એના વશમાં તો પશુઓ રહેતાં હોય છે.

વૈજ્ઞાનિક યુગમાં માનસિક ક્ષોભ વગર જ કામ થવાં જોઈએ. હવે મતભેદોને મનના ક્ષેત્રમાંથી હાંકી કાઢીને બુદ્ધિના ક્ષેત્રમાં લઈ આવવા જોઈએ. આપણી વચ્ચે જે કાંઈ ભતભેદો છે, એનો નિકાલ બુદ્ધિના ક્ષેત્રમાં જ રહેવો જોઈએ. આનાથી આગળ જે સત્યાગ્રહી હશે, એણે તો પોતાનું મન અક્ષુબ્ધ જ રાખવું પડશે. અક્ષુબ્ધતા એ તો સત્યાગ્રહીની કસોટી છે. ગાંધીજી સાધનશુદ્ધિની વાત કરતા હતા. આજે હું એનો નવીન અર્થ કાઢી રહ્યો છું કે સાધનશુદ્ધિ અર્થાત્ કોઈના પણ ચિત્તમાં ક્ષોભ પેદા ન થાય. જ્યાં ક્ષોભ આવે ત્યાં માણસની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. એનું મગજ કામ કરતું નથી. જ્યારે સત્યાગ્રહનો તો ઉદ્દેશ્ય જ એ છે કે સામે કોઈ પણ પરિસ્થિતિ કેમ ન હોય – તે પરિસ્થિતિમાં માણસને વિચારવા માટે સતત પ્રેરિત કરતા રહેવું.

આમ, અભિનવ વિજ્ઞાનયુગનો આરંભ, આ એક એવી મહત્ત્વપૂર્ણ ઘટના છે જે ભવિષ્યમાં દુનિયા આખીના સામાજિક અને માનસિક સ્વરૂપમાં ભારે મોટું અંતર લાવી દેશે. આ આણ્વિક યુગમાં પણ એ તકાજો છે કે જો માણસનું મન બદલાશે, તો જ તે આગળ જતાં ટકી શકશે, નહીંતર આખી માનવજાતિનો નાશ થશે. અભિનવ વિજ્ઞાનયુગ માણસને કહે છે કે હે માણસ, તું તારા પોતાના મનને, કે જે એકદમ જીર્ણ-શીર્ણ થઈ ગયું છે તેને ફેંકી દઈને નવા મનને અપનાવી લઈ નવી દષ્ટિથી વિચારવાનું શરૂ કરી દે. જો તું તારું જૂનુંપુરાણું મન અને જુનીપુરાણી દષ્ટિને જ વળગી રહીશ તો સમૂળગો વિનાશનો પંથ પકડાઈ જશે. માણસ જ્યારે વ્યક્તિગત મનના આગ્રહો છોડીને સામૂહિક બુદ્ધિનો આશ્રય લેતો થશે, ત્યારે આ વિજ્ઞાનયુગમાં મનની સાથે મન અથડાશે નહીં. આમ જે પણ રસ્તેથી અથવા તો પદ્ધતિ દ્વારા મન અને મન વચ્ચે અથડામણ થતી હોય છે, તે વિજ્ઞાનયુગમાં બિલકુલ ઉચિત નથી.

## ઇંદ્રિયો – મન – બુદ્ધિ

માણસ પાસે જે ઇંદ્રિયો, મન અને બુદ્ધિ છે – તે ભગવાને આપેલી છે. આ બહુ મહત્ત્વપૂર્ણ શક્તિ છે. જો ઘોડેસવાર ઘોડાની ખૂબ સારી કાળજી લઈને માવજત કરી શકતો હોય, તો તે એના પર સરસ રીતે સવારી પણ કરી શકે છે, નહીંતર ઘોડો છાતી ઉપર અને સવાર નીચે – આવી સ્થિતિ પણ સર્જાઈ શકે. આવી હાલત બિચારા એ માણસોની થઈ જાય, કે જેનો કાબૂ તેની પોતાની ઇંદ્રિયો, મન અને બુદ્ધિ પર રહેતો નથી.

જે માણસ પોતાની જાતને ઇંદ્રિયો, મન અને બુદ્ધિથી અલગ જાણી શકતો નથી એ માણસ એના પર કાબૂ મેળવી શકતો નથી. અને આ પ્રકારના માણસોને તેની ઇંદ્રિયો, મન, બુદ્ધિ વગેરે કામમાં આવતાં નથી, બલકે વધુ હાનિકારક નીવડે છે.

આપણે આપણી પોતાની ઇંદ્રિયો, મન અને બુદ્ધિ પર કાબૂ તો મેળવવાનો જ છે પણ સાથે સાથે તેનો પૂર્ણ વિકાસ પણ કરવાનો છે. અને આનો ઉત્તમ વિકાસ એ લોકો કરી શકે કે જે પોતાની જાતને તેનાથી ભિન્ન માનતા હશે. સિનેમાનાં વિષયાસક્તિથી ભરેલાં તદ્દન વાહિયાત ગીતો સંભળાય, તો શું તમારું મન અને કાન તે સાંભળવા જવા ઇચ્છા કરે છે ખરાં ? જે બેવકૂફ એને અનુસરશે, તે શું તેનો વિકાસ કરી શકવાનો ? એ તો મનની શક્તિને ક્ષીણ જ કરવાનો. બુદ્ધિ અને ઇંદ્રિયો – આ બંનેની વચ્ચે જે મન આવેલું છે, તે મનને જ શિક્ષિત કરવું જોઈએ – આ મહત્ત્વની વાત છે. આ વચમાં રહેલું જે મન છે, એ જેની સાથે રહેશે તેનું જોર વર્ચસ્વ વધશે. મન જો ઇંદ્રિયોનું ગુલામ હશે તો તે મન એનું સઘળુંય ઇંદ્રિયોને સોંપી દેશે અને જો મન બુદ્ધિની સાથે રહ્યું હશે તો એની બધી ઇંદ્રિયોને બુદ્ધિને આધીન કરી આપશે.

આપણા માટે તો જરૂરી એટલું છે કે આપણે આપણા મન અને ઇંદ્રિયો પર કાબૂ મેળવી લઈએ. આ અંગે કઠોપનિષદમાં સુંદર રૂપક આપીને આ વાત સમજાવી છે કે મનુષ્યના ઇંદ્રિયોરૂપી ઘોડાઓને બુદ્ધિરૂપી સારથિ ચલાવે છે. એ સારથિના હાથમાં મન રૂપી લગામ છે. જ્યાં સુધી આ લગામ સારથિના હાથમાં હોય ત્યાં સુધી બધું બરોબર ચાલે છે કેમ કે તે ઘોડાઓને યોગ્ય માર્ગે લઈ જશે. પરંતુ સારથિના હાથમાંથી જો આ લગામ છૂટી ગઈ તો કોઈની સલામતી રહેવાની નથી. બેકાબૂ થયેલ ઘોડાઓ આપણને ગમે ત્યાં લઈ જશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આમ મન એ બુદ્ધિને વશ હોવું જોઈએ અને ઇંદ્રિયો મનને વશ રાખવી જોઈએ. મન જો બુદ્ધિને વશમાં નહીં રહે, તો ઇંદ્રિયો પછી એને ગમે ત્યાં ઘસડી ખેંચી લઈ જશે. માટે જ્ઞાનપ્રાપ્તિ માટે ઇન્દ્રિયોને વશમાં રાખવી જરૂરી છે.

આ ઇંદ્રિયો માણસના મનમાં બાહ્ય વિષયો પ્રતિ અનુકૂળ – પ્રતિકૂળ ભાવો પેદા કરે છે. વળી આ ઇંદ્રિયોની પ્રેરણાથી મનમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ પેદા થાય છે અને બુદ્ધિ પણ ભુલાવાના ચકરાવે ચઢીને છેવટે મનને અનુકૂળ વિચાર કરવા લાગે છે અને ત્યારે માણસની સ્મૃતિ ભ્રષ્ટ થાય છે. અહીં, સ્મૃતિનાશનો અર્થ કેવળ સ્મરણ-શક્તિનો અભાવ નહીં, પણ તેનો અર્થ થાય છે માણસ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે, આત્મતત્ત્વને ભૂલી જાય છે.

બુદ્ધિ અને ઇંદ્રિયોની વચમાં માણસનું મન રહેલું છે. એટલા માટે જે કોઈ પણ પોતાની ઇંદ્રિયો પર કાબૂ મેળવવા ઇચ્છે છે તે પોતાના મન પર પણ નિયંત્રણ રાખવા ઇચ્છે છે. પરંતુ મન પર કાબૂ મેળવવો સહેલી વાત નથી. ગીતા કહે છે કે સૌથી પહેલાં તમે તમારી ઇંદ્રિયોને કાબૂમાં રાખો. આનો અર્થ એવો પણ નથી થતો કે માત્ર આટલું થવાથી મન તમારા નિયંત્રણમાં આવી જ જશે. બલ્કે જ્યારે ઇંદ્રિયો તેના વિષયોથી જુદી પડી જશે ત્યારે તે મન પર હુમલાઓ કર્યા કરશે. हरन्ति प्रसभं मनः – ત્યારે ઇંદ્રિયો માથાભારે બનીને સાધકના મનને ખેંચી-તાણીને દૂર દૂર લઈ જાય છે.

વિષયોથી ઇંદ્રિયોને દૂર કરવા છતાં પણ તે હાર માનતી નથી ઊલટું મન પર જ મોટાં આક્રમણ કરે છે. માણસ ભલે બાહ્ય વિષયોથી તે પોતાની ઇંદ્રિયોને હટાવી લે, તો પણ તેના મનમાં તો તે ઊંડે સુધી દઢ આસન લગાવીને બેસી જાય છે. અને આમ થવાથી સાધકની ઇચ્છા ન હોવા છતાં પણ તેનું માનસિક વિષયસેવન થવા લાગે છે. પરિણામે માણસથી સૂક્ષ્મ ઇંદ્રિય નિગ્રહ થતો નથી – આવું ગીતા કહે છે.

મનમાં નિર્ણયશક્તિ રહેતી નથી, મન પર ઇંદ્રિયોનું પરિણામ હોય છે. બુદ્ધિ નિર્ણય બતાવે છે. બુદ્ધિ જે કહે છે તે મને સાંભળવું જોઈએ. મન જો બુદ્ધિનું કહ્યું સાંભળતું નથી તો તે મન વિકાર-યુક્ત છે.

ગીતામાં, સ્થિતપ્રજ્ઞનું એક નિષેધાત્મક લક્ષણ કહેવામાં આવ્યું છે કે મનની બધી કામનાઓ – વાસનાઓને ત્યાગી દેવી. 'મન' ઇચ્છાઓથી બનેલું છે. આનો અર્થ એ થયો કે 'આવું મન જ ન રહે.' આપણા ચિત્તમાં આ વાત બરોબર સ્થિર થઈ જવી જોઈએ કે કામનાઓમાં આનંદ હોતો નથી. આ અંગેના અનુભવો પણ એવું નથી કહેતા કે કામનાઓથી શાંતિ, શીતળતા, સમાધાન મળે છે. ઊલટું એનાથી મન સતત બેચેની અનુભવે છે. અને આવી છટપટાહટ (અકળામણ) માણસને વ્યાકુળ કરી દે છે, આગ લગાવી દે છે. કામનાપૂર્તિથી સમાધાનનો કેવળ ભાસ થાય છે. પરંતુ ખરો આનંદ તો કામનાની તૃપ્તિમાં અર્થાત્ બીજા શબ્દોમાં કામનાઓના અભાવમાં થાય છે.

(ક્રમશઃ) – સંકલિત

## આંતરરાષ્ટ્રીય કોર્ટ...

(પાન ૨૩નું ચાલુ)

ICJની કાર્યવાહીમાં જસ્ટિસ ક્લિવલેન્ડ સહિતના ન્યાયમૂર્તિઓ દ્વારા અશ્મિભૂત ઇંધણોના દોહન, તેમના વપરાશ અને તે ઉપરની સરકારી સહાયો બાબતે પ્રશ્ન ઉપસ્થિત કરેલ. અમેરિકા અને ભારત સહિતના દેશોના પ્રતિભાવોનો સૂર લગભગ સમાન હતો. પેરિસ એગ્રીમેન્ટ(૨૦૧૫) સહિતની આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો હવાલો આપી અમેરિકાએ જણાવ્યું કે જે તે દેશની સીમાઓની બહારના પર્યાવરણને થતી હાનિ ભરપાઈ કરવા બાબતે કોઈ કાનૂની કે અન્ય પ્રકારની જવાબદારીઓ નિયત થઈ શકે નહીં. પ્રદૂષણકર્તા દેશો આવી હાનિ રોકવા માટે પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં ભરવા માટે સ્વતંત્ર છે. જ્યારે રિપબ્લિક ઓફ વાનુઆતુ અને મેલાનેસિયન સ્પીયરહેડ ગ્રુપ(MSG) દ્વારા પોતાની વિસ્તૃત રજૂઆતમાં અશ્મિભૂત ઇંધણોનું સતત દોહન અને વપરાશ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જન માટે કારણભૂત હોવાનું જણાવેલ હતું. અશ્મિભૂત ઇંધણો અને તેમના માટે અપાતી સરકારી સહાયો જ જળવાયુપરિવર્તન માટે પ્રાથમિક રીતે જવાબદાર હોવાનું ઐતિહાસિક અને વૈજ્ઞાનિક તથ્યો દ્વારા અસરગ્રસ્ત દેશોએ દર્શાવ્યું છે. આ ક્ષેત્રના નિષ્ણાતોનું મંતવ્ય છે કે 'પર્યાવરણ પ્રત્યે ઉત્તરદાયિત્વ' (Climate Accountability) નિર્ણિત કરવા માટે આ અભિપ્રાય એક મજબૂત કાનૂની આધાર બની રહેશે. જળવાયુ પરિવર્તનની વિઘાતક અસરોથી ત્રસ્ત અને ગ્રસ્ત સમુદાયોની વર્ષોથી ચાલી આવતી ઝુંબેશો – આંદોલનો માટે આ એક સીમાચિહ્ન છે. આંતરરાષ્ટ્રીય કોર્ટે આહ્વાન કર્યું છે કે, Justice Means Remedy, ICJએ પ્રદૂષણકર્તા રાષ્ટ્રોની નીતિઓ, નિર્ણયો, વલણો તથા વર્તન સાથે વિવિધ કાયદા-કાનૂનોના આંતર-સંબંધો અને તેમનાં પરિણામો પ્રસ્થાપિત કરી આપ્યાં છે.

આશિષ કોઠારી જેવા પર્યાવરણવિદોએ આ ચુકાદાના અમલ અંગે કેટલીક સમસ્યાઓ પણ રજૂ કરી છે. વિશ્વની ટોચની અદાલતના ચુકાદાનો અમલ રાજકીય નેતાઓ, મહાકાય ખાનગી ક્ષેત્ર અને મૂડીવાદના સમર્થકો સાથે મળીને અટકાવશે તેવી ભીતિ પણ વ્યક્ત થઈ છે. નક્કર કાનૂની જવાબદારીની ગેરહાજરીમાં અસરગ્રસ્ત સમુદાયો આ ચુકાદાથી પોતાના દેશની સરકારો સામે મોરચો માંડી શકશે તેટલું તો નક્કી જ છે.

૨૦૧૫ની પેરિસ સમજૂતી અંતર્ગત દરેક દેશ માટે પોતાના પૂરતાં Climate Mitigation માટેના વાર્ષિક લક્ષ્યાંકો નક્કી કરવા એટલું જ પૂરતું નથી. તે આયોજનોની સફળતા-નિષ્ફળતાઓની સમીક્ષા કરવાથી જળવાયુ પરિવર્તન અટકી જવાનું નથી કે હાનિગ્રસ્ત સમુદાયોને ન્યાય મળવાનો નથી. અમેરિકાના પ્રમુખ પદે ટ્રમ્પના આગમન સાથે જ પેરિસ એગ્રીમેન્ટ હેઠળના ઉત્તરદાયિત્વમાંથી અમેરિકા મુક્ત થયું છે. તો પાકિસ્તાનને ખનીજ તેલના ભંડારોને શોધી – તેને ઉત્પાદનમાં મદદ કરવા તૈયાર ટ્રમ્પને હમણાં જ સૌએ સાંભળ્યા છે. બલૂચિસ્તાનનાં પ્રાકૃતિક સંસાધનોના દોહનનો અધિકાર અમેરિકા તો શું પાકિતાનને પણ નથી, તેવી એક અગ્રણી બલોચ નેતાની ચીમકી તાજી જ છે. તે સમાચારો વચ્ચે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસનો આ ચુકાદો આવતા દિવસોમાં 'ક્લાઈમેટ જૂરિસપ્રુડન્સ'નું મહત્ત્વનું પ્રકરણ બની રહેશે, એ નક્કી.

– દીપક જોષી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો?
# સોક્રેટિક સંવાદઃ અર્થપૂર્ણ સેમિનારની ચાવી-૨

*(સેમિનાર પદ્ધતિ ઉપરની બે લેખોની આ લેખમાળાના પહેલા લેખમાં ચર્ચા કરવામાં આવી હતી કે વિશ્વની સર્વોત્તમ ગણાતી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થી-કેન્દ્રિત આ પદ્ધતિનો વ્યાપક ઉપયોગ થાય છે. આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ કોઈ એક વિષય પર ઊંડાણપૂર્વકની ચર્ચામાં જોડાય છે. પરંપરાગત વ્યાખ્યાનોથી વિપરીત, સેમિનાર પદ્ધતિ શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી પર ભાર મૂકે છે, જેમાં મુખ્યત્વે નિષ્ણાત શિક્ષકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ, તર્કબદ્ધ, અને વિવેચનાત્મક વિચાર-વિમર્શમાં ભાગ લે છે.*

*ભારતીય ઉચ્ચ શિક્ષણમાં જેનો વ્યાપક ઉપયોગ થાય છે તે વ્યાખ્યાન પદ્ધતિ નિષ્ક્રિય શિક્ષણને પ્રોત્સાહન આપે છે. તે વિદ્યાર્થીઓની સંલગ્નતાને મર્યાદિત કરે છે તથા ઊંડી સમજણ અને વિવેચનાત્મક વિચારસરણીના વિકાસને પણ અવરોધે છે. જ્યારે પૂછપરછ પર આધારિત સેમિનાર પદ્ધતિનો વ્યાપક ઉપયોગ શિક્ષણને વધુ રસપ્રદ, અર્થપૂર્ણ, અને સંશોધનલક્ષી બનાવવા ઉપરાંત એક સાર્થક લોકશાહી માટે અનિવાર્ય એવા ચિંતનશીલ નાગરિકને તૈયાર કરી શકે છે. તેથી ૨૧મી સદીના ભારતમાં સંશોધનલક્ષી અને સર્જનાત્મક વિદ્યાર્થીઓને પેદા કરી શકે તેવી સેમિનાર પદ્ધતિને હવે યુનિવર્સિટી શિક્ષણમાં પ્રાધાન્ય મળે તે જરૂરી છે.*

*આ લેખમાળાના પહેલા લેખમાં નોંધવામાં આવ્યું હતું કે સેમિનાર પદ્ધતિનાં મૂળ સોક્રેટિસની સંવાદ પદ્ધતિમાં રહેલાં છે. આ પદ્ધતિ દ્વારા સોક્રેટિસ મહદંશે અભિપ્રાય અથવા માન્યતા (doxa) અને સાચા જ્ઞાન (episteme) વચ્ચેનો તફાવત સમજાવવાનો પ્રયત્ન કરતા હોય છે. તેઓ પોતાની સાથે સંવાદમાં જોડાયેલ વ્યક્તિઓના વિચારોમાં કે મંતવ્યોમાં દેખાતી ભૂલો શોધીને સ્થાયી સત્યોને ઉજાગર કરવાનો પ્રયત્ન કરે છે. સોક્રેટિસના સંવાદોનો મુખ્ય હેતુ વિવેચનાત્મક પૂછપરછ દ્વારા તર્કસંગત સમજણ તથા સાચા જ્ઞાન (સત્ય)ની ખોજને સતત ચાલુ રાખવાનો હોય છે. સાચી સમજણ કેળવવા માટેની આ અવિરત શોધ સોક્રેટિસની ફિલસૂફીનું અને તેમના સંવાદોનું કેન્દ્રબિંદુ છે.)*

ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં સેમિનાર પદ્ધતિનો વ્યાપક ઉપયોગ થાય તેવી હિમાયત કરતી લેખમાળાના આ બીજા લેખમાં પ્લેટોએ લખેલ સોક્રેટિસના મૂળ સંવાદોમાંથી ઉદાહરણો લઈને સોક્રેટિસની સંવાદ પદ્ધતિનું રહસ્યોદ્‌ઘાટન (decode) કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

### સોક્રેટિસની સંવાદ પદ્ધતિ

સોક્રેટિસની સંવાદ પદ્ધતિ પ્રશ્નોત્તરીના માધ્યમથી સત્યની શોધ, વિવેચનાત્મક વિચારસરણી, અને નૈતિક જાંચ-પડતાલને ઉત્તેજન આપે છે.[૧] સોફિસ્ટોની માફક ઉપદેશાત્મક પ્રવચન આપવાને બદલે, સોક્રેટિસ પૂછપરછ-આધારિત અભિગમને અપનાવે છે. સોક્રેટિસ આવી પદ્ધતિ થકી લોકોને સતત પ્રશ્નો પૂછી પૂછીને સત્ય શોધવા માટે પ્રોત્સાહિત કરે છે. આ માટે સોક્રેટિસ પોતાની સાથે સંવાદમાં સંકળાયેલ લોકોના વિચારોમાં દેખાતા વિરોધાભાસને ઉજાગર કરે છે. તેમની માન્યતાઓ અને ધારણાઓ પર તે સવાલ ઉઠાવે છે. અને તેમ કરીને તેમને વધુ વિવેચનાત્મક કે તર્કબદ્ધ પરિપ્રેક્ષ્ય અપનાવવા પ્રેરિત કરે છે. આમ, સોક્રેટિસ પોતાના વાર્તાલાપકારો (interlocuters)ના વિશ્લેષણાત્મક કૌશલ્યને તીક્ષ્ણ બનાવીને તેમનામાં જ્ઞાન અને નીતિશાસ્ત્રની જટિલતાઓ પ્રતિ જાગૃતિ આણે છે, જેથી તેમની સમજણનો વિકાસ થાય. સોક્રેટિસની સંવાદ પદ્ધતિ વ્યક્તિગત વિકાસ અને સામાજિક પ્રગતિ બંને માટે જરૂરી બૌદ્ધિક સતર્કતા અને વિવેચનાત્મક વિચારસરણી જેવા ગુણોને વિકસાવવા ઉપરાંત બૌદ્ધિક નમ્રતાને પણ પ્રોત્સાહિત કરે છે. સોક્રેટિસ સંવાદોમાં સામેલ થનારાઓને નિખાલસતાથી સ્વતંત્ર રીતે વિચારવાની અને ખુલ્લા મનથી તાર્કિક રીતે સંવાદ કરવાની તાલીમ મળે છે. આ બધાં કારણોસર, આવા સંવાદોનું શૈક્ષણિક મૂલ્ય ઘણું છે. વિચારોની નિષ્ક્રિય સ્વીકૃતિને બદલે સાવધાનીપૂર્વક વિવિધ પરિપ્રેક્ષ્યોને ધ્યાને લઈને થતા સમીક્ષાત્મક સંવાદ લોકોને તેમની પોતાની માન્યતાઓ અને ધારણાઓ તપાસવા માટે પ્રોત્સાહિત કરે છે.

સોક્રેટિસની સંવાદ પદ્ધતિનું મુખ્ય લક્ષણ છે તેમની ઊલટતપાસની પદ્ધતિ. તેને ગ્રીક ભાષામાં ઈલેન્કસ (elenchus) કહેવામાં આવે છે. સોક્રેટિસ ચર્ચાતા મુદ્દા અંગે તેમની સાથે ચર્ચામાં ભાગ લેતી વ્યક્તિની સમજણને વધુ ઊંડી બનાવવા માટે ઊલટતપાસ એટલે કે ઈલેન્કસનો ઉપયોગ કરે છે. પ્રશ્નો પૂછી પૂછીને કરાતી આવી ઊલટતપાસ થકી સોક્રેટિસ તેમની સાથે સંવાદમાં જોડાયેલ, અને પોતાની જાણકારી પ્રતિ અતિ આત્મવિશ્વાસ ધરાવતી, વ્યક્તિને તેના વિચારોનું કડક પરીક્ષણ કરવા પ્રેરે છે. જેથી તે વ્યક્તિ પોતાની દલીલોમાં રહેલી વિસંગતતાઓ પ્રતિ સભાન થાય છે. અને ચર્ચાના અંતે એક બૌદ્ધિક ગતિરોધ કે મૂંઝવણ-ભરી પરિસ્થિતિ ઊભી થાય છે જેને ગ્રીક ભાષામાં એપોરિયા (aporia) કહેવામાં આવે છે. આવી મૂંઝવણ ચર્ચામાં ભાગ લેતી વ્યક્તિ ઉપરાંત ક્યારેક સોક્રેટિસ પોતે પણ અનુભવે છે.

ડોનાલ્ડ મોરિસન (Donald Morrison) જણાવે છે તેમ ઈલેન્કસ ફક્ત એક બૌદ્ધિક કસરત નથી, પરંતુ તે એક નૈતિક પ્રયાસ છે. તેમના મત પ્રમાણે ઈલેન્કસ દ્વારા વ્યક્તિની નૈતિક માન્યતાઓમાં રહેલ વિરોધાભાસોને ઉજાગર કરીને, સોક્રેટિસ માત્ર બૌદ્ધિક સ્પષ્ટતાને જ તીક્ષ્ણ નથી બનાવતા પણ નૈતિક ઈમાનદારી પણ કેળવે છે; જ્ઞાન અને સદ્‌ગુણ વચ્ચેના આંતરિક જોડાણને મજબૂત બનાવે છે.[૨] અને ગ્રેગરી વ્લાસ્ટોસ (GregoryVlastos) દલીલ કરે છે કે સોક્રેટિસની ઊલટતપાસ એ વાર્તાલાપ કરનારના મૂળભૂત સિદ્ધાંતો (જે વિષે તે પોતે સંપૂર્ણપણે સ્પષ્ટ નથી) પ્રત્યેના ગર્ભિત લગાવને ઉજાગર કરવાનું એક સાધન છે.[૩] તથા કરેન એ. મોઝર અને જવારિયા ખાન તેના શૈક્ષણિક મહત્ત્વ પર ભાર મૂકતાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જણાવે છે કે, આવી ઊલટતપાસથી વિવેચનાત્મક વિચારસરણી અને સ્વ-શિક્ષણને પ્રોત્સાહન મળે છે.[૪] આમ, સોક્રેટિક પદ્ધતિ માત્ર ખામીયુક્ત તર્કને દૂર કરવા માટેના સાધન તરીકે જ નહીં પરંતુ બૌદ્ધિક અને નૈતિક વિકાસ માટે પણ ઉપયોગી છે.

સોક્રેટિસની ઊલટતપાસની પદ્ધતિની જટિલતાઓને ઉજાગર કરવા વાસ્તે તેમની પદ્ધતિમાં પ્રયોજિત મુખ્ય વ્યૂહ રચનાઓ સમજવી જરૂરી છે, જે નીચે મુજબ છે :

૧. સંવાદમાં જોડાયેલ વ્યક્તિએ ઉઠાવેલ મુદ્દાનું સ્પષ્ટીકરણ માગવું અને સાર્વત્રિક સિદ્ધાંતો માટે માગ કરવી.

૨. તે વ્યક્તિએ કરેલ વિધાનો કે દલીલો પાછળની ધારણાઓને પડકારવી.

૩. તે વ્યક્તિની ધારણાઓમાં રહેલ વિરોધાભાસને ઉજાગર કરવો.

૪. આવાં વિધાનોનું સમર્થન કરતા તર્ક કે પુરાવાની તપાસ કરવી.

૫. વૈકલ્પિક દૃષ્ટિકોણ રજૂ કરવો.

૬. ચર્ચાતા મુદ્દા અંગે સંવાદમાં જોડાયેલ વ્યક્તિની માન્યતાનાં પરિણામો વિષે વિચારવું.

૭. અને અંતે એક બૌદ્ધિક ગતિરોધ એટલે કે મૂંઝવણ કે દ્વિધા પેદા કરવી.

અહીં આપણે સોક્રેટિસની ઊલટતપાસની આ સમગ્ર વ્યૂહરચનાને સોક્રેટિસના શિષ્ય પ્લેટોએ લખેલ કેટલાક મૂળ સંવાદોમાંથી લીધેલાં ઉદાહરણો થકી વિગતે સમજવાનો પ્રયત્ન કરીશું.

**૧. વિભાવનાનું સ્પષ્ટીકરણ માગવું અને સાર્વત્રિક સિદ્ધાંતો માટે માગ કરવી**

વૈચારિક સ્પષ્ટતા એ સોક્રેટિક સંવાદોનો પાયો છે, જે સંવાદમાં બૌદ્ધિક અને તાર્કિક સુસંગતતાને સુનિશ્ચિત કરે છે. સોક્રેટિસ પોતાની સાથે સંવાદમાં જોડાયેલ વ્યક્તિને સૌ પ્રથમ ચર્ચા હેઠળના મુદ્દા કે સંકલ્પનાની સ્પષ્ટ અને નિશ્ચિત વ્યાખ્યા કરવા આગ્રહ કરે છે. કારણ કે, મૂળ મુદ્દા કે સંકલ્પનાની અસ્પષ્ટતા, વિસંગતતા કે વિરોધાભાસ તરફ દોરી શકે છે. ઉદાહરણ તરીકે, સોક્રેટિસ તેમના સંવાદોમાં ઘણી વાર ન્યાય, સત્ય, શૌર્ય, કે સદ્‌ગુણ જેવા ખ્યાલોને સુસ્પષ્ટ કરવાનો આગ્રહ રાખીને તેવી સંકલ્પનાઓ અંગે થતી સંભાવિત ગેરસમજોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જેથી એક સાર્થક અને ફળદાયી ચર્ચા માટે ભૂમિકા તૈયાર થાય છે. ઉદાહરણ તરીકે, જો કોઈ દાવો કરે છે કે ન્યાય મહત્ત્વપૂર્ણ છે, તો સોક્રેટિસ તેને પૂછશે : ન્યાય એટલે શું? (અર્થાત્ ન્યાય અંગે તમારો ચોક્કસ ખ્યાલ શું છે?) શું તે ન્યાયીપણું છે કે પ્રતિશોધ છે કે કંઈક બીજું છે? વિચારોની સ્પષ્ટતા અંગેનો સોક્રેટિસનો આવો આગ્રહ સામેવાળાના વિચારોમાં છુપાયેલી વિસંગતતાઓ અને ધારણાઓને પણ ઉજાગર કરે છે.

વધુમાં, વિચારો કે સંકલ્પનાઓની સ્પષ્ટ વ્યાખ્યા કરતી વખતે સોક્રેટિસ સર્વ સ્થળે અને સર્વ કાળે લાગુ પડે તેવી સાર્વત્રિક વ્યાખ્યાઓનો આગ્રહ રાખે છે. આમ કરીને સોક્રેટિસ ખાતરી કરે છે કે દાર્શનિક તપાસ વ્યક્તિગત અભિપ્રાયથી આગળ વધે અને વધુ અર્થપૂર્ણ બને. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ દલીલ કરે કે કોઈની ધાર્મિક આસ્થાના રક્ષણ માટે થયેલી હિંસા વાજબી છે, તો સોક્રેટિસ તેને કહેશે કે : જો દરેક ધર્મ આ સિદ્ધાંતને સ્વીકારે, તો શું વિશ્વ વધુ શાંતિપૂર્ણ હશે કે આવી હિંસક અથડામણોથી વધુ અંધાધૂંધીભર્યું બનશે? આમ તે સામી વ્યક્તિને વિચાર કરવા બાધ્ય કરે છે કે શું તેમની માન્યતાઓનું સામાન્યીકરણ કરવામાં આવે તો તેની માન્યતા વાજબી કહેવાશે કે નહીં.

આવી વૈચારિક સ્પષ્ટતા અનેક રીતે ઉપયોગી છે : તે સંકલ્પનાઓની વ્યાખ્યાઓ પાછળ છુપાયેલી ધારણાઓને છતી કરે છે, તાર્કિક દલીલને મજબૂત બનાવે છે અને ચર્ચામાં દાર્શનિક ઊંડાણ લાવે છે. વિચારોની ચોકસાઈ અને સાર્વત્રિકતાનો આગ્રહ રાખીને સોક્રેટિસ સંવાદને એક ઊંચા સ્તરે લઈ જાય છે, અને તેની સાથે સંકળાયેલ વાર્તાલાપકારોને સત્યની સાચી શોધ તરફ જવા માર્ગદર્શન આપે છે.

સોક્રેટિક પદ્ધતિના આ પાસાનું એક ઉદાહરણ આપણને પ્લેટોના 'મેનો' (Meno) નામના સંવાદમાં જોવા મળે છે, જેમાં સોક્રેટિસ સદ્‌ગુણના મૂળ સ્વરૂપ અંગે ચર્ચા કરે છે. આ સંવાદમાં મેનો વિશ્વાસપૂર્વક દાવો કરે છે કે સદ્‌ગુણ સમાજમાં વ્યક્તિની ભૂમિકા પર આધાર રાખે છે, અને જો ભૂમિકા બદલાય તો તેની વ્યાખ્યા પણ બદલાય છે. તેના મત પ્રમાણે પુરુષો માટે કોઈ એક સદ્‌ગુણ ગણાય તો સ્ત્રીઓ માટે બીજો કોઈ સદ્‌ગુણ હોઈ શકે છે. પણ, સોક્રેટિસ તેને બધા સદ્‌ગુણને સમાવી લેતી કોઈ એક ચોક્કસ અને સાર્વત્રિક વ્યાખ્યા આપવા જણાવે છે. અને તે માટે તે મધમાખીઓનું ઉદાહરણ આપે છે. તે જણાવે છે કે જુદી જુદી મધમાખીઓ તેમના રંગ રૂપમાં અલગ હોઈ શકે છે, પણ બધી મધમાખીઓ ફૂલોમાંથી મધ ચૂસવાનો એક સામાન્ય સ્વભાવ ધરાવે છે જે તેમને મધમાખી બનાવે છે. તેવી જ રીતે, તે મેનોને તેના મૂળભૂત સિદ્ધાંતને ઉજાગર કરીને સદ્‌ગુણને વ્યાખ્યાયિત કરવા વિનંતી કરે છે.

નીચે આપેલ પ્લેટોના 'મેનો' (Meno) નામના મૂળ સંવાદના અંશનો સંક્ષિપ્ત ભાવાનુવાદ આ મુદ્દાને સ્પષ્ટ કરે છે[૫] :

મેનો : સોક્રેટિસ, તમે મને કહેશો કે સદ્‌ગુણ શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે કે વ્યવહાર દ્વારા? જો શિક્ષણ દ્વારા કે વ્યવહાર દ્વારા ન હોય, તો શું તે માણસમાં સ્વાભાવિક રીતે જ છે, અથવા કોઈ અન્ય રીતે?

સોક્રેટિસ : મેનો, હું તેનો જવાબ આપું તે પહેલાં, મારે પહેલાં એ જાણવું જોઈએ કે સદ્‌ગુણ શું છે. કારણ કે જો મને ખબર ન હોય કે સદ્‌ગુણ શું છે, તો હું કેવી રીતે જાણી શકું કે તે શીખવી શકાય કે નહીં?

મેનો : સોક્રેટિસ, સદ્‌ગુણ શું છે તે કહેવામાં કોઈ મુશ્કેલી નથી. પુરુષનો સદ્‌ગુણ એ છે કે તે જાહેર બાબતોનું સારી રીતે સંચાલન કરે, અને તેના દ્વારા તેના મિત્રોને મદદ કરે અને તેના દુશ્મનોને નુકસાન પહોંચાડે. જ્યારે સ્ત્રીનો સદ્‌ગુણ એ છે કે તે ઘરનું સંચાલન કરે અને તેના પતિની ઇચ્છાનું પાલન કરે. બાળકનો સદ્‌ગુણ અલગ હોય છે, અને વૃદ્ધ માણસનો પણ. ટૂંકમાં, દરેક કાર્ય અને દરેક યુગ માટે એક સદ્‌ગુણ હોય છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : મેનો, હું સદ્‌ગુણની એક જ વ્યાખ્યા શોધી રહ્યો છું જે બધા કિસ્સાઓમાં લાગુ પડે. ધારો કે કોઈ તમને પૂછે કે મધમાખી શું છે, અને તમે જવાબ આપો કે મધમાખીઓ ઘણા પ્રકારની હોય છે - શું તે પૂરતો જવાબ હશે?

મેનો : ના, તે જવાબ બરાબર ન કહેવાય.

સોક્રેટિસ : સરસ. તો મને કહો, તે ક્યો ગુણ છે જે બધા સદ્‌ગુણોમાં સમાન છે, જે તેને સદ્‌ગુણ બનાવે છે?

સંવાદનો આ અંશ સોક્રેટિસ દ્વારા કોઈ પણ સંકલ્પનાની સ્પષ્ટ અને સાર્વત્રિક વ્યાખ્યા મેળવવાનો એક ઉત્તમ દાખલો છે.

## ૨. ધારણાઓ પર પ્રશ્ન ઉઠાવવો

સોક્રેટિસ તેમના વાર્તાલાપકારોને ચર્ચા હેઠળની સંકલ્પનાની સ્પષ્ટ અને સાર્વત્રિક વ્યાખ્યા આપવાનો આગ્રહ કરવા ઉપરાંત તેઓ તેમના વાર્તાલાપકારો જે દાવાઓ કરે છે તે દાવાઓ પાછળની ધારણાઓની તપાસ કરવા માટે પણ પ્રશ્નો પૂછે છે. સંવાદમાં જોડાયેલી વ્યક્તિએ કરેલ દાવાઓ પાછળની પૂર્વધારણાઓની આવી જટિલ પૂછપરછ સોક્રેટિસના સંવાદોનું એક મહત્ત્વપૂર્ણ લક્ષણ છે. કારણ કે, તે વ્યક્તિના તર્ક પાછળની પ્રચ્છન્ન માન્યતાઓને ઉજાગર કરે છે. આમ કરીને સોક્રેટિસ આવા દાવાઓ પાછળ છુપાયેલી સંભવિત તાર્કિક અસંગતતાઓ અથવા વિરોધાભાસો બહાર લાવે છે. જો એમ ન કરવામાં આવે તો આવી તાર્કિક અસંગતતાઓ અથવા વિરોધાભાસો કદાચ ધ્યાન બહાર રહી શકે અને સંવાદને નિરર્થક બનાવી શકે છે.

સોક્રેટિસ આ યુક્તિનો ઉપયોગ તેના વર્તાલાપકારોને ફક્ત પડકારવા માટે જ નહીં પરંતુ તેમની બૌદ્ધિક ચોકસાઈ કેળવવા અને તેમની સમજણને સુધારીને સત્યની નજીક જવા મદદ કરવા માટે કરે છે. આ પ્રક્રિયા દ્વારા, સોક્રેટિસ ખાતરી કરે છે કે દાર્શનિક પૂછપરછ ઉપલક કે સપાટી-સ્તરથી આગળ વધીને બૌદ્ધિક રીતે ઊંડી અને અર્થપૂર્ણ બને. આ રીતે તે સંવાદમાં જોડાયેલ વ્યક્તિને પોતાના વિચારોનું વિવેચનાત્મક સ્વ-પરીક્ષણ કરીને બૌદ્ધિક વિકાસ કરવા વાસ્તે પ્રોત્સાહન આપે છે; તેની તર્કસંગતતા માટેની ક્ષમતાને મજબૂત બનાવે છે.

સોક્રેટિસ દ્વારા ચર્ચા હેઠળની ધારણાઓ પર પ્રશ્ન ઉઠાવવાનું એક ઉત્તમ ઉદાહરણ આપણને પ્લેટોના નીચે આપેલ બીજા એક સંવાદ લેકીઝ (Laches)માંથી મળે છે.[૬] આ સંવાદમાં સોક્રેટિસ એથેનિયન સેનાપતિ લેકીઝ સાથે હિંમત (courage)ના મતલબ વિષે ચર્ચા કરે છે. શરૂઆતમાં લેકીઝ હિંમત એટલે યુદ્ધમાં અડગ રહેવું એવી વ્યાખ્યા કરે છે. પરંતુ સોક્રેટિસ લેકીઝની વ્યાખ્યા સંકુચિત છે એમ કહીને હિંમતની વધુ સ્પષ્ટ વ્યાખ્યાની જરૂરિયાત પર ભાર મૂકે છે. જ્યારે લેકીઝ તેના જવાબમાં સુધારો કરીને હિંમતને સહનશક્તિ સાથે સરખાવે છે, ત્યારે સોક્રેટિસ આ ધારણાને પણ પડકારે છે. અને જણાવે છે કે સહનશક્તિ હંમેશાં શાણપણભરી અથવા સદ્‌ગુણી હોતી નથી. અહીં જોકે તેઓ અંતિમ વ્યાખ્યા પર પહોંચતા નથી. પણ આવા કાળજીપૂર્વકના સવાલો દ્વારા સોક્રેટિસ હિંમતના ખ્યાલને વિસ્તૃત કરે છે અને લેકીઝને એ સમજાવવા પ્રયત્ન કરે છે કે હિંમતમાં શાણપણ શામેલ છે.

સોક્રેટિસ : લેકીઝ, મને કહો કે તમે હિંમતની શી વ્યાખ્યા કરો છો?

લેકીઝ : સોક્રેટિસ, હિંમત એટલે યુદ્ધમાં અડગ રહેવું અને ક્યારેય ભાગવું નહીં.

સોક્રેટિસ : સરસ જવાબ. પણ મને કહો, શું હિંમત ફક્ત યુદ્ધમાં જ બતાવવામાં આવે છે, કે પછી તે અન્ય પરિસ્થિતિઓમાં પણ જોવા મળી શકે - જેમ કે પીડા, ગરીબી, અથવા બીમારીનો સામનો કરવામાં?

લેકીઝ : હા, મને લાગે છે કે હિંમત આવી ઘટનાઓમાં પણ જોવા મળે છે.

સોક્રેટિસ : તો તમે એમ કહેશો કે ભારે પીડા સહન કરનાર વ્યક્તિ અથવા વિરોધ છતાં ન્યાય માટે ઊભો રહેતો નાગરિક પણ હિંમતવાન છે?

લેકીઝ : બિલકુલ છે.

સોક્રેટિસ : જો હિંમત ફક્ત યુદ્ધમાં અડગ રહેવા કરતાં વધુ હોય, તો તમારી પહેલી વ્યાખ્યા બધા કિસ્સાઓને લાગુ પાડી શકાતી નથી. તો આપણે ફરીથી વ્યાખ્યા બાંધવાનો પ્રયાસ કરીએ?

લેકીઝ : તમારી વાત તો ખરી. કદાચ હિંમત એક પ્રકારની સહનશક્તિ જ છે.

સોક્રેટિસ : હા, પણ શું તમામ સહનશક્તિને આપણે હિંમત કહી શકીએ? ધારો કે જ્યારે પીછેહઠમાં વધુ સમજદારી હોય ત્યારે કોઈ માણસ મૂર્ખતાપૂર્વક લડવાનો આગ્રહ રાખે છે - શું તે હિંમત હશે કે બેદરકારી?

લેકીઝ : બેદરકારી જ વળી.

સોક્રેટિસ : તો પછી હિંમત એ ફક્ત સહનશક્તિ જ નહીં, પણ સમજદાર સહનશક્તિનું એક સ્વરૂપ હોવું જોઈએ.

લેકીઝ : હા, તેમ કહેવું વધારે વાજબી લાગે છે.

'લેકીઝ' નામના સંવાદનો આ અંશ સામાન્ય રીતે સ્વીકારી લેવાતી માન્યતાઓમાં રહેલ ભૂલો દર્શાવતું એક ઉત્તમ ઉદાહરણ છે. જેમ કે, આ સંવાદમાં લેકીઝ ધારે છે કે હિંમત હંમેશાં યુદ્ધમાં અડગ રહેવામાં અને શારીરિક બહાદુરી બતાવવામાં હોય છે. પરંતુ સોક્રેટિસ બતાવે છે કે હિંમતમાં ધૈર્ય અથવા સહનશક્તિ (જે માંદગીમાં કે અન્યાય સામે લડવામાં બતાવવામાં આવે છે) અને શાણપણ (જેમ કે ક્યારે લડવું અને ક્યારે પીછેહઠ કરવી તે સમજવાની ક્ષમતા) પણ શામેલ હોવાં જોઈએ.

## ૩. વિરોધાભાસોનું પરીક્ષણ

વિરોધાભાસોનું પરીક્ષણ પણ સોક્રેટિસની ઊલટતપાસની એક મુખ્ય વ્યૂહરચના છે. ઊલટતપાસ દ્વારા સોક્રેટિસ પોતાના વાર્તાલાપકારોના દાવાઓ અને તેમની માન્યતાઓ અથવા તર્કમાં રહેલી વિસંગતતાઓને ઉજાગર કરે છે. આ રીતે સોક્રેટિસ સંવાદને વધુ વૈચારિક સ્પષ્ટતા અને તાર્કિક સુસંગતતા તરફ દોરી જાય છે. અને તેમ કરીને સોક્રેટિસ તેમના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વાર્તાલાપકારોને તેમનાં મંતવ્યોનું વિવેચનાત્મક પુનર્મૂલ્યાંકન કરવા બાધ્ય કરે છે. તાર્કિક ચોકસાઈને વધારવા ઉપરાંત, આ પદ્ધતિ બૌદ્ધિક નમ્રતા પણ કેળવે છે. કારણ કે, તેથી વાર્તાલાપકારો તેમની પોતાની સમજણની મર્યાદાઓને ઓળખવા લાગે છે.

વિરોધાભાસોને ઉજાગર કરતું એક સારું ઉદાહરણ પ્લેટોના નીચે આપેલ કાર્મિડીઝ (Charmides) નામના સંવાદના સંક્ષિપ્ત ભાવાનુવાદમાં જોવા મળે છે, જેમાં સોક્રેટિસ અને કાર્મિડીઝ સંયમ (sophrosyne= આત્મ સંયમ/self-control)ના સ્વરૂપની ચર્ચા કરે છે.૭

સોક્રેટિસ : કાર્મિડીઝ, મને કહો સંયમ એટલે શું?

કાર્મિડીઝ : મારું માનવું છે કે સંયમ એક પ્રકારની શાંતિ (quietness) છે. સંયમિત વ્યક્તિ શાંત અને અવિચલિત હોય છે.

સોક્રેટિસ : તમે મજાની વાત કરી. પણ મને કહો તો, સંયમ વ્યક્તિને સારો બનાવે?

કાર્મિડીઝ : હા, કેમ નહીં?

સોક્રેટિસ : અને શું સક્રિય રહેવા કરતાં શાંત રહેવું હંમેશાં સારું છે? જો દરદીની સારવાર કરતો ડૉક્ટર અથવા સૈન્યનું નેતૃત્વ કરતો જનરલ સક્રિય ન રહીને શાંત રહે, તો શું તે સારું કહેવાશે?

કાર્મિડીઝ : ના, ના, એ તો સારું ન કહેવાય.

સોક્રેટિસ : તો પછી સંયમ એટલે શાંતિ એ બરાબર નથી. કારણ કે, ક્યારેક પ્રવૃત્તિ વધુ સારી હોય છે. તો આપણે ફરીથી પ્રયાસ કરીએ?

કાર્મિડીઝ : કદાચ સંયમ એને કહેવાય જ્યારે કોઈ વ્યક્તિ બધું વ્યવસ્થિત (orderly) રીતે કરી રહ્યો હોય.

સોક્રેટિસ : હમ્મ, પણ એવું પણ જોવા મળે છે કે ક્યારેક જ્ઞાની અને મૂર્ખ બંને વ્યવસ્થિત રીતે કામ કરતા હોય. જેમ કે, ચોર કાળજીપૂર્વક ગુનો કરવાની યોજના બનાવે અને એમાં વ્યવસ્થિત રીતે કામ કરે, તો પણ આપણે તેને સંયમિત કહીશું ખરા?

કાર્મિડીઝ (ખચકાતાં) : ના... એવું કહીએ તો એ તો વિચિત્ર કહેવાય.

સોક્રેટિસ : તો પછી જો સંયમ ખરેખર સારો હોય, તો તે શાંતિ અથવા માત્ર વ્યવસ્થા કરતાં કંઈક વધુ હોવો જોઈએ – તેમાં શાણપણનો સમાવેશ થવો જોઈએ.

કાર્મિડીઝ : તમારી વાત તો વાજબી લાગે છે.

આ સંવાદમાં કાર્મિડીઝ શરૂઆતમાં ધારે છે કે આત્મસંયમ એટલે નિશ્ચલતા અથવા શાંતિ (quietness). પરંતુ સોક્રેટિસ બતાવે છે કે કાર્મિડીઝના જવાબમાં વિરોધાભાસ છે. કારણ કે ક્યારેક સત્કાર્યો કરવા માટે સક્રિયતા જરૂરી હોય છે. પછી કાર્મિડીઝ બીજી ધારણા રજૂ કરે છે અને સંયમને વ્યવસ્થિતતા (orderliness) સાથે સરખાવે છે. સોક્રેટિસ તે ધારણા પર પણ પ્રશ્ન ઉઠાવે છે, અને ખુલાસો કરે છે કે ખોટું કામ કરનારાઓ પણ સુવ્યવસ્થિત હોઈ શકે છે. આમ, આ સંવાદમાં, સોક્રેટિસ કાર્મિડીઝની ધારણાઓમાં રહેલ વિરોધાભાસને પ્રકાશિત કરીને સૂચવે છે કે સાચા સંયમમાં શાણપણ શામેલ હોવું જોઈએ.

### ૪. પુરાવા અને તર્કની તપાસ

સોક્રેટિસની સંવાદ પદ્ધતિમાં, પુરાવા અને તર્કની તપાસ એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે કોઈ પણ દાવાના તાર્કિક પાયાનું મૂલ્યાંકન કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. સોક્રેટિસ હમેશાં તેમના વાર્તાલાપકારોને પુરાવા અથવા તર્ક સાથે તેમની દલીલોને સાબિત કરવા કહે છે અને એ નક્કી કરવાનો પ્રયાસ કરે છે કે પુરાવા પ્રસ્તાવિત વ્યાખ્યા સાથે સુસંગત છે કે નહીં. આમ કરીને, સોક્રેટિસ ખાતરી કરે છે કે કોઈ પણ વ્યક્તિએ કરેલ વિધાનો કે દાવાઓ તર્કસંગત અને તથ્યસંગત હોવાં જોઈએ. આમ કરીને સોક્રેટિસ વાર્તાલાપકારોને તેમના જ્ઞાનની મર્યાદાઓ સ્વીકારવાની અને નવા પુરાવાઓના પ્રકાશમાં તેમની માન્યતાઓને સુધારવા માટે મોકળા મને વિચારવાની જરૂર પર ભાર મૂકે છે. પુરાવા-આધારિત દલીલો ફક્ત વિચારોના સ્પષ્ટીકરણમાં જ નહીં પરંતુ જ્ઞાનના વિકાસમાં પણ ફાળો આપે છે, વધુ સચોટ સમજણ માટે માર્ગ મોકળો કરે છે. પુરાવાની આવી માંગ બૌદ્ધિક પ્રામાણિકતા અને નમ્રતાને પણ પ્રોત્સાહન આપે છે. સ્વ-સુધારણા માટે આવું ખુલ્લાપણું આવશ્યક છે.

સોક્રેટિસ દ્વારા તેમના વાર્તાલાપકારોની ધારણાઓના સમર્થનમાં પુરાવા અથવા તર્ક માગવાનું એક રસપ્રદ ઉદાહરણ પ્લેટોના નીચે આપેલ એક સંવાદ પ્રોટાગોરસ (Protagoras)ના અંશના સંક્ષિપ્ત ભાવાનુવાદમાં જોવા મળે છે.[૮] આ સંવાદમાં સોક્રેટિસ સદ્‌ગુણ વિશે સોફિસ્ટ પ્રોટાગોરસનાં મંતવ્યોને પડકારે છે અને પ્રોટાગોરસની સદ્‌ગુણ શીખવી શકાય છે એવી ધારણા પર સવાલ ઉઠાવે છે.

પ્રોટાગોરસ : સદ્‌ગુણ એવી વસ્તુ છે જે શીખવી શકાય છે, અને તે શીખવવા માટે હું અહીં છું.

સોક્રેટિસ : પરંતુ, પ્રોટાગોરસ, તમે કેવી રીતે જાણો છો કે સદ્‌ગુણ ખરેખર શીખવી શકાય છે?

પ્રોટાગોરસ : સોક્રેટિસ, આ તો દેખીતું છે. મેં એવા પુરુષો જોયા છે જે સદ્‌ગુણ શીખ્યા છે અને તેને તેમના જીવનમાં ઉતાર્યા છે. તેનો પુરાવો સમાજમાં તેમની સફળતામાં છે.

સોક્રેટિસ : એ હું સમજ્યો. પરંતુ, તમે કોઈ એવી વ્યક્તિનું ઉદાહરણ આપી શકો જે શિક્ષણ દ્વારા સદ્‌ગુણી બન્યો હોય, અથવા કોઈ એવો પુરાવો આપી શકો જે દર્શાવે કે સદ્‌ગુણ જન્મજાત નથી, પરંતુ શીખવાની વસ્તુ છે?

પ્રોટાગોરસ : સારું, આપણા સમાજમાં આવાં ઘણાં ઉદાહરણો છે. એવા રાજકારણીઓ અને જ્ઞાનીઓનો વિચાર કરો જેઓ નગરોનું સુપેરે સંચાલન કરે છે – એમાં કોઈ શંકા નથી કે તેઓએ આ ગુણો શીખ્યા હશે.

સોક્રેટિસ : પરંતુ, જાહેર જીવનની સફળતા માત્રથી એ સાબિત થાય ખરું કે તેમની સફળતા સદ્‌ગુણના શિક્ષણ પર આધારિત છે? શું એવું ન બની શકે કે તેમની સફળતા અન્ય પરિબળોને કારણે હોય – જેમ કે, સંપત્તિ અથવા સારું નસીબ?

(જુઓ પાન નં. ૧૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશાહી અને જન રાજનીતિની યાત્રા - ૪

(ગતાંકનું ચાલુ...)

● **સંઘર્ષ ૨૦૦૭ : લોક રાજકારણ અને સામાજિક ન્યાય માટે અભિયાન**

શહેરોમાં થયેલી યાત્રાઓ, નંદિગ્રામ, સિંગુર, કલિંગનગર, રાયગઢ, લવાસા તેમજ અન્ય સ્થળોએ સેઝ તેમજ જંગી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ વિરુદ્ધ થઈ રહેલા સંઘર્ષોથી સ્પષ્ટ થયું કે એન.એ.પી.એમ.ના પ્રયત્નોનો વ્યાપ વધારવાની જરૂર છે. જેને માટે ૨૦૦૬ના ડિસેમ્બરમાં ભોપાલ તેમજ પાછળથી સેવાગ્રામમાં વ્યૂહરચના નક્કી કરવા માટેની મિટિંગો થઈ. જેમાંથી સંઘર્ષ/એક્શન ૨૦૦૭ના પ્લેટફોર્મની રચના થઈ. આ પહેલનો હેતુ એક સાતત્યપૂર્વકનું રાષ્ટ્રીયસ્તરનું આંદોલન ઊભું કરવાનો હતો, જે વિકાસને કારણે થનારા વિસ્થાપન તેમજ જનવિરોધી નીતિઓનો વિરોધ કરે.

આ આંદોલન ૧૯મી માર્ચ ૨૦૦૭ના રોજ દિલ્હીમાં અનિયતકાલીન ધરણા સાથે શરૂ થયું. એન.એ.પી.એમ. સાથે ઘણા સમાન હેતુથી ચાલનારાં આંદોલનો પણ જોડાયાં. જેમ કે, નેશનલ ફોરમ ઑફ ફોરેસ્ટ પીપલ એન્ડ ફોરેસ્ટ વર્કર્સ, ભોપાલ ગેસ પીડિત સંગઠન વગેરે. આ પ્લેટફોર્મ હેઠળ દેશ આખાના હજારો અસંગઠિત શ્રમિક, પરંપરાગત કારીગરો, માછીમારો, આદિવાસી, દલિત, ઝૂંપડપટ્ટી વાસીઓ, મહિલાઓ, અલ્પસંખ્યકો સંગઠિત થયા. જેમણે પોતાના જીવન તેમજ રોજી-રોટીના અધિકાર અંગે મજબૂત માંગણી મૂકી. 'જીવન બચાવો, જીવિકા બચાવો, દેશ બચાવો દેશ બનાવો'ના નારા સાથે આ આંદોલન કોર્પોરેટ્સની જમીન હડપ કરવાની દાનત તેમજ સરકારના નફા-કેન્દ્રિત વિકાસ મોડેલ વિરુદ્ધ એક મજબૂત અવાજ બનીને સામે આવ્યું. આ અભિયાને દેશભરના વિવિધ સંદર્ભોને જોડવાનું કામ કર્યું. તેણે લોકશાહીની પરિભાષાને ચૂંટણીઓથી આગળ લઈ જઈને જનસંસદના માધ્યમથી સરકાર વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી. આ એવાં લોકશાહી સ્થળો હતાં જ્યાં ખેડૂત, મજૂર અને હાંસિયા પર મુકાયેલા સમુદાયો વિકાસ, કાયદા ઘડવા તેમજ ન્યાય બાબતે ચર્ચા કરી રહ્યા હતા.

ત્યાર બાદ નંદિગ્રામથી મહારાષ્ટ્રના ગોરાઈ સુધીની એક યાત્રા કાઢવામાં આવી, જે દેશભરમાં ચાલી રહેલા પાયાના સંઘર્ષોમાંથી પસાર થઈ. ૨૦૦૭ના ઑગસ્ટ મહિનામાં દિલ્હીમાં એક જનસમ્મેલન તેમજ દેખાવો યોજાયા, જેમાં આંદોલનોએ એક રાષ્ટ્રીય નીતિ તેમજ કાયદાની માંગણી કરી જેથી જબરદસ્તીથી થતા વિસ્થાપનને રોકી શકાય. પછીનાં વર્ષોમાં સંસદ સત્રો વખતે મોટા સ્તરે રેલીઓ કરી, જેનો હેતુ ૨૦૦૭, ૨૦૦૯ અને ૨૦૧૧ના જમીન સંપાદન તેમજ પુનર્વાસ વિધેયકને પડકારવાનો હતો. એન.એ.પી.એમ.એ અન્ય સંગઠનો સાથે મળીને આ ડ્રાફ્ટની ટીકા કરી, વિપક્ષ, મંત્રાલયો તેમજ સંસદની સ્થાયી સમિતિઓ સાથે સંવાદ કર્યો તેમજ આખા દેશમાં રાજ્યસ્તરે પરામર્શનાં આયોજન કરાયાં.

આ સહિયારા પ્રયાસોના પરિણામે સરકારને ઘણા સેઝ પ્રોજેક્ટ રદ કરવા પડ્યા હતા. એન.એ.પી.એમ. તેમજ સહયોગી આંદોલનોના પ્રયાસથી લવાસા, કારલા, નાગપુર, ઔરંગાબાદ, રાયગઢ, નંદીગ્રામ અને સિંગુર વિસ્તારોમાં મોટા પ્રમાણમાં થઈ રહેલા જમીન સંપાદન સફળતાપૂર્વક રોકી શકાયા હતા. અન્ય ઘણા પ્રસ્તાવિત પ્રકલ્પો જેમાં થર્મલ પાવર પ્લાન્ટ, સ્માર્ટ સીટીઝ, પેટ્રોલિયમ કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન (PCPIR) પણ ઘણાં રાજ્યોમાં રોકી શકાયા. જબરદસ્તીથી જમીન સંપાદન એક મહત્ત્વનો રાજકીય મુદ્દો બન્યો, ખાસ કરીને જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રણ દાયકાથી ચૂંટાતી વામ મોરચાની સરકારને સત્તાથી દૂર કરવામાં આવી. આ વિરોધને જોઈને યુ.પી.એ. સરકારને પણ નિયમગિરી તેમજ અન્ય સ્થાનો પર પોતાનું સ્ટેન્ડ લેવાની ફરજ પડી, જે જમીન અધિકાર તેમજ કોર્પોરેટ પ્રેરિત વિકાસના વિરોધમાં થઈ રહેલ ચર્ચાઓમાં એક મહત્ત્વના વળાંકના સંકેત સમાન હતું.

સાથે સાથે મોટા બંધો સામેના સંઘર્ષોએ પણ દેશભરમાં ગતિ પકડી, જેમાં નર્મદા બચાઓ આંદોલન તેમજ એન.એ.પી.એમ.એ મહત્ત્વની ભૂમિકા નિભાવી.

**એસ ઈ ઝેડ ઉપર જનતાનું ઓડિટ (૨૦૦૯-૧૦) નવઉદારવાદી જમીન હડપ કરનારી નીતિનો પર્દાફાશ**

ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં પણ જમીન સંપાદન અને વિસ્થાપનની વિરુદ્ધ સંઘર્ષ, એ એન.એ.પી.એમ.ના ૨૦૦૮માં યોજાયેલ કુશીનગર (ઉ.પ્ર.)ના રાષ્ટ્રીય અધિવેશન તેમજ અન્ય રાષ્ટ્રીય સ્તરની બેઠકોનો મુખ્ય મુદ્દો બન્યો. સેઝનો અધિનિયમ લાગુ થયાનાં ત્રણ વર્ષમાં જ દેશ આખામાંથી ૬૦૦થી વધુ સેઝને મંજૂરી આપી દેવામાં આવી હતી, જેને માટે દેશના ઘણા વિસ્તારોમાં પરાણે જમીનો લેવાઈ રહી હતી. આ સંપાદન લોકશાહીની સંસ્થાઓને બાજુ પર રાખીને કરાઈ રહ્યું હતું એટલું જ નહીં, પંચાયત જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પણ આ પ્રક્રિયામાંથી સંપૂર્ણપણે બહાર કરી દેવાઈ હતી. પર્યાવરણીય અસરોની પણ કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી, અને વળતર માત્ર જમીનદારો માટે હતું - ભાગે ખેતી કરનારા, ખેતમજૂર અને સીમાંત ખેડૂતોને કશું જ મળતું ન હતું, અલબત્ત તેમની આજીવિકા, ઘર-બાર છીનવાઈ જતાં ખરાં !

આવી નીતિ તેમજ કાર્યવાહીને કારણે પશ્ચિમ બંગાળના સિંગૂર-થી લઈને મહારાષ્ટ્રના રાયગઢ, આંધ્રપ્રદેશનાં અનંતપુર, કર્ણાટકનું મંગલુરુ, ગોવા, ગુજરાત અને તામિલનાડુ સુધી દેશ આખામાં જમીન સંબંધિત સંઘર્ષો ઊભા થઈ ગયા. મહારાષ્ટ્રના રાયગઢમાં સૌથી મોટું આંદોલન ઊભું થયું, અહીં સૌથી વધુ ૨૦૪ સેઝને સ્વીકૃતિ મળી હતી. એન.એ.પી.એમ.ના ઘટક એવા સર્વરાજ્ય જન આંદોલને અન્ય ખેડૂતો તેમજ અન્ય સંગઠનોની સાથે મળીને 'મહામુંબઈ શેતકરી સંઘર્ષ સમિતિ'



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(NMSSS) બનાવી જેણે રીલાયંસના ૩૫,000 એકરમાં ફેલાયેલ ગંજાવર સેઝની વિરુદ્ધ જીત મેળવી.

આ બધી ઘટનાઓ જોતાં, એન.એ.પી.એમ.એ દેશભરનાં વિવિધ સંગઠનો સાથે મળીને એક વ્યાપક પ્રક્રિયાની શરૂઆત કરી. સેઝ પર જનઑડિટ. જુલાઈ ૨૦૦૯માં ટાટા ઇન્સ્ટીટ્યૂટ ઑફ સોશ્યલ સાંઈસેઝ (TISS) મુંબઈમાં થયેલી બેઠકમાં આ અભિયાનની શરૂઆત કરવામાં આવી. ઘણા મહિનાઓ સુધી ક્ષેત્રીય તેમજ રાજ્યસ્તરીય ઑડિટ થયા, અને એપ્રિલ ૨૦૧૦માં એક રાષ્ટ્રીય સંમેલનનું આયોજન થયું, જેમાં સરકારી દાવાઓને પડકારવામાં આવ્યા. આ જન ઓડિટ્સએ સંઘર્ષોને સંગઠિત કર્યા. દેશભરમાં એક વ્યાપક આંદોલનમંચ બન્યું. સમુદાયો વચ્ચે વ્યૂહરચનાત્મક આદાન-પ્રદાન, અનુભવ શેર કરવો તેમજ એક-બીજાને સમર્થન આપવાની પ્રક્રિયાને આગળ વધારી.

## કાયદાની માંગણીથી લઈને તેમની રક્ષા કરવા સુધી : જન-વિધાનોની શક્તિ

૨૦૦૫માં પસાર થયેલો માહિતીના અધિકારનો કાયદો (RTI), આંદોલનો માટે એક મજબૂત સાધન બની ગયું. આ કાયદાને કારણે ઘણા જરૂરી ખુલાસા થઈ શક્યા - જેમ કે ખોટી રીતે કરવામાં આવેલ જમીન સંપાદન, કોર્પોરેટ ગોટાળા અને પુનર્વાસ યોજનાઓની અસફળતા. ઘણા આંદોલનકારીઓએ આનો ઉપયોગ કરીને મોટા મોટા માળખાકીય પ્રોજેક્ટ્સમાં થયેલ આર્થિક ગેરરીતિઓ, નર્મદા ઘાટીમાં પુનર્વાસમાં થયેલ ગરબડ તેમજ મુંબઈના આદર્શ ગોટાળા જેવા કેસ ઉજાગર કર્યા.

બિહાર અને ઉત્તરપ્રદેશમાં એન.એ.પી.એમ. સાથે જોડાયેલા જન જાગરણશક્તિ સંગઠન, કોસી નવનિર્માણ મંચ, મનરેગા મજૂર યુનિયન વગેરે સંગઠનોએ સતત મનરેગામાં ભ્રષ્ટાચાર, ખોટા જોબ કાર્ડ, વેતન આપવામાં વિલંબ તેમજ દલિત-આદિવાસીઓ માટેની યોજનાઓ બાબતે બેદરકારી દાખવવી જેવા મુદ્દાઓ ઉજાગર કર્યા. એન૦એ૦પી૦એમ૦ના સંયોજક તેમજ સાથી સંગઠન આજે પણ રાઈટ ટૂ ફૂડ કેંપેન તેમજ પેંશન પરિષદ જેવા મંચોમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છે.

એ જ પ્રમાણે ૨૦૦૬માં પસાર થયેલ વન અધિકાર કાયદો (FRA) પણ મોટા પ્રોજેક્ટોની સામે લોકોના હાથમાં એક મહત્ત્વનું સાધન બની રહ્યું. ઓરિસ્સામાં પોસ્કો તેમજ વેદાંતા સામેના સંઘર્ષમાં આ કાયદાનો ખૂબ સારો ઉપયોગ થઈ શક્યો. લોકશક્તિ અભિયાન અને એન.એ.પી.એમ. ઓરિસ્સાએ માત્ર આંદોલન જ ઊભું કર્યું તેમ નહીં, પરંતુ ગ્રામસભાઓને અધિકાર અપાવવા માટે સતત દબાણ બનાવી રાખ્યું જેથી જંગલની જમીન પર કોઈ પણ પ્રોજેક્ટ લાવતા પહેલાં તેમની મંજૂરી અનિવાર્ય બને. FRA તો પસાર થઈ ગયો હતો પરંતુ સરકારો આ કાયદાને નબળો પાડવા સતત પ્રયત્નો કર્યા કરે છે. તેથી જ એન.એ.પી.એમ.એ PESA અને FRA ના અસરકારક અમલીકરણને જમીન સંપાદન કાયદો ૧૮૯૪ને રદ કરવાના પોતાના અભિયાનની મુખ્ય માંગણીઓમાં સમાવેશ કર્યો.

૨૦૧૩માં પસાર થયેલ જમીન સંપાદન, પુનર્વસન તેમજ પુનઃસ્થાપન કાયદા (LARR Act)માં જમીનમાલિકોની સંમતિ, સાચું વળતર તેમજ પુનર્વસનની અનિવાર્યતા જેવી બાબતો ઉમેરવામાં આવી. આ કાયદાના માધ્યમથી ઘણા મોટા પ્રોજેક્ટસ રોકી શકાયા. ૨૦૧૪માં જ્યારે નવી સરકાર બન્યા પછી આ કાયદાને નબળો બનાવવાનો પ્રયત્ન થયો ત્યારે એન૦એ૦પી૦એમ૦એ ઑલ ઇન્ડિયા કિસાન સભા, અખિલ ભારતીય કૃષી ખેત મજૂર સંઘ, અખિલ ભારતીય કિસાન મહાસભા, ઑલ ઇંડિયા યુનિયન ઑફ ફોરેસ્ટ વર્કિંગ પીપલ સહિત વિવિધ સંગઠનો સાથે મળીને ભૂમિ અધિકાર આંદોલનના ભાગ બનીને મજબૂત વિરોધ કર્યો. આ સામૂહિક સંઘર્ષને પરિણામે સરકારે ૨૦૧૩ના 'ભૂમિ કાનૂન'માં ફેરફારની યોજના છોડવી પડી, જે એ તત્કાલીન સરકાર માટે પહેલો મોટો રાજનૈતિક ધક્કો હતો.

## જનસંસદ (૨૦૧૦-૨૦૧૨) : જનતાના લોકશાહી અધિકારોનું નવું મૉડેલ

૨૦૦૯ની ચૂંટણી પછી યુ.પી.એ. ફરી સત્તામાં આવ્યું પરંતુ આ વખતે ડાબેરી પક્ષોનું સમર્થન સરકારને ન હતું. પરિણામે સરકારની નીતિઓએ ધીમે ધીમે દક્ષિણપંથી વળાંક લીધો. જમીન અંગેના સંઘર્ષ, કોર્પોરેટ હિતોને વધુ મહત્ત્વ તેમજ આર.ટી.આઈ. જેવા કાયદાઓને નબળા પાડવાનો પ્રયત્ન વગેરેને કારણે રાષ્ટ્રીય સલાહકાર પરિષદ (NAC)માંથી અરુણા રૉય તેમજ જ્યાઁ ડ્રેઝએ રાજીનામું આપવું પડ્યું. ત્યારબાદ સરકાર પર જુદા જુદા ભ્રષ્ટાચારના આરોપ આવ્યા. અને રાષ્ટ્રીય સ્તર પર 'ઇન્ડિયા અગેન્સ્ટ કરપ્શન' નામનું ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન શરૂ થયું. ઘણા નેતાઓ તેમજ કર્મશીલો તેમાં જોડાયા. એન૦એ૦પી૦એમ૦એ શરૂઆતમાં તો થોડા સંકોચ સાથે પ્રતિભાવ આપ્યો, પરંતુ જ્યારે આ આંદોલને રાષ્ટ્રવ્યાપી સ્વરૂપ પકડ્યું ત્યારે તેણે એને સમર્થન કર્યું જેથી વૈકલ્પિપ રાજકારણનો કોઈ નક્કર રસ્તો નીકળી શકે.

આ જ ઊર્જા સાથે એન.એ.પી.એમ. તેમજ તેના સાથીઓએ જનસંસદની શરૂઆત કરી, જે પારંપરિક ચૂંટણીના રાજકારણથી આગળ જઈને લોક-ભાગીદારીના લોકશાહીપૂર્ણ માળખાને મજબૂત કરવાનો પ્રયત્ન હતો. ૨૦૧૦માં આઝાદી બચાઓ આંદોલન દ્વારા અલ્હાબાદમાં આયોજિત બેઠક પછી આ પ્રક્રિયા આગળ વધી તેમજ અલ્મોડા, ચંદ્રપુર, મુંબઈ, નેલ્લોર (આં.પ્ર.) સહિત વિવિધ સ્થળોએ જનસંસદનાં આયોજનો થયાં. અંતમાં માર્ચ ૨૦૧૨માં દિલ્હીમાં એક રાષ્ટ્રીય જનસંસદનું આયોજન થયું. જેમાં દેશભરમાંથી ખેડૂત, મજૂર, આદિવાસી, દલિત તેમજ માછીમાર સમુદાયોએ ભાગ લીધો. આ સમગ્ર પ્રક્રિયા એક રીતે જનતાની સીધી ભાગીદારી દ્વારા લોકશાહીની પુનર્રચનાની દિશામાં એક નક્કર કદમ હતું. આગળ જઈને કિસાન આંદોલન (૨૦૨૦-૨૧) દરમ્યાન કિસાન સંસદ તેમજ પેંશન પરિષદ જેવા પ્રયત્નોએ પણ આ વિચારને આગળ વધાર્યો કે ખરી માલિક જનતા છે, અને નીતિઓ પણ લોકોની ભાગીદારીથી જ બનવી જોઈએ.

(ક્રમશઃ)

**– મધુરેશ કુમાર**


YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'ધર્મ-નિરપેક્ષ' શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય ?

**એ** સુવિદિત છે કે ઇંદિરા ગાંધી શાસન દરમ્યાન કટોકટી કાળમાં બંધારણ આમુખમાં 'સમાજવાદ', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડિતતા' શબ્દો ૧૯૭૬માં ૪૨મા બંધારણીય સુધારાથી ઉમેરાયા હતા. લોકસભામાં ૪૨મા સુધારાની ચર્ચા દરમ્યાન ઇંદિરાએ કહ્યું, ''બંધારણના ઘડવૈયાઓ ભારતીય સમાજને ધર્મનિરપેક્ષ (Secular) અને સમાજવાદી બનાવવાનો ઇરાદો ધરાવતા હતા. આપણે માત્ર બંધારણમાં તેનો સમાવેશ કરી રહ્યા છીએ. કારણ કે આ શબ્દો બંધારણમાં હોવા જોઈતા હતા.'' 'અખંડિતતા' શબ્દ આમુખમાં એટલા માટે ઉમેરાયો કે કટોકટી લાદવા પાછળનો તર્ક સમજાવતાં ઇંદિરાજીએ કહેલ કે કેટલાંક વિઘાતક તત્ત્વો દેશની એકતા ખતમ કરી વિભાજન કરવા તાકાત લગાવી રહ્યાં છે.

તાજેતરમાં દેશના ઉપરાષ્ટ્રપતિ બંધારણમાંથી ઉપર્યુક્ત શબ્દો દૂર કરવાની ઝુંબેશમાં સૌ પ્રથમ જોડાયા છે. તેમણે ગત ૨૮ જૂનના રોજ જણાવેલ છે કે આ શબ્દો અલ્સર સમાન છે અને તેનાથી સનાતન ધર્મની ભાવનાનો ભંગ થાય છે, ત્યારબાદ કેન્દ્રિય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ, આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા તેમ જ આર.એસ.એસ.ના ગૃહમંત્રી દત્તાત્રેયે ઉપરાષ્ટ્રપતિને સમર્થન આપેલ છે.

બંધારણ-અમલના શરૂઆતના તબક્કામાં આમુખને ન્યાયતંત્ર બંધારણનો ભાગ ગણવા તૈયાર ન હતું. આમ છતાં ન્યાયતંત્રે આમુખનું મહત્ત્વ જરાપણ ઓછું આંકેલ નથી. પરંતુ બેરૂબારી યુનિયન કેસ (૧૯૬૦)માં ઠરાવેલ છે કે આમુખ બંધારણ ઘડવૈયાઓનું માનસ સમજવાની ચાવી છે. ૧૯૭૬ સુધી બંધારણ આમુખમાં 'ધર્મ નિરપેક્ષ' શબ્દની ગેરહાજરી છતાં, ધર્મનિરપેક્ષતાનો ખ્યાલ બંધારણની જુદી જુદી જોગવાઈઓ અંતર્ગત રહેલો છે. દા.ત. અનુચ્છેદ ૧૪ હેઠળ દેશની દરેક વ્યક્તિને, કોઈ પણ જાતના ભેદભાવ વગર, 'કાયદાના સમાન રક્ષણ' અને 'કાયદા સમક્ષ સમાનતા'ની ખાતરી અપાયેલ છે. તે જ રીતે અનુચ્છેદ ૧૫ હેઠળ ભારતના દરેક નાગરિકને ધર્મ, જાતિ, જ્ઞાતિ કે જન્મસ્થળના ભેદભાવ વગર જાહેર સ્થળોએ પ્રવેશનો અધિકાર અપાયો છે. અનુચ્છેદ ૧૬ હેઠળ દરેક નાગરિકને, ધર્મ, જાતિ, જ્ઞાતિ કે જન્મસ્થળના ભેદભાવ વગર જાહેર રોજગારી (Public employment)માં સમાન તકની બાંહેધરી અપાયેલ છે. વળી ધર્મ-નિરપેક્ષ રાજ્યનું એક લક્ષણ એ છે કે રાજ્યમાં દરેક વ્યક્તિને ધર્મ-સ્વાતંત્ર્યનો અધિકાર પ્રદાન કરવામાં આવે છે. આ લક્ષણને અનુરૂપ ભારતીય બંધારણ અનુચ્છેદ ૨૫ હેઠળ દરેક વ્યક્તિને, જાહેર વ્યવસ્થા, આરોગ્ય, નીતિમત્તા અને બંધારણની જોગવાઈઓને આધીન, પોતાની પસંદગીના ધર્મને પાળવા અને તેના પ્રસાર-પ્રચારનું સ્વાતંત્ર્ય અપાયેલ છે. અનુચ્છેદ ૨૫ હેઠળ કોઈ પણ ધર્મ ન પાળવાના (નાસ્તિક રહેવાના) સ્વાતંત્ર્યનો પણ સમાવેશ થાય છે.

આમ બંધારણના આમુખમાં ૧૯૭૬માં 'ધર્મનિરપેક્ષ' શબ્દ ઉમેરાયા પૂર્વે જ આપણો દેશ ધર્મનિરપેક્ષ બનેલ છે અને હાલે પણ ભારત ધર્મનિરપેક્ષ દેશ છે તેમાં કોઈ શંકા નથી. આમુખમાં 'ધર્મનિરપેક્ષ' શબ્દ ઉમેરાયા અગાઉ જ સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભારતી કેસ (૧૯૭૩)માં ઠરાવેલ છે કે ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિક) બંધારણના મૂળભૂત માળખા (Basic Structure)નો ભાગ છે. ત્યારબાદ મિનરવા મિલ્સ લિ. કેસ (૧૯૮૦)માં પણ સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ કેસ નિર્ણયનું સમર્થન કરેલ છે. બોમ્બાઈ કેસ (૧૯૯૪)માં પણ સર્વોચ્ચ અદાલતે પુનરોચ્ચાર કરતાં કહ્યું છે કે ધર્મનિરપેક્ષતા બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે. આ કેસમાં વધુમાં ઠરાવાયેલ છે કે બંધારણ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતાં એ સ્પષ્ટ છે કે બંધારણ સમાજવાદ નીતિને વરેલું છે.

હજુ નવે. ૨૦૨૪માં જ આ શબ્દો બંધારણમાંથી દૂર કરવા થયેલ અરજી સર્વોચ્ચ અદાલતે રદ કરેલ છે. મુખ્ય બાબત એ છે કે સર્વોચ્ચ અદાલતના નિર્ણય (જે કાયદો ગણાય) મુજબ, સરકાર બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરી શકે નહીં. ટૂંકમાં ભારતીય બંધારણે, તેના પ્રારંભથી જ ધર્મનિરપેક્ષ નીતિ અપનાવેલ છે. તેમાં સુધારો થઈ શકતો નથી કે તેમાં ફેરફાર થઈ શકે નહીં.

**– પ્રો. અશ્વિનકુમાર કારીઆ**

---

**ભૂમિપુત્રના લેખકો...** (પાન ૨૨નું ચાલુ)

મીઠી વીરડીમાં પરમાણુ વિરોધી આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. શહેરી શાસનમાં નાગરિકોની ભાગીદારી માટે ૭૪મા બંધારણીય સુધારાના અમલીકરણની હિમાયત કરે છે. આ માટે જાગૃતિ ફેલાવવા તેઓ વિવિધ વયજૂથના નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને તાલીમ આપે છે. તેઓ નદીનું પ્રદૂષણ-વિશ્વામિત્રી કાયાકલ્પ, તાપી કાયાકલ્પ જેવા મુદ્દાઓ ઉપર સક્રિય છે. સંબંધિત નાગરિકો સાથે મળીને ૨૦૧૫ના વર્ષથી તેઓ રિપોર્ટ પ્રકાશિત કરી રહ્યા છે. સાબરમતી નદી પ્રદૂષણ, વિશ્વામિત્રી રીવરફ્રંટ, તાપી નદી વગેરે બાબતે કાનૂની લડતનો પણ કૃષ્ણકાંત મહત્ત્વનો હિસ્સો છે. વાણિજ્યમાં સ્નાતક ડિગ્રી મેળવ્યા બાદ હાલમાં જ તેમણે એલ૦એલ૦એમ૦ (માનવ અધિકાર)ની ડિગ્રી મેળવી છે.

**(૩૪) બકુલા ઘાસવાલા**

નારીવાદી-માનવતાવાદી કર્મશીલ અને લેખિકા. છેલ્લા ચાર દાયકાથી ઘરેલુ હિંસાના ઉકેલ અને સામાજિક સમસ્યાઓ અંગે લેખન કરે છે. એમનાં પંદર જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. મૃણાલિની સારાભાઈની અંગ્રેજી આત્મકથાનું બકુલાબહેન દ્વારા ગુજરાતી અનુદિત પુસ્તક 'અંતરનાદ - એક નૃત્યમય જીવન' સાહિત્ય અકાદમી - દિલ્હી દ્વારા ૨૦૧૯માં પુરસ્કૃત થયું છે. આ ઉપરાંત તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનો ભગિની નિવેદિતા પારિતોષિક - ૨૦૦૫ પ્રાપ્ત થયું હતું. વિવિધ સાહિત્યસર્જન તેઓ કરતાં રહે છે. વલસાડની સ્ત્રી-સંસ્થા 'અસ્તિત્વ'ના સર્જન-સંવર્ધનમાં સ્થાપક મંત્રી-ટ્રસ્ટી તરીકે એમનું વિશેષ પ્રદાન રહ્યું છે. કલા, સામાજિક અને સાહિત્યક્ષેત્રે લેખો-કાવ્યો-વાર્તાઓ અન્ય પુસ્તકો, વર્તમાનપત્રો અને સામયિકોમાં અવારનવાર પ્રગટ થાય છે.

**– સંકલિત**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્રામસેવક બબલભાઈ

**બ**બલભાઈ વિશે નગીનદાસભાઈ પારેખે સાચું જ કહ્યું છે, ''જેમને જોઈને ગાંધીજીનું હૈયું પણ હરખાય,'' એવા ગ્રામસેવકની આ કથા છે.

બબલભાઈ સાથેનો વ્યક્તિગત પરિચય મને છ વર્ષના ગાંધી-વિદ્યાપીઠ - વેડછીના કાર્યકાળ દરમ્યાન અવારનવાર થતો રહ્યો, ચંબલના ડાકુઓના પુનર્વાસ માટે ગ્વાલિયર જેલમાં એક સંસ્કારશિબિર ગોઠવાયેલી, તેમાં દસ દિવસ તેમની સાથે જેલમાં કામ કરવાનું પણ બનેલું. ત્યારબાદ મગનભાઈ જો૰ પટેલના માર્ગદર્શનમાં, ગાંધીદર્શનમાં એમ૰એ૰ કરતી વખતે નિબંધ લખવાનું થયેલું. નિબંધ માટે બબલભાઈની ૧૮ ડાયરીઓ પર કામ કરવાનું સૂચવ્યું. વિષય હતો, 'બબલભાઈના વ્યક્તિત્વ પર ગાંધીવિચારની અસર.' એમાંથી પછી ''બબલભાઈની માસરા ડાયરી'', ''બબલભાઈની ડાયરી'', ''પત્ર લેખન'', ''શ્રદ્ધાંજલિ'' એવાં ચાર પુસ્તકો તૈયાર થયાં. આમ પ્રત્યક્ષ અને પરોક્ષ બબલભાઈનો સહવાસ મને મળ્યો.

એમની જીવનયાત્રાને ત્રણ ભાગમાં વહેંચી શકીએ. (૧) બાળપણના પ્રારંભિક સંસ્કારો અને સ્વરાજ આંદોલનની દીક્ષા. (૨) ગ્રામસેવા, ગ્રામવિકાસ અને નઈ તાલીમના પ્રયોગો. (૩) પરિવ્રજ્યા (સંન્યાસ) અને વ્યાપક લોકશિક્ષણ.

ગામડાગામનો એક સામાન્ય છોકરો ગાંધી-વિચારના સ્પર્શે માટીમાંથી માનવ બની કેવો માણસાઈથી જીવી ગયો, સમાજ-ઉત્થાનમાં કેવો પોતાનો ફાળો આપતો ગયો, છેવટે જીવનમાં આત્મસમાધાન પામી અવિનાશી સાથે તાર સાંધીને ગયો તેની આ કથા છે.

બબલભાઈનો જન્મ ૧૦-૧૦-૧૯૧૦ના રોજ સૌરાષ્ટ્રના સાયલા ગામમાં, મૂળ વતન હળવદ. એક વર્ષના થયા ને પિતા પ્રાણજીવન મહેતાનું અવસાન થયું. માતા દિવાળીબાએ ઉછેરી મોટા કર્યા. પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વતનમાં થયું. છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે એક ગાંધીવાદી વક્તાની ખાદીપ્રેમની અને વિદેશી કાપડની હોળી કરવાની વાત સાંભળી પોતાની મોતી ભરેલી મલમલની જરીવાળી કાળી ટોપી આપી દીધી. સાથે જ સંકલ્પ કર્યો કે કાલથી હું ખાદી પહેરીશ. બબલભાઈએ ખાદી અપનાવી પછી કોઈક ખાદીધારી નેતાના સ્વાગત માટે સ્ટેશને જવા બદલ હેડમાસ્તરના હાથની થપ્પડ ખાધી. ગામમાં ગવર્નર આવવાના હતા ત્યારે બીકને લીધે બધાએ ધોળી ટોપી રંગી નાંખી. બબલભાઈએ ધોળી ટોપી છોડી નહીં. સમજણપૂર્વક અપનાવેલી ખાદી છોડાય નહીં, ખોટી વાતનો કે અન્યાયનો સામનો કરવો જ જોઈએ, એવી સમજણ ત્યારે પણ હતી.

બબલભાઈને સાહિત્યનો ખૂબ શોખ. તેઓ લખે છે, ''સ્વામી રામતીર્થે મને આત્માની શક્તિનું ભાન કરાવ્યું. સ્વામી વિવેકાનંદે માનવ-જીવનનું ધ્યેય પ્રભુપ્રાપ્તિ અને દરિદ્રનારાયણની સેવા હોવું જોઈએ એ બતાવ્યું. ટૉલ્સ્ટૉયે રોટલો ખાનારે શ્રમ કરવો જ જોઈએ એ સંસ્કાર આપ્યો. એડિસને પ્રયોગ કરતી વખતે કેટલા તન્મય બનવું જોઈએ એ બતાવ્યું. નેપોલિયનની યુદ્ધમોરચે સૈનિકોની સાથે ગોળીઓ વચ્ચે ઊભા રહેવાની હિંમત તથા 'મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઈ શબ્દ નથી' - એ બે વાતો હૃદયસોંસરી ઊતરી ગઈ. રાજા રામમોહનરાયે સમાજ-સુધારો કરવો હોય તો એની શરૂઆત પોતાની જાતથી જ કરવી જોઈએ, એ સમજાવ્યું. એમના ચરિત્રે સમાજની કેટલીયે કુરૂઢિઓ પ્રત્યે મારા મનમાં અણગમો પેદા કર્યો એટલું જ નહીં, બાર વર્ષની ઉંમરે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, મરણ પાછળના જમણવાર જેવા કુરિવાજમાં બિલકુલ ભાગ ન લેવાનો મેં મન સાથે નિર્ણય કરી લીધો. આમ, મને ખબર ન પડે એ રીતે પુસ્તકોએ મારા મનનો કબજો લીધો.''

આ રીતે એમના વિચારો ઘડાતા ગયા. સાહિત્યની પણ કેવી અસર થતી હોય છે, તે આજના વિદ્યાર્થીમિત્રોએ સમજવા જેવું છે. એમના હાથમાં એક બહુ સરસ પુસ્તક આવ્યું. - ''કાલેલકરના લેખો' આ પુસ્તકે એમની ચીલાચાલુ જિંદગીને નવો વળાંક આપ્યો. કાકાસાહેબ સાથે પત્ર-વ્યવહાર કરી જણાવ્યું કે, 'મારે મારું ચાલુ જીવન બદલવું જોઈએ અને દુઃખી, પીડિત, શોષિત લોકોની સેવામાં લાગી જવું જોઈએ.' બબલભાઈએ પાકો નિશ્ચિય કરી લીધો કે ગ્રામસેવા માટે કૉલેજ છોડીને, ઘર છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબ પાસે પહોંચી જવું.

બબલભાઈએ લખ્યું છે : ''ઈશ્વરનો મારે ઉપકાર માનવો જોઈએ કે એણે મને હંમેશ જાગૃત રાખ્યો. કૉલેજમાં ભણતો હતો ત્યારે ત્યાંના વાતાવરણમાં મારા ઉપર વિકારના અનેક હુમલા આવતા, અમુક અમુક સ્ત્રીઓને જોઉં અને મનમાં વિકાર જાગે. આ વિકાર ખાળવા હું ઘણોય પ્રયત્ન કરું, પણ ખાળી જ ન શકું. એ બધા સામે હું સ્વામી વિવેકાનંદની પ્રેરણાથી ઝઝૂમતો. કાકાસાહેબ, બાપુ અને કિશોરલાલ મશરૂવાળાના પવિત્ર વિચારોએ મને સુરક્ષિત બનાવ્યો.'' આ વાતને વિદ્યાર્થીઓએ ગાંઠે બાંધવા જેવી છે. સાહિત્ય અને યોગ્ય વ્યક્તિઓની જીવનમાં સંગતિ એ પોતાના જીવનને ઘડે છે. ''કાકા સાહેબે મને ગ્રામસેવાની ધૂન લગાડી. ગાંધીજીએ મને જીવનની એક નવી દૃષ્ટિ આપી.'' ગાંધીજી સાથે એમનો અંતરનો તાર જોડાયેલો. બાપુ શું કહે છે, શું કરે છે, તેની ઉપર સતત ધ્યાન રાખતા, તેમાંથી સાર ગ્રહણ કરી લેતા તથા પોતાના જીવનમાં એનો અમલ કરવા મથતા.

કાકાસાહેબના સાંનિધ્યમાં છ મહિના ગ્રામસેવાની તાલીમ લીધી. એટલામાં દાંડી કૂચ આવી. તેઓ અરુણ ટુકડીમાં જોડાયા. જેલમાં ગયા. ૧૯30થી ૧૯૩૩ દરમ્યાન સાબરમતી, યરવડા અને વિસાપુર જેલમાં રહ્યા. વિસાપુર જેલનો બે વર્ષનો કાળ, એમનો સાધનાકાળ બની રહ્યો. ત્યાં ડાયરીઓ લખી. એ ડાયરીઓમાંથી આપણને પુસ્તકો મળ્યાં.

ત્યારબાદ એમના જીવનનો બીજો તબક્કો ગ્રામસેવાનો શરૂ થાય છે. ગાંધીજીએ ગામડામાં જવાનો, ગ્રામસેવાનો માત્ર મંત્ર આપી દીધો. તેનો પ્રત્યક્ષ વિનિયોગ, બબલભાઈ-જુગતરામભાઈ જેવા એકનિષ્ઠ લોકસેવકોએ કરી બતાવ્યો. ગામડાની પસંદગી, લોકહૃદયમાં પ્રવેશ મેળવવાની જીવનકળા એમ ગ્રામસેવાનું સહજ સ્વરૂપ નિખરતું ગયું.

બબલભાઈએ ''મારું ગામડું'' પુસ્તકમાં રોચક વર્ણન કર્યું છે. મનમાં હતું કે, 'સંપન્ન નહીં વિપન્ન ગામમાં જઈશ. કોઈ ઓળખાણનો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આશરો લીધા વિના અજાણ્યા ગામમાં બેસીશ....''માસરા'' ગામનું નામ સાંભળ્યું. કેટલાકે કહ્યું કે ધોળે દહાડે લૂંટે એવું ગામ છે. બબલભાઈને થયું, ''અનુભવ તો લઈએ.'' પહેલો અનુભવ એ થયો કે પીવા માટે પાણી માંગ્યું તો જવાબ મળ્યો, ''એ રહ્યું પેલું તળાવ'' બબલભાઈને થયું કે હું જે ગામડું શોધતો હતો તે આ જ ! પીવાનું પાણી માગનારને તળાવ ચીંધી દેનારા માણસો હજી પડ્યા છે ! મારે આ ગામમાં જ બેસવું જોઈએ. બબલભાઈએ ત્યાં ધૂણી ધખાવી. ગામની સિકલ બદલાઈ ગઈ. ગામ ચોખ્ખું ચટ થયું. દારૂ-અફીણનાં બંધાણ છૂટ્યાં. નિશાળનું મકાન થયું. છોકરાં ભણવા લાગ્યાં. ભાદરવાની ઉજાણી વખતે પાડા-બકરાનો વધ થતો તે બંધ થયો. તળાવની પાળ હવે લીલાંછમ વૃક્ષોની ઘટાથી શોભતી થઈ. આ ગામમાં બબલભાઈ ત્રણ વર્ષ રહ્યા. આની વિશેષ જાણકારી મેળવવા ''મારું ગામડું'' નામનું પુસ્તક વાંચવું જ રહ્યું.

માસરાની પાસે થામણા ગામમાં બબલભાઈને ટપાલ લેવા અવાર-નવાર જવું પડતું. ત્યાંની શાળા સાથે પરિચય થયો અને નઈ તાલીમના પ્રયોગ માટે થામણાની શાળા પસંદ થઈ તેથી તેમને ત્યાં જ રહેવાનું થયુ. એ ગામ સાથે જિંદગીભરનો નાતો બંધાયો.

થામણામાં લોકમાનસને વિકસાવવા ભીંતપત્ર મારફતે લોક-કેળવણીનું માધ્યમ અપનાવ્યું. અને તે દ્વારા જે કામો થયાં તે આશ્ચર્યજનક રહ્યાં. તેનું ઉદાહરણ જોઈએ. ગામના તળાવની પાળે શૌચક્રિયાઓ કરતાં લોકોને માટે સરસ વાત લખી : ''એક ભાડૂતી સિપાઈ લાકડી લઈને તમને અટકાવે તો જ તમે ઊઠો ? તમારામાં વિચારશક્તિ છે કે નહીં? આવાં જાહેર સ્થળોએ ગંદકી ન થાય એવું તમને નથી સૂઝતું.'' શારીરિક સ્વચ્છતાના નિયમોથી માંડીને ગ્રામસફાઈના આદર્શો સુધીના, પાણી પીવાથી માંડીને ગામના તળાવ-કૂવા સુધીના, અપશબ્દોના ત્યાગથી માંડીને ગીતા સુધીના, ભૂત-ભૂવાથી માંડીને કેળવણીના આદર્શ સુધીના બધા જ વિષયો આ ભીંતપત્રોમાં ચર્ચાય. દા.ત. ગામના કૂવાની ગરગડીમાં તેલ પૂરવાની જરૂર હોય તો ભીંતપત્ર ઉપર લખાતું : ભૂખી તરસી ગરગડી ચૂં ચૂં રડે છે. છાંટો તેલ પાડવાની કોઈ દયા કરો ! ત્યાં તો એ ગરગડીમાં ઊંજણ મૂકાઈ જતું. આવી તેમની આગવી સૂઝ.

બબલભાઈએ પોતાના જીવનનિર્વાહ માટે પણ કેટલાક પ્રયોગો કર્યા. તે રોમાંચક ને માર્ગદર્શક પણ છે. ભગવાન ભરોસે ઘર છોડ્યું. વિદ્યાપીઠમાં ચાર કલાક શ્રમ કરી માસિક ૧૫ રૂપિયા મેળવી જીવન-નિર્વાહ ચલાવતા. માસરામાં હતા ત્યારે ત્યાં એક મિત્ર પાંચ રૂપિયા મોકલતો તેમાંથી ચાલતું. ગામલોકોએ તેમના નિર્વાહની તૈયારી બતાવી. બબલભાઈએ ઘરના એક ખૂણામાં બશેર અનાજ સમાય એવી માટલી મૂકી. એકમાં બાજરી, બીજામાં તૂવેરની દાળ, અને ત્રીજીમાં ચોખા નાંખવા એમ સૂચવ્યું. ગામના લોકો માટલી ખાલી નથી ને એનું ધ્યાન રાખતા થયા. આવા નવતર પ્રયોગો કર્યા.

તેમની જીવનયાત્રાનો ત્રીજો અને છેલ્લો ટપ્પો, તે પરિવ્રજ્યા અને વ્યાપક લોકશિક્ષણનો. તે વખતે ગુજરાતના મહાન સેવકોની ત્રિમૂર્તિ - ત્રિપુટી હતી. (૧) રવિશંકર મહારાજ (૨) જુ૰કાકા (જુગતરામ દવે (૩) બબલભાઈ મહેતા.

આમાં મહારાજ ''કરનારા'' કારણ કે દુકાળમાં તળાવો ખોદાવ્યા. રમખાણોમાં મડદાઓને દાટવાનું કામ કરેલું. આપત્તિને અવસરમાં ફેરવી નાખનાર. જુગતરામ દવે ''કરાવનારા'' એમણે પછાત-આદિવાસી સમાજમાં શિક્ષણકાર્ય કર્યું. સેવકો તૈયાર કર્યા. બબલભાઈ ''ફેલાવનારા''. ત્રીજા ટપ્પામાં બબલભાઈ સર્વોદયના રોવિંગ એમ્બેસેડર (ફરતા એલચી) બની રહ્યા. કોઈ સંસ્થા સ્થાયી નહીં પણ અનેક સંસ્થાઓના મિત્રને માર્ગદર્શક બની રહ્યા. કૉલેજોમાં રાષ્ટ્રીય યોજના (N.S.S.) શરૂ થઈ. તેમાં સમાજ-સેવાની અને રાષ્ટ્રીય ભાવનાની વાતો કરતા. ગુજરાતમાં દુષ્કાળ આવ્યો ત્યારે 'દુષ્કાળ સામે તરુણ' શિબિર યોજતા - સ્વચ્છતા, આરોગ્ય, ગંદવાડ, મંદવાડ અને યુદ્ધ. મોરબી હોનારત વખતે પણ શિબિરો કર્યા. સફાઈ અને શ્રમના કામને સેવાનું માધ્યમ બનાવી વ્યાપક લોશિક્ષણ તેમજ પ્રજાનું ઘડતર કર્યું. કાયમ પોતાની સાથે એક નાનકડું ઝાડુ રાખતા. પ્રવાસમાં, ડબ્બામાં એનાથી સફાઈ કરતા. વિનોબાના ભૂદાન આંદોલનને વેગ મળે માટે મહારાજની સાથે ફર્યા. આમ સમાજમાં, વ્યાપક રીતે શુભ તત્ત્વની લ્હાણીનું કામ એમણે કર્યું.

અવિરત કામે એમને શારીરિક રીતે થકવ્યા પણ ખરા. તેમ છતાં એ પ્રજાનો જવાબ મેળવવાનો પ્રયત્ન પણ અવારનવાર કરતા.

૧૯૪૩માં તેઓ આંતરખોજ કરવા માટે ત્રણ મહિના થામણા ગામમાં જ એક ઘરમાં એકાંતમાં રહ્યા. આ એકાંત-સાધનામાં ઈશ્વરની કોઈ કલ્પિત મૂર્તિનાં દર્શન કરવાની એમની વૃત્તિ નહોતી. એમને તો મનનું સમાધાન થાય એવી દૃષ્ટિની પ્રતીતિ કરવી હતી. એક વાત એમને સ્પષ્ટ થઈ કે ''બધામાં ઈશ્વર-તત્ત્વ છે એ વાતનું સતત ભાન રહેવું અને એને અનુરૂપ આપણો વ્યવહાર ચાલે, એ છે સાચું જીવન.'' આ જ્ઞાન લાધ્યું તેથી તેમને સમાધાન અને શાંતિ મળ્યાં. આ સંદર્ભમાં એક ગીત પણ તેમણે લખ્યું છે :

*''હે પ્રભુ ! હું આપનામાં એકરૂપ ક્યારે થઈશ ?*
*એકરૂપ ક્યારે થઈશ  સાચા સ્વરૂપને ઓળખીશ.*
*ક્યારે પ્રભુ ! અંતરતણા ઊંડાણમાં હું ઊતરીશ ?*
*ઊંડાણમાં ઊતરી જઈને એકરૂપ હું થઈ જઈશ.*
*તુજ મસ્તીમાં હું મસ્ત થઈને ગુણ તુજ ગાયા કરીશ*
*ગુણ તારા ગાઈને હું ગુણસ્વરૂપ થઈ જઈશ.*
*વિવિધ સ્વરૂપે તું મળે તો યે તને ના વિસરીશ,*
*ના વિસરીશ, પ્યારા પ્રભુને ! તને આત્મ સ્વરૂપે ઓળખીશ.*

ઈશ્વરને ઓળખવાને માટે એકાંતસેવન કર્યું ત્યારે તેમને સમજાયું કે કર્મયોગ સારો છે, પણ જલકમલવત્ રહેવું કઠણ છે. આપણે કોઈ પણ કામ કરીએ તેમાં સફળતા કે નિષ્ફળતા મળે એમાં અનેક બળો કામ કરતાં હોય એટલે નિષ્ફળતાથી નિરાશ ના થઈ જવું અને સફળતાથી ફુલાઈ ન જવું, એ સ્થિતિ પેદા કરવી એ પણ એક સાધના છે.

બબલભાઈને ગુજરાતના લોકો મૂકસેવક, લોકસેવક તરીકે ઓળખતા પણ એમનું અંતરંગ અધ્યાત્મથી રચ્યું-કસ્યું હતું. સેવાકાર્યો કે લોકશિક્ષણ

(જુઓ પાન નં. ૧૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂમિપુત્ર વર્ષ ૭૨ (૧૬-૯-૨૦૨૪ થી ૧-૯-૨૦૨૫)ની સૂચિ

**સુજ્ઞ** વાચકમિત્રો,

આ અંક સાથે ભૂમિપુત્ર ૭૨ વર્ષ પૂરાં કરીને ૭૩મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. ભૂમિપુત્ર એક સહિયારી યાત્રાનું પરિણામ છે. ઘણા મિત્રો, બુદ્ધિજીવીઓ, લેખકો ચાહીને પોતાનું લખાણ ભૂમિપુત્ર માટે મોકલી આપે છે તે આજે હજી પણ આ કપરા સમયમાં આશાવાદ જન્માવનારી ઘટના છે. અમે સહુ સંપાદકો લેખકો તેમજ વાચકોના ઋણી છીએ. ભૂમિપુત્રના માધ્યમથી સારું, સાચું, વૈચારિક ભાથું પૂરું પાડવાના આ પ્રયત્નમાં સહભાગી થનારા સહુના આભારી છીએ.

ભૂમિપુત્રની વાંચન સામગ્રી htpps:/ bhoomiputra1953.wordpress.com પર પણ આપ મેળવી શકશો. જે મિત્રોને ઈ-મેઈલ કે વૉટ્સઅપ દ્વારા અંક મેળવવાની ઇચ્છા હોય તેમણે યજ્ઞ પ્રકાશનની ઑફિસના મોબાઈલ નંબર ૯૦૧૬૪૭૯૯૮૨ પર સંગીતાબહેનને જાણ કરવી.

નીચે મૂકેલી સૂચિ ઉપરાંત નવાં પુસ્તકોનો પરિચય, વાચકોના પ્રતિભાવો, કાર્યક્રમો તથા નવાં પુસ્તકોની જાહેરાતોની નોંધ આપણે આપીએ છીએ. આ ઉપરાંત ભૂમિપુત્રની સહુથી વધુ રાહ જેને કારણે લોકો જુવે છે તે છેલ્લા પાનાની આશા-વીરેન્દ્રની વાર્તા તો ખરી જ.

ભૂ.ને નિયમિત ચલાવવામાં કાર્યાલયના મિત્રો, પ્રૂફ રીડર શેરબાનુબહેન તેમજ જવનિકા પ્રિન્ટર્સના સાથીઓનો સહૃદયી સહકાર હંમેશ મળતો રહે છે. સૂચિમાં પહેલો આંકડો અંક નંબર અને બીજો આંકડો જે-તે લેખનાં પાન નંબર દર્શાવે છે.


★ *વિનોબાવાણી*

૧. હું સુપ્રીમ સિમેન્ટિંગ ફેક્ટર છું. ૧-૧

૨. સ્ફુલિંગ અને બાબાનો કાર્યક્રમ ૨-૧

૩. બાબાનો કર્મયોગ ૩-૧

૪. બાબાનો કર્મયોગ-૨ ૪-૧

૫/૬ બાબાનો કર્મયોગ, જ્ઞાનોપાસના અને વાઙ્મય સેવા-ભાગ-૧ અને ૨ ૫-૧, ૬-૧

૭. મનને જાણીએ ૭-૧, ૮-૧, ૯-૧, ૧૦-૧, ૧૧-૧, ૧૨-૧, ૧૩-૧, ૧૪-૧, ૧૫-૧, ૧૬-૧, ૧૭-૧, ૧૮-૧, ૧૯-૧, ૨૦-૧, ૨૧-૧, ૨૨-૧, ૨૩-૧, ૨૪-૧

★ *કોમી એખલાસ*

૧. હિંદુ-મુસ્લિમ સંબંધો : ચાર મુખ્ય પરિબળોનું આંતરદ્વંદ્વ ૧-૪

૨. કોઈનોય ધિક્કાર કરવો મને મંજૂર નથી ૬-૧૧

૩. ધર્મના ઉદાર સ્વરૂપને સ્વીકારીએ ૨૨-૬

★ *ન્યાયતંત્રના બારણેથી*

૧. ગુજરાત સરકારે અંધશ્રદ્ધા ડામવા કાયદો ઘડવાની હાઈકોર્ટમાં બાંયધરી આપી. ૧-૭

૨. ન્યાયમાં વિલંબ કે ન્યાયની નિષ્ફળતા ? ૬-૨૨

૩. કિશોરીઓ અને મહિલાઓની સુરક્ષા ૭-૧૧

૪. ધર્મનિરપેક્ષતા વિદેશી ખ્યાલ છે ? ૮-૧૮

૫. જેલમાં જાતિ આધારિત કામની વહેંચણી ગેરકાયદેસર ૮-૧૯

૬. બુલડોઝર ન્યાય કાર્યવાહી રોકવાના આદેશથી પીડિતોને ન્યાય મળશે ? ૧૦-૨૧

૭. અશ્વિન કારીઆની નજરે :

૧. આપણા લોકપ્રતિનિધિઓ ૧૧-૧૫

૨. કાચા કામના કેદીઓની વહારે સર્વોચ્ચ અદાલત ૧૧-૧૫

૩. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-ભાજપ અને ડૉ. આંબેડકર ૧૧-૧૬

૮. અશ્વિન કારીઆની નજરે :

૧. ચૂંટણી કમિશ્નર પસંદગી પ્રક્રિયામાં કેન્દ્ર સરકારનો અંકુશ શા માટે ? ૧૫-૧૦

૨. અંધશ્રદ્ધા કચડાયેલા-દબાયેલા લોકોનો ધર્મ છે ૧૫-૧૦

૩. બળાત્કાર આરોપીનાં લગ્ન તેની જ પીડિતા સાથે ? ના ભાઈ ના ! ૧૫-૧૧

૯. પ્રો. અશ્વિનકુમારની નજરે :

૧. કુમળાં બાળકો સહિત માનવોનો ભોગ ક્યાં સુધી ? ૧૭-૧૮

૨. કલ્યાણ રાજ્યનું ખંડિત સ્વપ્ન ૧૭-૧૮

૩. પોલીસ અત્યાચારો અને માનવ અધિકારો ૧૭-૧૮

૧૦. આધુનિક સમયમાં રાજ્યપાલને બદલે બંધારણ તજ્જ્ઞની જરૂર ૨૦-૧૬

૧૧. ગુજરાતમાં શાસન સુધારણા ૨૧-૬

૧૨. 'ધર્મ-નિરપેક્ષ' શબ્દ બંધારણમાંથી દૂર કરી શકાય? ૨૪-૧૧

૧૩. આંતરરાષ્ટ્રીય કોર્ટમાં શકવર્તી ચુકાદો ૨૪-૨૨

★ *વિનોબા વિચાર*

૧. વિનોબા સન્મુખની એ ધન્ય ઘડી ૧-૮

૨. વિનોબા : નારાયણભાઈની કલમે ૪-૭

★ *ઇતિહાસનાં પાનાઓમાંથી....*

૧. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓની ભૂમિકા ૧-૧૦

૨. વિશ્વના અનુપમ ઔષધીય બગીચાની વેનુરીડ દ્વારા પ્રસ્તુતિ (કેડી કંડારનારા-૭) ૧-૧૬

૩. વિભાજિત ભારતની ભૂગોળને એક નકશે મૂકનાર પ્રથમ માનવી-ફ્રાન્સિસ બુકાનન (કેડી કંડારનારા-૮) ૨-૧૦

૪. ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોની ભૂમિકા ૩-૧૮

૫. એલેકઝાન્ડર હમ્બોલ્ટ-એક વિશાળ વ્યક્તિત્વ અને અભિભૂત કરતું જીવન (કેડી કંડારનારા-૯) ૪-૧૨

૬. સીમિત જીવનદોર પરંતુ જીવસૃષ્ટિને જાણવાની અસીમિત જિજ્ઞાસા : જ્હોન બાપ્ટિસ્ટ વૉન સ્પિક્સ (કેડી કંડારનારા-૧૦) ૬-૧૬

૭. સાહિત્યક્ષેત્રે વિકલાંગોનું વિશિષ્ટ યોગદાન ૭-૨૧

૮. ટકાઉપણાની વિભાવનાના અગ્રદૂત : જ્યોર્જ પાર્કિન્સ માર્શ (કેડી કંડારનારા-૧૧) ૮-૧૨

૯. પરિચય ૮-૨૩

૧૦. સીમમાં વસ્તી ૮-૨૩

૧૧. રાલ્ફ વાલ્ડો એમર્સન : પ્રકૃતિપ્રેમી મહાન તત્ત્વચિંતક (કેડી કંડારનારા-૧૨) ૧૦-૧૨

૧૨. પ્રાચીન જ્ઞાન વિશે અરવિંદ - ૧ ૧૧-૮

૧૩. કુદરતની કેડીએ વિશાળ પક્ષનું નિર્માણ કરનારાઃ ચાર્લ્સ ડાર્વિન-૧(કેડી કંડારનારા-૧૩) ૧૧-૧૭

૧૪. પ્રાચીન જ્ઞાન વિશે અરવિંદ-૨ ૧૩-૮

૧૫. ઇતિહાસનું મૂલ્યાંકન વર્તમાનથી કરવું અયોગ્ય છે. ૧૩-૨૩

૧૬. ઉત્પત્તિ, અસ્તિત્વ અને ઉત્ક્રાંતિ ઉઘાડનારાઃ ચાર્લ્સ ડાર્વિન ભાગ-૨ (કેડી કંડારનારા-૧૪) ૧૫-૧૨

૧૭. બ્રિટનની મજૂર ચળવળનું એક અવિસ્મરણીય નામ - જયા દેસાઈ ૧૬-૧૫

૧૮. બેંગલોરની ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઑફ સાયન્સમાં ગાંધીજીનું ભાષણ ૨૧-૫

૧૯. પ્રચલિત ધર્મના ચામડામાં પુરાયેલાઓને અમૃતની.... ૨૨-૭

૨૦. મિસાવાસીની જેલ ડાયરી ૨૩-૧૯

★ *સંસ્થા પ્રવૃત્તિ સમાચાર*

૧. 'સાવિત્રી શબ્દામૃત'ના લેખક અને પ્રકાશક કિરીટભાઈ - યુક્તાબહેનના અભિવાદનનો પ્રસંગ ૧-૧૨

૨. જનીન રૂપાંતરિત પાકો અંગે જન-જાગૃતિ પર્વ ૪-૧૦





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

૩. ૐ પુરિ-માતર : ગુજરાતની ઑરોવિલ નગરી ૫-૧૮
૪. અમદાવાદના વિવિધ વિસ્તારોમાં યુવા મિત્રો માટે યોજાઈ 'પ્રકૃતિ કી પાઠશાળા' ૬-૨૩
૫. ટેકનોલોજી આધારિત ખાદીવિકાસ અભિયાન ૮-૧૦
૬. ડૉ. ભરતભાઈ શાહને બાળકોબા ભાવે નેશનલ એવોર્ડ ૮-૨૦
૭. વ્યાપક સમાજ માટે ગાંધીમૂલ્યો જરૂરી ૮-૨૧
૮. 'કોશિશ મિલાપ'નાં ૧૪ વર્ષ ૯-૨૨
૯. પાલનપુરમાં બંધારણ શિબિર ૧૦-૮
૧૦. 'થપ્પો' - ધ મ્યુઝિકલ' ૧૦-૧૭
૧૧. વિવિધતા કાજે એકતા સંમેલન ૧૦-૧૮
૧૨. નાગરિકી નિસ્બતનું નોખું ઉદાહરણ ૧૧-૧૯
૧૩. સેવા અને સંયમ ૧૧-૨૦
૧૪. અનાથ બનેલા જગતના તાતની મદદે ૧૩-૧૧
૧૫. ખાદી : વસ્ત્ર-વિચાર અને રોજગારી ૧૫-૮
૧૬. સહિયર (સ્ત્રી સંગઠન) - ૮ માર્ચ મહિલા દિનની ઉજવણી ૧૬-૧૯
૧૭. શુભારંભ : શ્રી કાન્તિભાઈ કૌશલ્ય વિકાસ કેંદ્ર પિંડવળ ૧૮-૧૨
૧૮. અણુમુક્તિ ગ્રુપની સાઈકલ-યાત્રાઓ ૧૯-૨૦
૧૯. ડૉ. તૃપ્તિ શાહ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી-૯ ૨૦-૧૪
૨૦. મુંબઈ સર્વોદય મંડળ- વાર્ષિક અહેવાલ ૨૦૨૪-૨૫ ૨૦-૨૩
૨૧. ગુજરાત સર્વોદય મંડળ ૨૩-૮
૨૨. પર્યાવરણ સંસ્થાઓનું સંમેલન : ગ્લોબલ વોર્મિંગ એક વૈશ્વિક સમસ્યા ૨૩-૧૨
૨૫. રેવાગ્રામ સંકુલની ગતિવિધિ ૨૩-૨૩

★ *પર્યાવરણ*

૧. ગ્લોબલ વોર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૦ ૧-૧૯
૨. પાણી તેમજ ગંદું પાણી (શુચિતા તરફ : ૮) ૨-૨૧
૩. એ-૨ દૂધની ઘેલછા કેટલી વૈજ્ઞાનિક? ૪-૯
૪. એસ્બેસ્ટોસને કારણે મેસોથેલીઓમા કેન્સરનો ભોગ બનતા લોકો ૪-૧૯
૫. ગ્લોબલ વોર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૧ ૫-૧૬
૬. ગ્લોબલ વોર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૨ ૭-૧૨
૭. વૈશ્વિક પર્યાવરણ પરિષદની જળ-વાયુ પરિવર્તન પરની અસરકારકતા ૮-૧૧
૮. શું વૈશ્વિક સંધિ (આઈએનસી) પ્લાસ્ટીક પ્રદૂષણને નાથી શકશે? ૮-૧૭
૯. ગ્લોબલ વાર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૩ ૯-૧૨
૧૦. 'સ્ટેટ્સ ઑફ ટ્રી કવર ઈન અર્બન એરિયા ઑફ ગુજરાત-૨૦૧૧'નું પાલન થાય છે ખરું ? ૧૦-૨૦
૧૧. ગ્લોબલ વૉર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૪ ૧૧-૧૨
૧૨. પ્લાસ્ટિક પ્રદૂષણ અને ઉત્પાદન નહીં ઘટાડીએ તો વિશ્વનો ૧૦% જીડીપી ખર્ચાઈ જશે. ૧૨-૧૧
૧૩. ગ્લોબલ વોર્મિંગની ભારત અને વિશ્વ પર અસરો-૨૫ ૧૩-૧૨

★ *પુસ્તક પરિચય*

૧. એમિટી શાળાનો એક ઉપયોગી શૈક્ષણિક દસ્તાવેજ ૧-૨૧
૨. વિનોબાજીની ફોટો બાયોગ્રાફી અને ગૌતમ બજાજ ૨-૨૦
૩. વાંચન થાળ : કલા ગંગોત્રીના સાત ગ્રંથો : પાંચ ગ્રંથોમાં 'કુમાર'ની એક સદીની કલાયાત્રા ૫-૧૨
૪. કવિતા ૮-૮
૫. અમૃતત્વ પામવાની યાત્રા : પ્રસંગોનું પંચામૃત ૧૧-૧૧
૬. તિલોર ૧૪-૧૮
૭. સમાજકર્મમાં અધ્યાત્મ : એક સર્વાંગી અભિગમ ૧૭-૧૨
૮. મહામૃત્યુમાંથી અમૃત સમીપે : 'જિગરના ચીરા'ની ફળશ્રુતિ ૧૮-૨૨
૯. સંઘમિત્રાબહેનની લેખનયાત્રા ૧૯-૧૯
૧૦. આજના સમયમાં શાંતિવાદ : યુક્રેન યુદ્ધના વિકલ્પો વિશે સંવાદ ૨૦-૧૭
૧૧. ગુજરાતની વિશિષ્ટ સંસ્થાઓની ગાથા ૨૦-૧૯
૧૨. ભારતીય લોકશાહી : દશા અને દિશા ૨૦-૨૦
૧૩. સર્જકનાં સાથીદાર ૨૦-૨૧
૧૪. ગુજરાતીઓ અને એમની અસ્મિતા ૨૧-૧૧
૧૫. ગ્લોબલ વૉર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા ૨૧-૧૫
૧૬. જાહેર જીવનનો હૃદ્ય દસ્તાવેજ ૨૧-૧૬
૧૭. ગાંધી દર્શનનું પ્રકાશન : આપણા ગાંધી, જગતના ગાંધી ૨૧-૧૮
૧૮. કાલ્પનિક સંવાદો રૂપે નક્કર સામાજિક - રાજકીય મીમાંસા ૨૨-૧૬
૧૯. સત્યભામા ૨૨-૧૭

★ *શ્રદ્ધાંજલિ*

૧. ડૉ. અશોક ડી.બી.વૈદ્ય : એક વિરલ વ્યક્તિત્વ ૧-૨૩
૨. રસિકાબહેન ગોરડિયાને શ્રદ્ધાંજલિ ૨-૭
૩. આખો જન્મારો તને આંખમાં રાખું, મને વ્હાલું લાગે છે તારું મુખ (અરુણભાઈ ભટ્ટ) ૨-૮
૪. અરુણભાઈ સ્મૃતિ સભા ૨-૯
૫. એ.જી. નુરાની : નિસ્બત ધરાવતા અભ્યાસુ વ્યક્તિત્વનો વિલય ૨-૨૨
૬. અરુણભાઈ : મુનિઃ પ્રસન્ન ગંભીર ૩-૪
૭. શૂન્યની અખિલાઈ ૩-૭
૮. યહ શખ્સ ધૂપ મેં ભી છાંવ જૈસા હૈ ૩-૯
૯. ભૂપેશ શાહની વિદાય ૬-૧૫
૧૦. 'ગ્રામ સ્વરાજ'ની બંસરી બજાવનાર મોહનની વિદાય ૧૧-૩
૧૧. ભારતીબહેન પંડિતને શ્રદ્ધાસુમન ૧૧-૧૪
૧૨. સુખદ અકસ્માત ૧૨-૧૮
૧૩. ઝકિયા જાફરી : ઠંડી શક્તિ અને શાંત ગરિમાના સ્વામી ૧૨-૧૯
૧૪. મગનભાઈ પટેલને શ્રદ્ધાંજલિ ૧૩-૨૨
૧૫. દીવડાની જ્યોત સાચવી રાખનાર દ્દષ્ટા ગણસેવક : મોહન હી હી ૧૪-૧૨
૧૬. મૂલ્યનિષ્ઠ વ્યક્તિ : બિરાદર જશવંતસિંહ ચૌહાણ ૧૭-૧૧
૧૭. નીલમબહેન પરીખ : ગાંધી પરિવારનું લોકસુલભ ધન ૧૭-૧૬
૧૮. અમારાં કાલિન્દીતાઈ ૧૮-૯
૧૯. વો જો સવાલ કરતા રહા... અનિલ ચૌધરીની યાદમાં.... ૧૮-૧૮
૨૦. ડૉ. સંઘમિત્રા ઉર્ફે ઉમાદીદી : જ્વલંત કર્મશીલ અને હેતાળ મા ૧૯-૩
૨૧. પ્રેમાળ, સંવેદનશીલ, કર્મશીલ દીકરી-પુસુ ૧૯-૬
૨૨. ઉમાબહેનને યાદ કરતાં ૧૯-૭
૨૩. ઉમાબહેન સ્મરણાંજલિ સભા ૧૯-૯
૨૪. સમાજના કામમાં યોગદાન આપીએ ૧૯-૧૦
૨૪. એક નિર્ભિક અવાજ શાંત થઈ ગયો ૧૯-૧૫
૨૬. સૌની મોટી બહેન ઉમા ૧૯-૧૫
૨૭. ઉમાબહેન : સદાબહાર ૧૯-૧૬
૨૮. વારસાનું જતન ૧૯-૧૭
૨૯. સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં ઉમાદીદી ૧૯-૧૭
૩0. વાદળના પીંજેલા રૂની પૂણી બનાવવા ગઈ છે... ૧૯-૧૮
૩૧. મારાં ખાદી પહેરતાં મેરીલ સ્ટ્રીપ ૧૯-૨૧
૩૨. ઉમાબહેન ઊર્જાના એક સ્રોત સમાં હતાં ! ૧૯-૨૨
૩૩. અણનમ યોદ્ધા ઉમાબહેનને સલામ ! ૧૯-૨૪
૩૪. નિષ્ઠાવાન ભલા ચાકર : પોપ ફ્રાન્સિસ ૨૧-૪

★ *ગાંધી વિચાર*

૧. ગાંધીજીની કેટલીક લાક્ષણિકતાઓ ૨-૪




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૨. ગાંધીવિચારનું વિશ્વદર્શન ૨-૬
૩. ગાંધીજીની કેટલીક લાક્ષણિકતાઓ-૨ ૪-૪
૪. ,, ,, ,, -૩ ૫-૪
૫. ગાંધીદર્શનમાં ઈશ્વર ૫-૬
૬. ગાંધીજીનું તત્ત્વજ્ઞાન ૧૪-૮

★ *સાંપ્રત*
૧. વડોદરું 'ડૂબ્યું' કે 'ડુબાડ્યું' ? ૨-૧૨
૨. સુરતની જળ-જમાવ (વૉટર લોગીંગ) સમસ્યા ૨-૧૭
૩. કુપોષણથી ભારતમાં ૭૦ ટકા બાળમૃત્યુ ૪-૧૧
૪. તળાવોની જાળવણી અંગે રાજ્ય સરકારની ઉદાસીનતા ૪-૧૬
૫. ખેડૂતોને યે સવારે વૉકિંગની જરૂર કેમ પડવા માંડી? ૪-૧૭
૬. અફઘાનિસ્તાનમાં સ્ત્રી વિરોધી તાલીબાનો ૫-૩
૭. પરિવર્તનનું એક નવું પાસું ! ૫-૮
૮. અમારું સ્વપ્ન : અણુશસ્ત્રોથી મુક્ત વિશ્વ ૭-૧૭
૯. હંગર ઇન્ડેક્સ : ભૂખમરામાં ભારત ક્યાં છે? ૯-૨૩
૧૦. અમજદઅલી ખાં કહે છે, દુર્ગા દેવી રડી રહી છે! ૧૦-૧૬
૧૧. વિકાસનો રસ્તો તો ખેડૂતો જ સુઝાડશે ! ૧૦-૨૨
૧૨. પ્રાર્થનાસ્થળ અંગેના ખરડા વિશે રાજમોહનજીનું 'એ' ભાષણ ૧૨-૯
૧૩. બસ્તર એન્કાઉન્ટરના વણઉકલ્યા પ્રશ્નો ૧૩-૧૫
૧૪. સીધું ને સટ્ટ: નર્મદા એવોર્ડનો ભંગ ૧૪-૨૨
૧૫. ભારત માટે ભય પેદા કરતો ચીનનો 'પાણિયારો' ડેમ ૧૪-૨૩
૧૬. બે અનોખાં સન્માન ૧૫-૧૭
૧૭. મહિલાઓ માટે કૃતજ્ઞતા નિધિ ૧૬-૯
૧૮. કચ્છના હક નું પાણી વપરાય છે, રણના અગરિયાનાં પેટ પર લાત મારવામાં... ૧૬-૧૨
૧૯. વિશ્વમાં ભારતની સ્થિતિ અને તેનો સામાજિક વિકાસ ૧૭-૯
૨૦. માણસને ખસેડીને આપણે રોબોટ્સની ગુલામી કરવા તરફ.... ૧૭-૧૪
૨૧. આપણે હવે કઈ દિશા પકડવી છે ? ૧૭-૨૦
૨૨. યહી કિસ્સા પુરાના હૈ ! ૨૨-૧૦
૨૩. મુંબઈમાં પરા ટ્રેનની મુસાફરી એટલે મૉતની મુસાફરી ? ૨૨-૨૧
૨૪. કોમવાદ અને જાતિવાદને નાથશે આશાવાદ ૨૩-૧૦

★ *વ્યક્તિ વિશેષ*
૧. અરુણભાઈ સાથે યુવકોનો સંવાદ ૩-૧૧
૨. અરુણભાઈનું ઘડતર અને સહજીવન ૩-૧૨
૩. મૃદુલા સારાભાઈ ૫-૪
૪. ભાઈ મારા આદર્શ અને માર્ગદર્શક (નરેન્દ્રભાઈ અંજારિયા) ૬-૧૮
૫. અમારાં બા (કસ્તુરબા) ૧૦-૧૧
૬. વિજ્ઞાનપ્રેમી સ્વામી વિવેકાનંદ ૧૧-૨૧
૭. સમાજસેવા માટે સમર્પિત : શ્રી કૃષ્ણવદન જોષી ૧૨-૨૦
૮. ફાધર વાલેસ : ભારતીય સંસ્કૃતિનો ખ્રિસ્તી દૂત ૧૬-૮
૯. કેળવણી માટે મથનારાઃ રશ્મિભાઈ શાહ ૨૦-૭
૧૦. જયપ્રકાશ નારાયણ : સંપૂર્ણ ક્રાંતિના મહાનાયક ૨૧-૧૦
૧૧. માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા-૧ ૨૧-૧૨
૧૨. આઈનસ્ટાઈન ૨૨-૪
૧૩. ગ્રીન રિવોલ્યુશનથી એવરગ્રીન રિવોલ્યુશન : ભારતના કૃષિ વિકાસના યુગપ્રહરી સ્વામીનાથનને શતાબ્દી અંજલિ ૨૨-૮
૧૪. માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા-૨ ૨૨-૧૨
૧૫. ગ્રામસેવક બબલભાઈ ૨૪-૧૨

★ *કૃષિ*
૧. આપણે કયા કયા ઝેરના આમંત્રણથી બચતા રહીશું? ૩-૧૬
૨. હીરાખત (શુચિતા તરફ-૯) ૪-૮
૩. પ્રજાની ભૂખ ભાંગવા પ્રાકૃતિક ખેતી વિના છૂટકો નથી. ૬-૧૪
૪. પ્રાકૃતિક ખેતીની સરકારી માર્ગદર્શિકામાં જીએમ પાકો પર પ્રતિબંધનો ઉલ્લેખ કેમ નહીં? ૮-૧૫
૫. પ્રાકૃતિક ખેતી માટે 'દેશી' બીજ ૧૦-૧૫
૬. તરસ્યાં ખેતરો પાણી ઝંખે છે : પ્રશ્ન પાણીના મેનેજમેન્ટનો છે. ૧૫-૨૦
૭. ખેડૂતો પર્યાવરણના પ્રહરી ન બની શકે? ૧૬-૧૦
૮. ધ્યેયસિદ્ધિ માટે માંહ્યલો હોય તો કોઈના કહ્યે ભાંગી ન પડાય ૨૦-૧૨

★ *શિક્ષણ વિચાર*
૧. ભૌતિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણનો સમન્વય ૩-૨૦
૨. શિક્ષણ : પરિકલ્પન અને પરિણામ ૯-૮
૩. માણસાઈની કેળવણી ૨૦-૫
૪. શિક્ષણમાં સેમિનાર પદ્ધતિનો ઉપયોગ ભાગ-૧ અને ૨ ૨૩-૪, ૨૪-૫

★ *ફિલ્મ પરિચય*
૧. ઓળખને ઢાંકી દેતા ઘૂંઘટની આરપાર : લાપતા લેડીઝ ૪-૨૧
૨. બંધિયાર મનમાં પ્રકાશનો શેરડો ફેંક્તી ફિલ્મ : ઉંબરો ! ૧૮-૨૦

★ *વિશ્લેષણાત્મક લેખો*
૧. આપણે શિવ માટે કાપ્રા જેવું તાદાત્મ્ય અનુભવી શકીએ ? ૫-૧૦
૨. મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ ૫-૨૨
૩. મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ ભાગ-૨ ૬-૧૨
૪. ગાંધીજીના સમાજવાદમાં નિરાધાર, દીન, હીન, સર્વનો સમાવેશ થાય છે. ૬-૨૦
૫. મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ ભાગ-૩ ૭-૧૫
૭. મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ ભાગ-૪ ૯-૧૪
૮. મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ ભાગ-૫ ૧૦-૯
૯. શત્રુને હરાવે તે વીર, શત્રુને મિત્ર બનાવે તે મહાવીર ૧૭-૮

★ *અન્ય*
૧. સ્વચ્છતા માટે તાલીમ જરૂરી છે (શુચિતા તરફ-૧૦) ૬-૧૦
૨. આત્મદર્શનમ્ યોગ્યત્વમ્ (શુચિતા તરફ-૧૧) ૮-૧૦
૩. વાત મેઘાલયની ૮-૨૨
૪. માંગને સે જો મૌત મિલ જાયે.... ૯-૧૬
૫. જીવન દેવતાને ચરણે અર્ઘ્ય ૯-૧૮
૬. સ્વામી વિવેકાનંદનો સંદેશ ૧૫-૧૫
૭. એય દોસ્ત છે ૧૭-૨૩
૮. અંધશ્રદ્ધાનું મિથ્યા વિજ્ઞાન ૨૧-૧૯
૯. પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવું એ જાત પ્રત્યેની ફરજ છે. ૨૩-૧૭
૧૦. ભૂ.પુત્ર વર્ષ ૭૨ની સૂચિ ૨૪-૧૪
૧૧. ભૂ.પુત્રના લેખકોનો પરિચય ૨૪-૧૭

★ *કાવ્યો*
૧. ધર્મ ૬-૧૩
૨. હિંસાયે ઉન્મત્ત પૃથ્વી.... ૮-૧૬

★ *સોક્રેટીસ સાથે સંવાદ*
૧. સોક્રેટીસ ઉવાચ : અવિચારી દેશભક્તિ વિ. સમજદારી - ભારતીય દેશભક્ત અને સોક્રેટીસ વચ્ચેનો કાલ્પનિક સંવાદ ૭-૪
૨. સોક્રેટીસ ઉવાચ-૨ : આરબ આતંકવાદી અને સોક્રેટીસ વચ્ચેનો કાલ્પનિક સંવાદ ૮-૪
૩. સોક્રેટીસ ઉવાચ-૩ : સોક્રેટીસ અને એક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય મુસ્લિમ વચ્ચેનો કાલ્પનિક સંવાદ- ૧ ૯-૪

૪. સોક્રેટીસ ઉવાચ-૪ : સોક્રેટીસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચેનો કાલ્પનિક સંવાદ- ૨ ૧૦-૪

૫ સોક્રેટીસ ઉવાચ-૫ : પ્રખર હિંદુવાદી અને સોક્રેટીસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ ૧૧-૪

૬. સોક્રેટીસ ઉવાચ-૬ : પ્રખર હિંદુવાદી અને સોક્રેટીસ વચ્ચેનો વધુ એક કાલ્પનિક સંવાદ ૧૨-૪

૭. સોક્રેટીસ ઉવાચ-૭ : પ્રખર હિંદુવાદી અને સોક્રેટીસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ ૧૩-૪

૮. સોક્રેટીસ ઉવાચ-૮ : સોક્રેટીસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ ૧૪-૪

૯. સોક્રેટીસ ઉવાચ-૯ : સોક્રેટીસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ ભાગ-૨ ૧૫-૪

૧૦. સોક્રેટીસ ઉવાચ-૧૦ : સોક્રેટીસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ ભાગ-૩ ૧૬-૪

૧૧. સોક્રેટીસ ઉવાચ-૧૧ : સોક્રેટીસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ ભાગ-૪ ૧૭-૪

૧૨ સોક્રેટીસ ઉવાચ-૧૨ :ભારતીય દેશભક્ત અને સોક્રેટીસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ ૧૮-૪

★ *અર્થતંત્ર*

૧. મૂડીવાદી અર્થતંત્રમાં આદિવાસીઓનું ભાવિ ૭-૭

૨. વૈકલ્પિક બજેટ અંગે ૧૨-૧૨

૩. દેશના અંદાજપત્રમાં આબોહવા પરિવર્તનના પીડિતો કુદરત ભરોસે ૧૨-૨૨

★ *રાજનીતિ*

૧-૨-૩. જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ - ભાગ-૧,૨,૩ ૧૨-૧૫, ૧૩-૧૮, ૧૪-૧૫

૪. સંસદીય મતવિસ્તારોના પુનઃસીમાંકનની દક્ષિણનાં રાજ્યો પર શી અસર પડશે ?૨૦-૧૫

૫. બિહારમાં મતદારયાદી સુધારણા પ્રક્રિયા ૨૩-૧૧

૬. કટોકટી રાજના એકવીસ મહિના : શશી થરુરની સાફ વાત ૨૩-૧૬

★ *આરોગ્ય*

૧. સ્માર્ટ ફોનથી થતી બીમારીઓ ૧૬-૨૧

૨. અમેરિકા વિનાનું વિશ્વ આરોગ્ય સંગઠન : શાપ કે વરદાન ? ૧૮-૧૭

★ *આંદોલન સમાચાર*

૧. 'તીસ સાલ - સંઘર્ષો કી મશાલ' ૧૪-૨૦

૨. NAPM@30 : હૈદરાબાદ ઘોષણા પત્ર ૧૬-૧૭

૩. એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જનરાજનીતિની યાત્રા-૧ ૧૮-૧૫

૪. રિવરફ્રન્ટ સામે પૂણેના નાગરિકોનું ચિપકો આંદોલન ૧૮-૨૩

૫-૬-૭. એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જનરાજનીતિની યાત્રા ભાગ-૨,૩,૪ ૨૦-૧૦, ૨૨-૧૯, ૨૪-૯

આ વર્ષના તા. ૧૬-૧૦-૨૦૨૪ના અંક-૩ માં અરુણભાઈ ભટ્ટ અંગે વિશેષ સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને તા. ૧૬-૧૧-૨૦૨૪ ના અંક-૫માં એક સદીની કલાયાત્રા - કલા ગંગોત્રીના પાંચ ગ્રંથ વિશેષ સામગ્રી અંક તરીકે પ્રકાશિત કરાયો હતો. તા ૧૬-૬-૨૦૨૫નો અંક-૧૯ ડૉ. સંઘમિત્રા ગાડેકર સ્નેહાંજલિ વિશેષાંક હતો.

---

## શિક્ષણમાં સેમિનાર.. (પાન ૮નું ચાલુ)

પ્રોટાગોરસ : વાત તો તમારી સાચી, સોક્રેટિસ. પરંતુ, તેમ છતાં, હું માનું છું કે સદ્ગુણનું શિક્ષણ જ માણસોને જ્ઞાની અને અસરકારક નેતા બનાવે છે.

સોક્રેટિસ : ભલે. આપણે સ્વીકારીએ કે સદ્ગુણ એક શીખવી શકાય એવું કૌશલ્ય છે. પણ, એ પહેલાં હું વધુ પુરાવા જોવા માંગું છું. શું તમે એમ સાબિત કરી શકો કે સદ્ગુણની શિક્ષા જ તેમની સફળતાનું કારણ છે, અને બીજું કંઈ નહીં?

અંતમાં, દાવાની સચ્ચાઈ સાબિત કરવા વાસ્તે નક્કર પુરાવા અને તર્કની જરૂર છે એવું સમજાવીને સોક્રેટિસ પ્રોટાગોરસને સદ્ગુણ શીખવી શકાય છે અને સદ્ગુણના શિક્ષણથી જ વ્યક્તિ સફળ થાય છે એવી પોતાની ધારણા વિષે પુનર્વિચાર કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

**(ક્રમશઃ)** **પ્રવીણ જ. પટેલ**

૧૦૦૧, પવનવીર, પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨. મોબ : ૯૮૭૯૭૬૩૦૮૩, ઈમેલ : pravin1943gmail.com

## ગ્રામસેવક.. (પાન ૧૨નું ચાલુ)

એ તો એમના અધ્યાત્મના પ્રગટીકરણ માટેનાં ઉપકરણ હતાં. પંડિતો, તત્ત્વેત્તાઓ, અધ્યાત્મની શાસ્ત્રીય વ્યાખ્યા જે બાંધતા હોય તે, પણ બબલભાઈને અધ્યાત્મની ગેડ પેસી ગઈ હતી. જે આત્મતત્ત્વ મારામાં છે તે આત્મતત્ત્વ સૌમાં છે. મને ભૂખ-દુઃખની જેવી લાગણીઓ થાય છે તેવી જ સૌને થતી હશે, તેથી જ તેવાં કામોમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી. બબલભાઈ એટલે મીઠું-મધુરું સ્મિત, ક્ષોભનો સદંતર અભાવ, હૃદયને ભરીભરી દેતી શાંતિ, સંસ્કારિતા, બાહ્ય-આંતર સફાઈ ને શુદ્ધિ માટેની લગન જેવા ગુણો તેમનામાં હતા. આવાં બધાં જ વિશેષણો એમની સાથે જેઓ અવારનવાર સંસર્ગમાં આવ્યા છે તેઓને અચૂક દેખાયાં છે.

આવી પ્રસન્ન મૂર્તિ માટે ચી૦ના૦ પટેલે માસરા ડાયરીની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ''મહાભારતમાં યુધિષ્ઠિરની ઇચ્છાથી ઇન્દ્રનો દૂત તેમને નરકમાં લઈ ગયો. ત્યાં તેમણે ચોમેરથી અવાજો સાંભળ્યા : હે ધર્માત્મા તમે અમારા ઉપર કૃપા કરો અને અહીં જ થોડી વાર ઊભા રહો, આપનાં અંગોમાંથી પુણ્યની શીતળ સુગંધ પ્રસરે છે અને આ અસહ્ય દુર્ગંધને પણ સહ્ય બનાવે છે.'' દેશના આજના કલુષિત વાતાવરણની દુર્ગંધને પણ બબલભાઈ જેવા પ્રસન્ન વ્યક્તિત્વની સુગંધ આપણને સહ્ય બનાવી શકે છે. સદાય પ્રસન્નચિત્ત એવા ગ્રામસેવક બબલભાઈને અમારા શત શત વંદન. **સંકલન : ભદ્રા સવાઈ**

---

# વાચકોના પત્રોમાંથી

- **હિંમતભાઈ પારેખ,** (મુ.ભાદ્રોડ, તા.મહુવા, જિ.ભાવનગર, પીન-૩૬૪૨૯૫)

  ૧૬.૬.૨૫ના ભૂ.માં ઉમાદીદી વિશેષાંક કરીને ભૂ.એ તેમનું ઋણ ચૂકવ્યું છે. સુદર્શન આયંગરે બહુ જ સરસ જીવનવૃત્તાંત રજૂ કર્યું છે. તેમનાં વિવિધ કામોનો ખ્યાલ આવ્યો. આજે ડૉક્ટરો લાખો કમાય છે, તેવે વખતે ઉમાદીદીએ વેડછીમાં રહીને કામો કર્યાં. ૨૦૦૨નાં તોફાનો પછી મા-બાપ ગુમાવેલ બાળકોને લાવીને તેમને શિક્ષણ આપવું, બહેનોને તેમના પ્રશ્નોમાં મદદ કરવી - આ બધું ઉચ્ચ કોટિના આત્માની નિશાનીઓ છે. ઉમાદીદીને સલામ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂમિપુત્રના લેખકોનો પરિચય

(ભૂમિપુત્રનું નવું વર્ષ ૧૬મી સપ્ટેમ્બરના અંકથી શરૂ થાય છે. અને ૧લી સપ્ટેમ્બરના અંકથી પૂરું થાય છે. આપણે દર વર્ષે ૧લી સપ્ટેમ્બરના ૨૪મા અંકમાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખોની વિષયવાર સૂચિ બનાવીએ છીએ. આ વર્ષે આ ચોવીસમા અંકમાં ભૂમિપુત્રમાં નિયમિત રીતે લેખો આપતા લેખકો-લેખિકાઓનો પરિચય આપવાનો પણ પ્રયાસ કર્યો છે. આશા છે વાચકોને તે ગમશે. **-સં.**)

### (૧) ભદ્રાબહેન વિક્રમભાઈ સવાઈ

તાપી જિલ્લાના વાલોડ ગામમાં ૧૫.૪.૧૯૪૪માં જન્મ. કુટુંબમાંથી જ ગાંધી અને ખાદીના સંસ્કાર મળ્યા. વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાંથી સંગીતના વિષયમાં અનુસ્નાતક થયાં. ગુજરાત વિદ્યાપીઠમાંથી બી.એડ., એમ.એડ. અને એમ.ફિલ. ગાંધીદર્શન વિષય સાથે કર્યું. પહેલાં ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં અને પછી ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં અધ્યાપન કાર્ય સાથે સંગીત અને અન્ય જવાબદારીઓ સંભાળી. વ્યવસાયની સાથે અન્ય સેવા અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ તેઓ યોગદાન આપતાં રહ્યાં. આ ઉપરાંત શ્રી નારાયણભાઈ દેસાઈની ૧૧૬ ગાંધીકથામાંથી ૧૦૦ ગાંધીકથાઓમાં સંગીત સંયોજિકા તરીકે ફરજ નિભાવી – દેશ વિદેશમાં જવાનું થયું. તેઓ વિવિધ સામયિકોમાં લખતાં રહ્યાં છે, આજે પણ એ પ્રવૃત્તિ ચાલુ છે. સંશોધન-સંપાદન કરીને તેમણે ગાંધીની વીરપસલી, ગાંધીકથા, ગાંધીજીનું પ્રાર્થના ચિંતન, નયન નીરખે ઊંડેરું જેવાં અમૂલ્ય પુસ્તકો આપ્યાં છે. તેમને વિવિધ એવોર્ડ પણ મળ્યા છે.

### (૨) પ્રવીણભાઈ જ. પટેલ

પ્રવીણભાઈએ સમાજશાસ્ત્રમાં એમ૰એ૰ અને ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. કોલંબિયા યુનિ૰ન્યુયોર્કમાંથી પોસ્ટ-ડોક્ટરલ સંશોધન કર્યું છે. સરદાર પટેલ યુનિ૰ના વાઇસ ચાન્સેલર, મહારાજા સયાજીરાવ યુનિ૰માં આર્ટસ ફેકલ્ટીના ડીન તેમજ સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને વડા સહિત અનેક વરિષ્ઠ શૈક્ષણિક ભૂમિકાઓ નિભાવેલી છે. તેમને આઈ૰બી૰એમ૰ ઇન્સ્પાયરીંગ વાઇસ ચાન્સેલર ઑફ ધ ઈયર એવોર્ડ (૨૦૦૫), ફુલબ્રાઇટ ફેલોશિપ જેવી વિવિધ પ્રતિષ્ઠિત ફેલોશીપ અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કોલંબિયા, ઑક્સફર્ડ, માન્ચેસ્ટર યુનિવર્સિટી અને લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ સહિત અનેક અગ્રણી વૈશ્વિક સંસ્થાઓમાં પ્રવચનો આપ્યાં છે અને સેમિનારમાં ભાગ લીધો છે. તેવી જ રીતે દેશભરમાં વિવિધ યુનિવર્સિટીઓમાં તેમને વીઝીટીંગ પ્રોફેસર તરીકે નિમંત્રિત કરાયા છે. સંશોધન પ્રોજેક્ટોમાં પણ તેમણે ભાગ લીધો છે. પ્રવીણભાઈના લેખો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પ્રસિદ્ધ જર્નલોમાં પ્રકાશિત થાય છે.

### (૩) અમી ભટ્ટ

ભૂદાન અને સર્વોદય કાર્યકર દંપતી મીરાબહેન અને અરુણભાઈ ભટ્ટનાં દીકરી તેથી સહજ જ વિનોબાવિચારના સંસ્કાર અને જીવન-મૂલ્યોનું પોષણ મળ્યું. બાળપણ અને અભ્યાસ ભાવનગર તેમજ અમદાવાદ ખાતે થયો. ત્રીસેક વર્ષ સુધી સારવકુંડલા મહિલા કૉલેજમાં અધ્યાપિકા તરીકે સેવાઓ આપી. સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ હાલમાં તેઓ વડોદરામાં રહે છે. ભૂમિપુત્રનાં પહેલાં પાનાઓમાં અપાતી વિનોબાવિચારની પ્રસાદી નિયમિત રીતે અમીબહેન તૈયાર કરે છે. તેઓ મનગમતાં રસરુચિ અનુસાર સાહિત્ય, સંગીતનો આનંદ ઉઠાવે છે, લેખન, અનુવાદ કરે છે. તેમનાં પાંચ પુસ્તકોના અનુવાદ પ્રકાશિત થયા છે.

### (૪) રોહિતભાઈ શુક્લ

તેઓ એમ૰એ૰ અને પી૰એચ૰ડી૰ થયેલા છે. કૉલેજમાં ૧૩ વર્ષ અધ્યાપન કાર્ય કર્યું અને સંશોધન ૨૯ વર્ષ. ભારત સરકાર, વિશ્વ બેંક, યુ૰એન૰ રાજ્ય સરકારના આયોજન પંચના સભ્ય, ઈસરો, વાસ્મો (ગુજરાત) જેવી સંસ્થાઓમાં કન્સલ્ટન્સી કરી છે. તેમના સંશોધનનાં ક્ષેત્ર : દુકાળ અને ગરીબી, પાણી, જળવ્યવસ્થાપન, પર્યાવરણ, આદિવાસી, ગ્રામ વિકાસ, શિક્ષણ, કાગળ ઉદ્યોગ રહ્યાં છે. આ ઉપરાંત તેમણે ગુજરાતનાં ગણ્યમાન્ય સામયિકોમાં તેમજ અખબારોમાં લેખનકાર્ય કર્યું છે. 'અભિદૃષ્ટિ' તેમજ માધુકરી સામયિકોનું ત્રણ દાયકા જેટલા સમયગાળા સુધી સંપાદન કર્યું છે. રોહિતભાઈએ લખેલાં પુસ્તકો : ચોથા વાંદરાનું ચિંતન, દુકાળ અને ગરીબી, ગુજરાતનો પાણીનો પ્રશ્ન વગેરે. દુકાળ, આદિવાસી, ગરીબી અને સમસ્યાઓના અભ્યાસને કારણે સાંપડેલાં લક્ષણો તથા સંભવિત ઉકેલોની મથામણમાંથી એન.જી.ઓ. ક્ષેત્ર સાથે પણ અનુબંધ સ્થપાયો. થોડીક સ્વયંસેવી સંસ્થાઓ સાથે મળીને સામાજિક કાર્યો કરતાં કરતાં 'સરિતા' (CERITA) નામની સંસ્થા શરૂ કરી. તેના દ્વારા સૂકી ખેતી, વૃક્ષારોપણ તથા જળસ્રાવ વિસ્તારનાં વિકાસલક્ષી કાર્યોમાં યત્કિંચિત્ યોગદાન કર્યું.

### (૫) આશા વીરેન્દ્ર શાહ

જન્મ ૧૯૫૦માં, બી૰એસ૰સી૰નો અભ્યાસ કર્યો પરંતુ સાહિત્ય, સંગીત અને અભિનયમાં વિશેષ રુચિ. સાહિત્યના જુદા જુદા પ્રકારોમાં લેખન કરવું ગમે જેમ કે, ટૂંકી વાર્તાઓ, નિબંધ, બાળવાર્તા, હાસ્યલેખો, નાટકો વગેરે. મુંબઈથી પ્રસિદ્ધ થતા 'જન્મભૂમિ-પ્રવાસી'માં અવાર નવાર લેખો ઉપરાંત 'આસવ' નામની કોલમ અંતર્ગત ટૂંકી વાર્તાઓ નિયમિત રીતે પ્રગટ થાય છે. અખંડ-આનંદ, જન કલ્યાણ, નવનીત સમર્પણમાં કૃતિઓ છપાય છે. વડોદરાથી નીકળતા પખવાડિક સર્વોદય મુખપત્ર 'ભૂમિપુત્ર'ની છેલ્લા પાનાની વાર્તાનું લેખનકાર્ય ૨૦૧૦ની સાલથી સંભાળ્યું છે. 'ભૂમિપુત્ર'માં છપાયેલી ૪૦-૪૦ વાર્તાઓના સંગ્રહનાં પુસ્તકો 'તર્પણ' ભાગ ૧ થી ૪ તથા 'જનનીના હૈયામાં' નામે પ્રગટ થયાં છે. કિશોરીઓ અને સ્ત્રીઓને લગતી વાર્તાઓનાં સંપાદનોનાં બે પુસ્તકો 'અદીઠી ભોંયનાં રાતાં ફૂલ' અને 'ગાઠે બાંધ્યાં અગનફૂલ' બકુલા ઘાસવાલા સાથે કર્યાં. આ ઉપરાંત અન્ય વાર્તા-લેખન અનુવાદનું કામ પણ તેઓ કરતાં રહે છે. આ ઉપરાંત વલસાડ જિલ્લાની સમાજના વિકાસ માટે કામ કરતી વિવિધ સંસ્થાઓ સાથે મળીને નાટ્યશિબિર, ભાષા સુધારણા શિબિર, વાર્તાલેખન, નાટ્યલેખન વગેરે પ્રવૃત્તિઓ કરે છે.

### (૬) અશ્વિન કારીઆ

તેઓ ૮૦ વર્ષની વયે પાલનપુરમાં યુવાનો સાથે રહીને યુવા શિબિરો કરતા રહ્યા છે. તેમણે વિવિધ સ્થળોએ બંધારણ અને વૈજ્ઞાનિક અભિગમ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પર ઘણાં વક્તવ્યો આપ્યાં છે. તેમણે રેશનાલિઝમ, બિન-સાંપ્રદાયિકતા, સામાજિક ન્યાય, સમાન નાગરિક ધારો જેવાં અનેક ક્ષેત્રે એક સંસ્થા ન કરી શકે તેટલું સરસ કામ કર્યું છે. કાયદા વિશેનાં ઘણાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. તેમણે રેશનાલિઝમ, વૈજ્ઞાનિક અભિગમ, વિવેક બુદ્ધિવાદ, માનવવાદ, આત્મહત્યા સ્ત્રીઓ બાળકોના અધિકારો પર પુસ્તકો પણ લખ્યાં છે.

## (૭) સોનલ પરીખ

તેમનો જન્મ ખેડા જિલ્લાના ધર્મજ ગામમાં થયો હતો. ઉછેર અને શિક્ષણ, મોરબી, રાજકોટ અને મુંબઈમાં થયાં. તેમના પિતા ડૉ. પ્રબોધભાઈ પારેખ મહાત્મા ગાંધીના પ્રપૌત્ર થાય. તેમણે ભારતીય વિદ્યાભવનના સામયિક 'નવનીત સમર્પણ'ના તંત્રી વિભાગમાં બે વર્ષ કામ કર્યું છે. મુંબઈ સર્વોદય મંડળ અને મણિભવનમાં સંશોધન કાર્ય તેમજ વહીવટી કાર્યનો ત્રણ વર્ષનો અનુભવ લીધો છે. વર્ષ ૨૦૧૦થી ૨૦૧૬ સુધી 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં કાર્યરત રહ્યા. તેઓ હાલમાં બેંગ્લોર રહીને જન્મભૂમિ પ્રવાસી, પ્રબુદ્ધ જીવન, નવચેતન, સામયિકોમાં લેખો લખે છે. તેમણે પરિચય પુસ્તિકાઓ લખી છે. લોકપ્રિય પુસ્તકોના અનુવાદોનાં ૧૫ ઉપરાંત પુસ્તકો પ્રકાશિત થયાં છે.

## (૮) કપિલ શાહ

૧૯૬૩માં વડોદરામાં જન્મેલા કપિલ શાહે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગામડામાં રહીને લીધું, તે દરમિયાન પણ ખેતીના વિષયો ભણ્યા. આણંદના કૃષિ મહાવિદ્યાલયમાંથી બી.એસ.સી.(એગ્રી) અને એમ.એસ.સી. (એગ્રી.) ઇન પ્લાન્ટ બ્રીડીંગ એન્ડ જીનેટીક્સની ડિગ્રી મેળવી. અભ્યાસ બાદ ગ્રામભારતી અમરાપુરમાં પાંચ વર્ષ ઉચ્ચ શિક્ષણ આપવાનું કામ કર્યું. અભ્યાસકાળથી જ તેમને પર્યાવરણ અને સજીવ ખેતીમાં રસ હતો. ૧૯૯૨થી તેઓ વડોદરાના વિનોબા આશ્રમ ખાતે સ્થાયી થઈ 'જતન' નામે સજીવ ખેતી માટેનું મિશન ચલાવી રહ્યા છે. સજીવ ખેતી, પર્યાવરણ, જનીન ઈજનેરી અને વૈકલ્પિક વિકાસ વિષયક અનેક લેખો, રજૂઆતો અને પુસ્તકોનાં સંપાદન તેમણે કર્યાં છે. વિવિધ સ્તરે શિબિરો - પરિસંવાદ, સજીવ ખેતીની પેદાશોનું વિતરણ, ગોષ્ઠિ, મેળાઓનું સફળ આયોજન-સંયોજન, મિત્રો-સંસ્થાઓના સહયોગથી તેઓ કરતા આવ્યા છે. ભારત કક્ષાએ પણ સજીવ ખેતીની ચળવળ સાથે તેઓ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. તેઓ સરકારની કેટલીક સમિતિઓના સભ્ય-સલાહકાર રહી ચૂક્યા છે. આ જ વિષયો અંગે તેમને વિદેશોમાં પણ વિવિધ આમંત્રણો મળતાં રહે છે.

## (૯) ડંકેશ ઓઝા

જન્મ ૧૯૫૩માં. તેમને માનવમૂલ્યો, લોકશાહી મૂલ્યો અને બંધારણીય મૂલ્યોમાં ઊંડી શ્રદ્ધા છે. રેશનાલિઝમ તરફનું વલણ હોવાથી તાર્કિકપણે વિચારવાની આદત. આપણી આસપાસનો સમાજ અને સમૂહ વધુ સારો અને જવાબદાર બને એ નિસ્બત મુખ્ય છે. તેઓ એક જાણીતા લેખક અને ગ્રંથસમીક્ષક છે. તેમનાં સંસ્મરણાત્મક અને પ્રવાસવિષયક પુસ્તકો પ્રગટ થયાં છે. તેમણે અનુવાદ અને સંપાદન પણ કર્યાં છે. અંગ્રેજી સાહિત્યના વિષય સાથે સ્નાતક થયા બાદ સચિવાલયમાં કામ કર્યું. ત્રણ દાયકાના અંતે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ત્યાં સુધીમાં જાહેર સેવાનો વિવિધ પ્રકારનો સંતર્પક અનુભવ મળ્યો. એ પણ સર્વાધિક ઉપયોગી જ નીવડ્યો. સંયુક્ત સચિવના ઉચ્ચપદેથી નિવૃત્તિ લીધા બાદ તેઓ સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિ ઉપરાંત તાલીમ અને પ્રવાસમાં રસ લે છે.

## (૧૦) હીરજીભાઈ ભીંગરાડિયા

હીરજીભાઈ બોટાદ જિલ્લાના ગામ માલપરાના વતની. ૧૯૬૫માં લોકભારતી સણોસરાથી કૃષિના સ્નાતક થયા. ગુરુજનોના આદેશ અનુસાર નોકરી કરવાને બદલે વતનના ગામડે જઈ અભ્યાસ દરમ્યાન મેળવેલ જ્ઞાન અને સમજણને આધારે ખેતીમાં પ્રયોગો શરૂ કર્યા. ધરતી-પાણી-પ્રકાશ અને હવાના સહારે છોડવા-ઝાડવાં-જીવડાં અને જાનવરોના માધ્યમ થકી શરૂ કરાયેલા કૃષિ તેમજ કૃષિ-સંલગ્ન વિષયોમાં, વૈજ્ઞાનિક ઢબે લેવાયેલી દરકાર અને ઉત્પાદક શ્રમ તથા ગણતરીપૂર્વકના પુરુષાર્થના પ્રતાપે કુટુંબ માટે પ્રામાણિક રોટલો રળવા ઉપરાંત બોટાદના એ સૂકા વિસ્તારમાં અન્ય ખેડૂતો ધડો લઈ શકે તેવી 'પંચવટી બાગ' નામની નમૂનેદાર વાડી તેમણે તેમનાં પત્ની ગોદાવરીબહેન સાથે મળીને કરી અને એક 'સાચા ખેડૂત'ની ઓળખ પામ્યા. આ ઉપરાંત ખેતીના વ્યવસાયમાં કામ કરતાં કરતાં મળેલાં વિવિધ પરિણામોની જાણ સમાજને ચરણે ધરવા લોકોને વાડીમાં થતું કામ દેખાડવું, સભા-સંમેલનોમાં રજૂઆતો કરવી, અખબારો, સામયિકોમાં કોલમો-લેખ લખવા ઉપરાંત બાવન જેટલી અનુભવસિદ્ધ પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી. ગમતાનો ગુલાલ કરવાના કાર્યને ફરજનો એક ભાગ સમજી ૮૦ વર્ષની આયુએ જોસભેર મથી રહ્યા છે.

## (૧૧) હરેશ ધોળકિયા

વર્ષ ૧૯૬૬થી ૧૯૯૧ સુધી, પચ્ચીસ વર્ષ શિક્ષણ કાર્ય કર્યું છે. ભુજ (કચ્છ)ના વતની છે. ગાંધીજી, વિવેકાનંદ, રજનીશ, કૃષ્ણમૂર્તિ, વિનોબા, ટાગોરનું સાહિત્ય વાંચ્યું છે. આંતરિક જીવન જીવવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. અત્યાર સુધીમાં તેમનાં ૧૭૫ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમણે સ્વતંત્ર, અનુવાદ, સંપાદન, હાસ્યલેખો, પ્રેરણાત્મક પુસ્તકો લખ્યાં છે. માનસિક સ્વાસ્થ્ય, શિવામ્બુ, પ્રાકૃતિક ચિકિત્સા, જાતીય સ્વાસ્થ્ય, ભારતીય વેદાંત, મેનેજમેન્ટ વગેરે વિષયો પર પ્રવચન આપેલ છે.

## (૧૨) ડૉ. કિરણ શિંગ્લોત

કામરેજ (જિ.સુરત)માં ૧૯૫૫માં જન્મ. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં પૂર્ણકાલીન તબીબ તરીકે ૧૯૮૫થી ૨૦૧૩ સુધી સેવાઓ આપી. તેઓ વર્ષોથી વડોદરાના યોગનિકેતનમાં માનદ્ સંચાલક તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ બાળરોગ વિશેષજ્ઞ હોવા ઉપરાંત એક આધુનિક ચિકિત્સક છે. માઇન્ડ-બોડી હીલીંગ પ્રેક્ટીસ, બાળવર્તન અને તરુણાવસ્થાના વર્તનને લગતી સમસ્યાઓમાં કાઉન્સેલીંગનું કાર્ય પણ કરે છે. સંલગ્ન વિષયો અંગે પ્રશિક્ષણ અને લેખનકાર્ય પણ બહોળું છે. ગુજરાતનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં આરોગ્ય, બાળઉછેર, માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય વગેરે અંગેના લેખો, 'આપણું સ્વાસ્થ્ય'નું છેલ્લાં ૨૬ વર્ષથી સંપાદન અને લેખન તેઓ કરતા આવ્યા છે. આ ઉપરાંત ડૉ. કિરણભાઈએ વીસ ઉપરાંત પુસ્તકોના અનુવાદ તેમજ આલેખનનું કાર્ય પણ કર્યું છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નિવૃત્તિ પછી પણ ગ્રામવિકાસ સંસ્થા પાનેલાવ, તા.હાલોલના સહયોગમાં છેલ્લાં ૩૨ વર્ષથી પંચમહાલના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારેમાં આરોગ્યસેવાઓ ચાલુ રાખી છે. આ ઉપરાંત છોટાઉદેપુરના આદિવાસી વિસ્તારોમાં છેલ્લાં ૧૬ વર્ષથી આરોગ્ય સેવાકાર્ય ચાલુ છે.

### (૧૩) યશવંત મહેતા

તેમનો જન્મ ૧૯-૦૬-૧૯૩૮ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીલાપુર ગામમાં થયો હતો. કિશોર અવસ્થાથી જ વાંચનનો ખૂબ શોખ ધરાવતા હતા. તેમણે ૪૫૦થી વધુ પુસ્તકો લખ્યાં છે, જેમાં ૧૦૦ જેટલી કિશોર સાહસ કથાઓનો સમાવેશ થાય છે. 'યુગ યાત્રા' (૧૯૮૪) લાંબી વિજ્ઞાન સાહસ કથા છે. હાલમાં તેઓ ૧૦૩ વર્ષથી ચાલતા 'નવચેતન' સામયિકનું સંપાદન કરી રહ્યા છે. ગાંધીજી ઉપરનું તેમનું પુસ્તક '૧૫૦ વાતો ગાંધીજીની' એ પ્રકાશિત થયું છે. ઘણા બધા પુરસ્કારોથી તેઓ સન્માનિત થયા છે.

### (૧૪) નલિની નાવરેકર

તેમનો જન્મ ૧૯૫૯માં થયો હતો. તેઓ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ગોવર્ધનમાં રહે છે. તેમનું વિશેષ શિક્ષણ ચિત્રકળા વિષયમાં થયું હતું. તેઓ બાળપણથી જ સત્સંગ તરફ વળેલાં હતાં. જીવન અને કાર્યના પાયામાં અધ્યાત્મ તથા ગાંધી-વિનોબા, સર્વોદય વિચાર હંમેશાં રહ્યાં. છેલ્લાં ચાલીસ વર્ષથી 'પર્યાવરણીય સ્વચ્છતા' એ ક્ષેત્રમાં વિવિધ કામો કર્યાં છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સ્વચ્છતા એ વિષય પર પ્રશિક્ષણ, પ્રયોગ, પ્રચાર, પ્રસાર તથા વિશેષ પ્રોજેક્ટ - આ પાંચ પ્રકારે કામો નાસિક વિસ્તારમાં કરે છે. નલિનીતાઈ આ કામોની સાથે સાથે સફાઈ તથા અન્ય વિષયો પર લેખનકાર્ય પણ કરતાં રહ્યાં છે. બાળકો અને મહિલાઓ વચ્ચે પણ વિવિધ પ્રવૃત્તિઓ, સજીવ ખેતી, ગીતા પ્રવચન અંગેના શિબિરો, ગીતાઈ તેમજ સાહિત્યપ્રચારમાં રમમાણ રહે છે. સત્સંગ, અધ્યાત્મ, સ્વાધ્યાય એ તેમના જીવનનાં અભિન્ન અંગો છે.

### (૧૫) જગદીશ પટેલ

જન્મ નાસિકમાં ૧૯૫૭માં. શિક્ષણ નાસિક અને નડિયાદમાં. કેમિકલ એંજિનિયર બન્યા પછી વડોદરાની આસપાસનાં રસાયણ કારખાનાઓમાં ૧૯૯૮ સુધી કામ કર્યું. ૧૯૮૨થી કામદાર ચળવળમાં સક્રિય થયા. ૧૯૯૦માં સેફ્ટી ઑફિસર બન્યા. ૧૯૮૮થી વ્યાવસાયિક આરોગ્ય અને સલામતી અંગે અનિયમિતકાલીન પત્રિકા શરૂ કરી, જે ૨૦૧૭ સુધી ચલાવી, તેનું સંપાદનકાર્ય કર્યું. ૧૯૯૨માં વ્યાવસાયિક આરોગ્ય અને સલામતી પર વધુ વ્યવસ્થિતપણે કામ કરવા જગદીશભાઈએ 'પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ સેન્ટર' નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા આ વિષય પર કામ કરતી દેશની મહત્ત્વની સંસ્થાઓ પૈકી એક ગણાય છે.

તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. દેશ-વિદેશનાં સામયિકોમાં તેમના ઉપરોક્ત વિષય પર અનેક લેખો અને સંશોધન પેપર પ્રકાશિત થયાં છે. તેમને અમેરિકન પબ્લિક હેલ્થ એસોસીએશન દ્વારા આંતરરાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. તેઓ આ વિષય અંગે ગુજરાતનાં વિવિધ સામયિકો તેમજ અખબારોમાં પણ નિયમિત લખતા રહે છે.

### (૧૬) યાત્રી બક્ષી

તેમનું નિસ્બતનું કાર્યક્ષેત્ર છે પર્યાવરણ કેન્દ્રિત સંવાદ. તેઓ પર્યાવરણ સંત્રી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે તેની સ્થાપનાથી જ સંકલન અને માર્ગદર્શન આપી રહ્યાં છે. વર્લ્ડ વાઇલ્ડ લાઈફ ફંડ ફોર નેચર-ઇન્ડિયા સાથે તેમનું જોડાણ ૧૯૭૮માં શરૂ થયું. ૧૯૯૯માં તેમણે રાજ્યનું ગુજરાતી ભાષાનું પૂર્ણપણે પર્યાવરણને સમર્પિત સર્વપ્રથમ દ્વિમાસિક 'પર્યાવરણ સંત્રી' શરૂ કર્યું હતું. વન્યજીવન સંરક્ષણ અને પર્યાવરણ શિક્ષણમાં સમુદાય ભાગીદારીના ક્ષેત્રમાં અનુભવી, ફ્રી લાન્સ પર્યાવરણીય કમ્યુનિકેટર તરીકે યાત્રી જાગૃતિ ફેલાવવાનું અને પ્રકૃતિ પ્રત્યે સાંસ્કૃતિક આકર્ષણ પાછું લાવવાના હેતુથી માનવ-પ્રાણી વચ્ચેના સંઘર્ષને સંબોધવા માટે સમુદાય સાથે સંવાદનો મંચ ઊભો કરે છે. તેમને એક અસામાન્ય માર્ગ ખેડવા બદલ અને પ્રકૃતિ સંરક્ષણના ક્ષેત્રમાં યોગદાન બદલ ઉદ્‌ગમ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં છે.

યાત્રીએ ઓલ ઇન્ડિયા રેડિયો દૂરદર્શન અમદાવાદ અને ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન સાથે નાની ઉંમરે કેરીયર શરૂ કર્યું હતું. તેમણે પર્યાવરણ અને ઇકોલોજીમાં માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતકની ડિગ્રી પણ મેળવી છે. તેમના લેખન,  શ્રાવ્ય નિર્માણ અને સંદેશાવ્યવહારનો મુખ્ય વિષય પ્રકૃતિ કેન્દ્રિત રહે છે. તેમણે ઘણી ફિલ્મોનું પણ નિર્માણ કર્યું છે અને ઘણા લેખો પણ લખ્યા છે.

### (૧૭) મહેશ પંડ્યા

તેઓ પર્યાવરણ એન્જિનિયર છે. 'પર્યાવરણમિત્ર' સંસ્થાના નિયામક અને આ જ નામથી પ્રકાશિત થતા અનિયતકાલીન સામયિકનું ૨૫ વર્ષથી સંપાદન કરે છે. આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંઘની UNFCCL, UNEP સંસ્થાઓની સભ્ય છે. UN EcoSoc દ્વારા મળેલ પરામર્શના દરજ્જાને નાતે ૨૦૧૨થી દર વર્ષે યેજાતી ક્લાઇમેટ ચેન્જ પરિષદોમાં હાજરી આપીને લોક પેરવી કરવી, નીતિ વિષયક બાબતોમાં જરૂરી બદલાવ આવે તે માટે વિધાનસભા, સંસદ, અદાલતો થકી લોકપેરવી કરવી, વિવિધ વિદ્યાશાખાઓમાં પર્યાવરણ વિષયો પર અધ્યયન કરવા ઉપરાંત તેમણે રાજ્યનાં વિવિધ સ્થળોએ યોજાયેલી ૨૦૦ જેટલી પર્યાવરણીય લોકસુનાવણીઓમાં ભાગ લઈને લોકોને પર્યાવરણીય પ્રશ્નોમાં ભાગીદાર બનાવવાના પ્રયાસો કર્યા છે. મહેશભાઈ 'નવગુજરાત સમય'માં પર્યાવરણ વિષય અંગે સાપ્તાહિક લેખ લખે છે.

### (૧૮) મધુરેશ કુમાર

નેશનલ અલાયન્સ ઑફ પીપલ્સ મુવમેન્ટ્સ (NAPM) ના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સમન્વયક સાથી. તેઓ ગ્લોબલ ટેપેસ્ટ્રી ઑફ ઓલ્ટરનેટીવ્સ નામની સંસ્થા સાથે સંકળાયેલા છે. તેઓ સંઘર્ષ, આંદોલનોની વ્યૂહરચના તેમજ તેનું રાજકારણ, સામાજિક તેમજ જલવાયુ પરિવર્તન ન્યાય જેવા મુદ્દાઓ પર નિયમિતરૂપે હિંદી તેમજ અંગ્રેજીમાં લખતા રહે છે. હાલમાં તેઓ લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં સિનિયર એટલાન્ટીક સોશિયલ એન્ડ ઇકોનોમિક પ્રોગ્રામ ફેલો છે. તેમના એક્ટીવિઝમ માટે યુનિવર્સિટી ઑફ મેસેચ્યુસેટ્સ, એમહર્સ્ટમાં તેમનું રેસિસ્ટન્સ સ્ટડીઝ ફેલો તરીકે બહુમાન કરવામાં આવ્યું હતું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

### (૧૯) આશાબહેન બૂચ

છેલ્લાં ૪૫ વર્ષથી યુ.કે.માં રહે છે. માન્ચેસ્ટરમાં બે દાયકાથી વધુ સમયથી દ્વિભાષી બાળકોને અંગ્રેજી, વિજ્ઞાન અને ગણિત તેમની માતૃભાષાના માધ્યમથી ભણાવવાનું કામ કર્યુ. તેમાં નિરાશ્રિતો અને શરણાર્થીઓનો પણ સમાવેશ થાય છે. તે ઉપરાંત ઇન્ડિયન એસોસીએશન, સેક્રેડ સાઉન્ડ ફોર વિમેન, ફેઈથ નેટવર્ક ફોર માન્ચેસ્ટર તથા ગાંધી ફાઉન્ડેશનના સભ્ય તરીકે એક્ઝીક્યુટીવ કમિટીમાં તેઓ કાર્યરત રહ્યાં છે. ગાંધી સાહિત્ય વાંચવાનો શોખ છે તથા 'ઓપિનિયન' સામયિકમાં અવારનવાર લખતાં રહે છે. છેલ્લાં આઠ વર્ષથી 'ખાદી લંડન' સાથે જોડાઈને કાંતણના દર્શન તેમજ વર્કશોપ દ્વારા કુદરતી રેસા, ખાસ કરીને સૂતરના વપરાશ અંગેના પ્રચારકાર્યમાં વ્યસ્ત રહે છે.

### (૨૦) હીરલ સવાઈ

તેમનું બાળપણ સૌરાષ્ટ્રના ગઢડા (સ્વામી.)માં વીત્યું. માતા-પિતા હસમુખભાઈ દેવમુરારિ અને તેમનાં પત્ની રમાબહેન ગાંધીવિચારને વરેલાં એટલે ખાદી અને સાદાઈના સંસ્કાર લોહીમાં મળ્યા. અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયા બાદ એમ.એસ.ડબલ્યુ.ની ડિગ્રી મેળવી. લગ્ન બાદ છેલ્લાં ૨૧ વર્ષથી બેંગ્લોરમાં પરિવાર સાથે સ્થાયી થયાં છે. ત્યાં મુખ્યત્વે શિક્ષણક્ષેત્રે કામ કર્યું. હાલમાં એક આઈ.ટી. રીક્રુટમેંટ કંપનીમાં લીડ કન્સલ્ટન્ટ તરીકેની ફરજ બજાવે છે. બાળપણથી વાંચવાનો શોખ. ગમતાં પુસ્તકો વિશે લખવું એ ઘણું પ્રિય કામ. આજુબાજુ બનતી ઘટનાઓ, ગમેલી ફિલ્મ/ડોક્યુમેન્ટરી વિશે તેમજ વૈવિધ્યપૂર્ણ વિષયો પર લખવાનું ગમે.

### (૨૧) મનસુખભાઈ સલ્લા

૧૯૪૨માં જન્મ. લોકભારતી સણોસરાના સ્નાતક. ગુજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક. ૧૯૬૭થી ૨૦૦૩ સુધી લોકભારતી મહાવિદ્યાલયના અધ્યાપક અને આચાર્ય. ૨૦૦૩માં નિવૃત્તિ પછી અમદાવાદમાં સ્થાયી થયા. ત્યાં રહીને કેળવણી અને સાહિત્યની અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. ૨૦૧૨થી ગુજરાતી કેળવણી પરિષદના પ્રમુખ છે. વક્તા અને લેખક તરીકે વિખ્યાત છે. તેમનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયા છે. જેમાં,

શિક્ષણ વિષયક : માણસાઈની કેળવણી, પાયો અને પુનરરચના.

રેખા ચિત્રો : જીવતર નામે અજવાળું, તુલસીક્યારાના દીવા.

સ્મરણ કથા : હૈયે પગલાં તાજાં

ગાંધી ચિંતન : ગાંધીની નજરે દુનિયા

શીલ અને સંસ્કૃતિના લેખો : સત્યના દીવા, ધર્મની સુગંધ, જાત સાથે વાત.

આ ઉપરાંત બાળસાહિત્યનાં વીસ અને વિચારપ્રધાન છ પુસ્તકોનું સંપાદન મનસુખભાઈએ કર્યું છે. તેમને ૧૪ પુરસ્કારો મળ્યા છે. કાર્ય અને લેખન ચાલુ છે.

### (૨૨) કુમારપાળ દેસાઈ

તેમનો જન્મ ૩૦ ઑગસ્ટ ૧૯૪૨ના રોજ રાણપુરમાં થયો હતો. તેઓ જાણીતા લેખક બાલાભાઈ દેસાઈ, જયભિખ્ખુના દીકરા છે. ગુજરાત યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ૧૦૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસુ છે. વર્ષ ૨૦૦૪માં પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ગુજરાત સમાચારમાં તેમની કોલમ 'ઈંટ અને ઇમારત' છપાય છે. ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહી ચૂક્યા છે. ગુજરાત વિશ્વકોશ સંસ્થાના ટ્રસ્ટી છે. જૈન ધર્મ પર તેમણે અંગ્રેજીમાં પુસ્તકો લખ્યાં છે. પરદેશમાં જૈન ધર્મ અંગે પ્રવચનો આપવા પણ જાય છે.

### (૨૩) દિલીપ શાહ

૮૦-૮૧ વર્ષની વયે તેમનો વાંચન અને લેખનનો ઉત્સાહ અકબંધ રહ્યો છે. તેઓ નર્મદ યુનિ.માં ગ્રામ અભ્યાસ વિભાગના વડા હતા. વર્ષ ૨૦૦૭માં નિવૃત્ત થયા. તેમણે ૨૨ જેટલાં પુસ્તકો લખ્યાં છે. તાજેતરમાં ગાંધીજીનો વિચાર વારસો પુસ્તક લખ્યું છે. તેમના માર્ગદર્શનમાં ૧૫થી વધારે વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને એમ.ફીલ. માટે સફળ માર્ગદર્શન મેળવ્યું છે. ગાંધી-વિનોબા-શ્રી અરવિંદનાં પુસ્તકોના ચાહક છે. વર્તમાન-પત્રોમાં તેમની કોલમ પ્રસિદ્ધ થાય છે.

### (૨૪) હેમંત શાહ

પ્રો. હેમંતકુમાર શાહે સમાજવિદ્યા વિશારદ, અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક, શાંતિ સંશોધન વિદ્યાશાખામાં એમ.ફિલ. અને અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલી છે. તેમણે અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને જાહેર વહીવટ વિષયોમાં અધ્યાપન કાર્ય કર્યું છે. ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસ અખબારી જૂથોનાં વિવિધ અખબારોમાં ૧૪ વર્ષ પત્રકાર તરીકે પણ કામ કર્યું હતું.

તેમને લેખનકાર્યનો બહોળો અનુભવ છે. અર્થશાસ્ત્ર, વિકાસ, રાજ્યશાસ્ત્ર, પર્યાવરણ, પંચાયતી રાજ વગેરે ક્ષેત્રે તેમણે ૫૫ જેટલાં પુસ્તકો લખ્યાં છે. ગુજરાતનાં વિવિધ સામયિકો તેમજ અખબારોમાં આશરે ૨૬૦૦થી વધુ લેખો પ્રકાશિત થયા છે. તેઓ વિવિધ પરિસંવાદો અને પરિષદોમાં પોતાનાં ૨૦થી વધુ સંશોધનપત્રો રજૂ કરી ચૂક્યા છે. તેઓ ગુજરાત અને રાષ્ટ્રીય કક્ષાનાં વિવિધ બિન-સરકારી સંગઠનો સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા છે.

### (૨૫) ભાણદેવ

તારીખ ૧૨-૦૫-૧૯૪૨ના રોજ તેમનો જન્મ મોરબી જિલ્લાના ખાખરાળા ગામે થયો હતો. તેમણે તત્ત્વજ્ઞાનમાં એમ.એ. તેમજ 'ડિપ્લોમા ઇન યોગ' પ્રાપ્ત કરેલ છે. તેઓ યોગશિક્ષક છે. અધ્યાત્મના ક્ષેત્રે લોકશિક્ષક પણ છે. પ્રવચનો આપવા માટે વિશ્વપ્રવાસ પણ કર્યો છે. તેમના 'યોગ વિદ્યા' પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ અને અકાદમી તરફથી સન્માનિત કરવામાં આવેલ છે. તેમણે ૯૦ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે.

### (૨૬) ડૉ. ગૌરાંગ જાની

ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રોફેસર. તેમણે વ્યાખ્યાતા તરીકે શામળદાસ કૉલેજ ભાવનગર તેમજ વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી સુરતમાં અધ્યાપન કાર્ય કર્યુ છે. ગુજરાત ઇન્સ્ટીટ્યૂટ ઑફ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ડેવલપમેન્ટ રિસર્ચમાં સંશોધક તરીકે સેવાઓ આપી તેમજ ૨૪ વર્ષ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં અધ્યાપન કાર્ય કર્યું. તેમના સંશોધનના વિષયો : સ્ત્રી અભ્યાસો, આદિવાસી, બાળમજૂરી, દેહ વ્યાપારમાં સામેલ સ્ત્રીઓ, કિન્નરો અને અન્ય સમલૈંગિક સમુદાયો વગેરે રહ્યા છે. તેઓ નેશનલ સ્કૂલ ઑફ ડિઝાઈન, અમદાવાદ, સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ, પત્રકારત્વ વિભાગ, ગુજ૰યુનિ૰, ગુજ૰ લૉ યુનિ૰ ગાંધીનગરમાં વિઝીટીંગ ફેકલ્ટી તરીકે પણ કાર્યરત છે. ફૂલછાબ અખબારમાં તેમની નિયમિતપણે આવતી અખબારી કોલમ છે 'સમાજદર્પણ' અને 'દીવાદાંડી'.

### (૨૭) પંક્તિ જોગ

તેઓ મૂળ ગોવાનાં. ૨૦૦૧માં 'જનપથ'માં જોડાયાં. અને ગુજરાતના સ્વયંસેવી ક્ષેત્રનાં અનેક કામોમાં ગૂંથાઈ ગયાં. શરૂઆતમાં ૨૦૦૧ના ભૂકંપમાં અનાથ થયેલ બાળકોના સામાજિક પુનર્વસનનાં કામ, ચાઈલ્ડ લાઈન કાર્યક્રમમાં દસ્તાવેજીકરણ તેમજ ડેટા વિશ્લેષણની જવાબદારી સંભાળી. ત્યારબાદ અગરિયા અને માહિતી અધિકાર આ બે કાર્યક્રમોની જવાબદારી સંભાળી. અગાઉ ગોવામાં એમ૰એસ૰સી૰ કર્યા બાદ સમુદ્રવિજ્ઞાનમાં સંશોધનનો અનુભવ હોવાથી ગુજરાતના દરિયાકિનારાના પ્રશ્નો સમજવા 'દરિયાકિનારા સંવાદ યાત્રા' કરીને કાંઠાનાં ૪૫૦ ઉપરાંત ગામોના પ્રશ્નોનું દસ્તાવેજીકરણ કર્યુ. હાલમાં માહિતી અધિકાર ગુજરાત પહેલ તેમજ ADR (એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ્સ) સાથે રહીને લોકશાહી સુધારણા તેમજ ગવર્નન્સ મુદ્દે કાર્યરત છે.

### (૨૮) ઉર્વિન શાહ

૧૯૬૬માં જન્મ. જિલ્લો વેડછી – વાલોડ વિસ્તારના જાણીતા કાર્યકર દંપતી તરલાબહેન–બાબુભાઈના દીકરા. વાંચનના શોખીન. સતત બદલાતી ટેક્નોલોજીને સમજવી, સૂચના પ્રાદ્યૌગિકીના આધારે સતત ફેલાતાં વિજાણુ માધ્યમોનો બદલતો ચહેરો અવલોકવો ઉર્વિનને ગમે છે. દસ્તાવેજી તસ્વીરકાર તરીકેની નોકરીના કારણે સ્થળ અને ઘટનાને જુદાં જુદાં પરિમાણોમાં જોવા સહજ છે. સામાજિક કાર્યોમાં સક્રિય એવા ગાંધીજનોને સતત જોવા–સાંભળવાના કારણે ભારત અને ગાંધીવિચાર પર તેમનો ભરોસો છે.

### (૨૯) મીતા ઝવેરી

વાચનનો વારસો બાળપણમાં જ માતાપિતા પાસેથી મળ્યો. તેથી લેખન તેમજ વકતૃત્વ શક્તિઓ ખીલી. શાળા જીવનમાં રાજકોટ રેડિયો સ્ટેશન પરથી પ્રસારિત થતા 'બાળસભા' કાર્યક્રમથી શરૂ કરીને યુવા વયે 'યુવાવાણી'માં વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કરતાં રહ્યાં. છેલ્લાં દસ વર્ષથી સુરત આકાશવાણીમાં આમંત્રિત ઉદ્‌ઘોષક તરીકે પ્રવૃત્ત છે. બાળઉછેર અને શિક્ષણ અંગે પોતાના અનુભવ અને વિચારોનું આલેખન કરતા લેખો ભૂમિપુત્ર, બાલમૂર્તિ, કેળવણી વિમર્શ, નવનીત સમર્પણ તેમજ અન્ય સામયિકોમાં પ્રકાશિત થતા રહે છે. સાહિત્યક્ષેત્રે લઘુ વાર્તા, ટૂંકી વાર્તા, બાળવાર્તા, નવલકથા, કાવ્ય, ચિંતનાત્મક લેખન, વ્યક્તિચિત્રોનું આલેખન વગેરે કર્યાં છે. ટૂંકમાં સમજણભર્યા બાળઉછેર અને સુમેળભર્યા સંબંધો દ્વારા અંતરમન અને સમાજમાં શાંતિ સ્થાપવા માટે મથે છે.

### (૩૦) પ્રવીણભાઈ ઠક્કર

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્ર અને નાણાંકીય પ્રબંધન વિષયના ૩૬ વર્ષ અધ્યાપક રહ્યા અને સાત વર્ષ નિયામક ટ્રસ્ટી રહ્યા. ભાવનગર યુનિવર્સિટીની રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીન તરીકે સેવાઓ બજાવી. પાંચ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે તેઓ સંલગ્ન છે. નિવૃત્તિ પછી ૩૩ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેઓ વિવિધ વિષયો અંગે પ્રવચનો, ઓનલાઈન વાર્તાલાપ, પુસ્તકોનાં સંપાદન, યાત્રાઓ કરતા રહે છે. ભાવનગર સનદી સેવા સિવિલ સર્વિસીઝ કેન્દ્રમાં ઇન્ડિયન પોલિટી વિષયના વર્ગ લેવા, વડોદરામાં સંપૂર્ણ જીવન ટ્રસ્ટ દ્વાર આયોજિત આધ્યાત્મિક શિક્ષણના વર્ગોમાં શિક્ષણકાર્ય કરે છે. 'નિવૃત્તિમાં પ્રવૃત્તિ' એ ઉક્તિને પ્રવીણભાઈ અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સાકાર કરનારા છે.

### (૩૧) ડૉ૰ ભરત ભગત

ડૉ૰ ભરત ભગત નિવૃત્ત સર્જન છે. તેઓ અમદાવાદ ખાતે સર્જરીના એસોસિએટ પ્રોફેસર હતા. હાલમાં ૧૧ જેટલા એન૰જી૰ઓ૰નું નેતૃત્વ તેમના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. છેલ્લાં ૪૧ વર્ષથી તેમનો મુખ્ય સમય હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના સંચાલમાં જાય છે. તેઓ આ સંસ્થાના સ્થાપક પ્રમુખ છે. આ સંસ્થા વિકલાંગ બાળકો તેમજ અન્ય તબીબી સેવાઓ થકી સમાજનાં કલ્યાણકારી કાર્યો માટે સમર્પિત છે. ગુજરાતમાં સૌ પ્રથમ પોલિયો નાબૂદી અભિયાન ડૉ. ભરત ભગતના નેતૃત્વ હેઠળ થયું હતું. અને તેમના જ અથાક પ્રયત્નો થકી હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ગુજરાતનું સર્વપ્રથમ એવું કેન્દ્ર બન્યું કે જે સેરેબ્રલ પાલ્સી યુનિટની બધી જ સેવાઓ એક છત નીચે આપી રહ્યું છે.

### (૩૨) કિરણ કાપુરે

હાલમાં તેઓ 'નવજીવનનો અક્ષરદેહ'ના સંપાદકનું કામ ઉત્તમ રીતે કરી રહ્યા છે. છેલ્લા પંદર વર્ષથી તેઓ ગુજરાતમિત્ર અખબારમાં નિયમિત કોલમ લેખન કરે છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી પત્રકારત્વ અને ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગાંધી વિચારની અનુસ્નાતકની પદવીઓ તેમણે મેળવેલી છે. તેમનું પીએચ૰ડી૰નું સંશોધન 'પત્રકારોએ લીધેલી ગાંધીજીની મુલાકાતો' વિષય પર છે. હાલમાં તેઓ 'નવજીવન ન્યૂઝ'માં ઇન્ટરવ્યૂ કરતા જોવા મળે છે.

### (૩૩) કૃષ્ણકાંત ચૌહાણ

૧૯૭૫, કલ્યાણ (મુંબઈ)માં જન્મ. બાળપણ તેમજ કૉલેજ શિક્ષણ પણ મુંબઈમાં. પરંતુ માંહ્યલો કંઈ જુદું કરવાની પ્રેરણાવાળો હતો. તેથી મોહમયી નગરીમાં ફસાવાને બદલે ૨૦૦૨ના વર્ષમાં સામાજિક કામમાં ઝંપલાવ્યું. ૨૦૦૨નાં રમખાણો વચ્ચે જુવાન કૃષ્ણકાંતે સાથીઓ સાથે હિંમતભેર કામો કર્યાં – ત્યાંથી શરૂ થયેલી ત્રણ દાયકાની યાત્રા – આજે તેઓ ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખ છે.

ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણમુક્ત પર્યાવરણ અને નાગરિક સ્વતંત્રતાની હિમાયતી માટે કાર્યરત છે અને પર્યાવરણ સુરક્ષા સમિતિના સભ્ય છે. સ્થાનિક લોકો સાથે મળીને ભાવનગર જિલ્લાના

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## 'યોગ્ય ઉપાય એટલે જ ન્યાય'

# આંતરરાષ્ટ્રીય કોર્ટનો શકવર્તી ચુકાદો

પ્રશાંત મહાસાગરમાં ૧૨૦૦ ચો. કિ.મી. જેટલો વિસ્તાર અને ત્રણ લાખ જેટલી વસતિ ધરાવતો વનુઆતુ નામનો સ્વતંત્ર ટાપુ આવેલો છે. રાલ્ફ રેગેન્વાનુ ત્યાંના જળવાયુ પરિવર્તન મંત્રી છે. ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ 'ધી હેગ' સ્થિત ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસના પ્રમુખ ઇવાસાવા યુજિએ કોર્ટના ૧૫ ન્યાયમૂર્તિઓની સંમતિ ધરાવતો જળવાયુ પરિવર્તનનો ભોગ બનતા દેશોની તરફેણ કરતો એક કાનૂની અભિપ્રાય વ્યક્ત કર્યો. 'અભિપ્રાય' શબ્દનો ઉપયોગ એટલા માટે થઈ રહ્યો છે કે, વિશ્વની સર્વોચ્ચ કોર્ટનો આ ચુકાદો પ્રદૂષણકર્તા રાષ્ટ્રોને બંધનકર્તા નથી, નૈતિક રીતે માર્ગદર્શક જરૂર છે. રેગેન્વાનુએ જણાવ્યું કે 'ક્લાઈમેટ જસ્ટિસ'ની ઝંખના રાખતા સમુદાયોની અપેક્ષા કરતાં આ ચુકાદો ઘણી રીતે વિશેષ છે! અમેરિકા જેવાં વિકસિત અને પ્રદૂષણકર્તા રાષ્ટ્રોની વિકાસપ્રક્રિયાનો ભોગ બનનાર વનુઆતુ એકલદોકલ દેશ નથી જ. પૃથ્વીના વધતા જતા ઉષ્ણતામાનને કારણે પોતાની જમીન અને જીવનનિર્વાહનાં સાધનો ગુમાવી રહેલાં રાષ્ટ્રો-ટાપુઓની સંખ્યા ૧,૦૦૦ જેટલી થવા જાય છે. ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ થયેલી વિકાસપ્રક્રિયાની વિપરીત અસરોનો ત્યાંનાં ૬.૫ કરોડ લોકો ભોગ બની રહ્યાં છે.

આંતરરાષ્ટ્રીય કોર્ટનો આ ચુકાદો વિશ્વભરની સરકારો , નીતિનિર્ધારકો, કાયદાશાસ્ત્રીઓ તથા આંદોલનકર્તાઓના અભ્યાસ અને ચર્ચાનો વિષય બન્યો છે. અશ્મિભૂત ઇંધણો(ખનીજ તેલ, કોલસા, ગેસ વગેરે)ના ઉપયોગથી પ્રદૂષકોનું ઉત્સર્જન કરનાર રાષ્ટ્રોની જવાબદારી નક્કી કરવાની દિશા આ ચુકાદાથી ઊઘડી છે. કોર્ટે નોંધ્યું છે કે, અશ્મિભૂત ઇંધણોના સતત ઉત્પાદન અને ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને નહીં રોકનાર રાષ્ટ્રોના વલણે આંતરરાષ્ટ્રીય ગુનાનું સ્વરૂપ ધારણ કર્યું છે. કોર્ટે અશ્મિભૂત ઇંધણોના દોહન-ઉત્ખનન માટે અપાઈ રહેલા પરવાના અને નાણાંકીય સહાયો તરફ પણ આંગળી ચીંધી છે. વિકસિત દેશોએ ખાનગી ક્ષેત્રની ગતિવિધિઓને નિયંત્રિત નહીં કરી આંખઆડા કાન કર્યાની હકીકત તરફ નિર્દેશ પણ કર્યો છે. ડિસેમ્બર - ૨૦૨૪માં થયેલ સુનાવણી દરમિયાન કેટલાક દેશોએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે પર્યાવરણીય નુકસાન અંગે સરકારોની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવાનું શક્ય નથી પરંતુ આંતરરાષ્ટ્રીય કોર્ટને તેવી દલીલ સ્વીકાર્ય નથી. અસરગ્રસ્ત દેશોને વર્તમાનમાં અને ભૂતકાળમાં થયેલ નુકસાન ભરપાઈ કરવા વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા પણ કોર્ટે સૂચવ્યું છે. વિજ્ઞાનીઓએ વિકસાવેલ જુદાં જુદાં મૉડેલ્સથી જુદા જુદા દેશોએ પર્યાવરણને કરેલ નુકસાનનો ચોક્કસ અંદાજ મૂકવાનું શક્ય બન્યું છે. તેથી પ્રદૂષણકર્તા રાષ્ટ્રોની જવાબદારી નક્કી કરવાનું સહેલું બન્યું છે.

જે રાજ્યો કે રાષ્ટ્રો જળવાયુ પરિવર્તનનો ભોગ બની રહ્યાં છે, તેઓ હાનિ કરનાર રાષ્ટ્રો સામે નુકસાન ભરપાઈ કરવા માટે વ્યક્તિગત રીતે પણ દાવા-અપીલ કરી શકે છે, તેવો નિર્દેશ પણ આ કોર્ટે આપ્યો છે. આંતરરાષ્ટ્રીય કોર્ટની દષ્ટિએ જળવાયુને હાનિ કરતાં રાષ્ટ્રો સામે રક્ષણ મેળવવાનો કે વળતર મેળવવાનો મુદ્દો માત્ર કાનૂની બાબત જ નથી. પૃથ્વી પરની જીવસૃષ્ટિને માણસજાતે કરેલ હાનિ પોતે જ ભોગવવાનો સમય આવ્યો છે. આ અસ્તિત્વ સંબંધી કટોકટી છે. જીવસૃષ્ટિના અસ્તિત્વ સામેના આ ભયાવહ પડકારનો કોઈ ઉપાય શક્ય છે ખરો? તે પ્રશ્નનો ઉત્તર માનવજાત પાસેનાં તમામ પ્રકારનાં જ્ઞાન, શાણપણ અને ઇચ્છાશક્તિ પાસેથી મેળવવાનો છે. **વ્યક્તિગત, સામાજિક અને રાજકીય સ્તરે સ્વીકારવાનાં શિસ્ત, આદતો અને બદલાવ, કેટલીક સુખસગવડોનો ત્યાગ અને જીવનશૈલીમાં આમૂલ પરિવર્તનમાં જ તેનો ઇલાજ રહેલો છે.**

આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ચાલેલ આ મુકદ્દમાનો ઇતિહાસ જાણવો પણ રસપ્રદ બને છે. યુનિવર્સિટી ઓફ સાઉથ પેસિફિકના વિદ્યાર્થીઓની છ વર્ષ ચાલેલી ઝુંબેશનું આ પરિણામ છે. આ વિદ્યાર્થીઓ પોતાની માતૃભૂમિને ડૂબતી બચાવવા અને પોતાનાં, પ્રજાનાં જીવનનિર્વાહનાં સાધનોનો નાશ પામતાં અટકાવવા માટે ચળવળ ચલાવી રહ્યા છે. હકીકતમાં યુનોની સામાન્ય સભાએ ચોક્કસ મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો. ICJ (ઇન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ)દ્વારા માનવ અધિકારો, યુનાઈટેડ નેશન્સ ચાર્ટર, સમુદ્રો સંબંધી કાયદાઓ, જળવાયુ પરિવર્તનને લગતા કરારો અને સમજૂતીઓ તથા આંતરરાષ્ટ્રીય કાયદાઓની ચકાસણી કરાઈ છે. માનવજાતની વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ તરફ આબોહવા પરિવર્તનને કારણે થયેલ હાનિ ભરપાઈ કરવા રાજ્યો કેવી રીતે અને કેટલે અંશે જવાબદાર બને છે, તેની વિચારણા કરવામાં આવી. વળી, પોતાની જવાબદારીઓ નિભાવવામાં પ્રદૂષણકર્તા રાજ્યો નિષ્ફળ જાય તો તેમની પર કોઈ પગલાં લઈ શકાય કે કેમ? તે મહત્ત્વના મુદ્દે પણ ICJ એ વિચારણા કરી છે. પર્યાવરણની ચિંતા કરતા સૌ ૨૩મી જુલાઈની માર્ગદર્શક સલાહને 'ક્લાઈમેટ જસ્ટિસ'ના ક્ષેત્રે એક પરિવર્તનકારી બદલાવ તરીકે જોઈ રહ્યા છે, કારણ કે પ્રદૂષણ કરનારાં વિકસિત રાષ્ટ્રો અન્યોને થયેલ / થઈ રહેલ હાનિ માટે જવાબદાર છે, તેવું ઠરાવીને ICJ અટકી ગઈ નથી. વર્તમાન હુકમ દ્વારા પૃથ્વીને બચાવવા માટે તથા નુકસાન ભરપાઈ કરવાની સ્પષ્ટ જવાબદારી પણ વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જીવજંતુઓ, પ્રાણીઓ અને મનુષ્યનાં પાકૃતિક નિવાસસ્થાનો સહિત જૈવવૈવિધ્યનો નાશ કરતી પ્રવૃત્તિઓ અને નીતિઓ સામે આવનારી પેઢીઓના સંરક્ષકની ભૂમિકા પણ તેણે અદા કરી છે. "Intergenerational Equity' તરીકે ઓળખાતો ન્યાયિક સિદ્ધાંત પ્રદૂષણકર્તા રાષ્ટ્રોને કેવી રીતે લાગુ પડે છે તેની સ્પષ્ટતા પણ કરી છે. "Polluter Pays'ના સિદ્ધાંતની સીમાનું વિસ્તરણ પણ કર્યું છે. (જુઓ પાન ૪)

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧**

**IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-09-2025 R.N.I. No. 1683/57

# ટાર્ગેટ

**નો**કરીની શોધમાં ભટકતાં ભટકતાં નરેન થાકી ગયો હતો. એવામાં જ્યારે બોલબેરીંગ બનાવવાના કારખાનામાં એને સુપરવાઈઝરની નોકરી મળી ત્યારે આખા પરિવારને હાશકારો થયો હતો. એની પત્ની રંજુ જે મળે એને હરખાઈને કહેતી,

''અમારે ઈને એવી સરસ નોકરી મળી છે કે, કંઈ કામ નહીં કરવાનું. બસ, આખો દિવસ કારીગરો કામ કરે છે કે નહીં એનું ધ્યાન જ રાખવાનું!''

નરેન પોતે માનતો હતો કે, આ નોકરીમાં તો સાહેબી જ છે. આવી સરસ નોકરી મળી એટલે એ ખુશ હતો. કારીગરો પર દેખરેખ રાખવાની, બરાબર કામ ન કરતા હોય તો દબડાવવાના ને રોજ સાંજ પડે એટલે મોટા સાહેબ પાસે રિપોર્ટ રજૂ કરવાનો. એનો આ ભ્રમ ત્યારે ભાંગ્યો જ્યારે સાહેબે પોતાની કેબીનમાં બોલાવીને એને કહ્યું, ''જો ભાઈ, હજી તું નવો નવો છે એટલે તને બધું શીખતાં-સમજતાં થોડી વાર લાગશે એ સાચું, પણ એક વાત સમજી લે કે, મહિનાને અંતે પ્રોડક્શનનો ટારગેટ પૂરો થાય એ જોવાની જવાબદારી તારી. મને તો રીઝલ્ટ જોઈએ, પછી કારીગરો પાસે કેટલું કામ લેવું એ તું જાણે!''

નરેનને ખ્યાલ આવ્યો કે, આ તો માથા પર લટકતી તલવાર હતી. જો સતત બે મહિના ટાર્ગેટ પૂરો ન થયો તો નોકરીમાંથી પાણીચું મળતાં વાર લાગે એમ નહોતી. અત્યાર સુધી કારીગરો સાથે મૈત્રીપૂર્ણ વર્તાવ કરતો નરેન, સાહેબ સાથે વાત થઈ ત્યારથી સાવ બદલાઈ ગયો. કામગારો પર ઘાંટા પાડતાં એ કહેતો, ''બસ, જમ્યા એટલે ઘેન ચઢવા માંડ્યું, કેમ? આમ ગોકળગાયની જેમ કામ કરશો તો ક્યારે પત્તો લાગશે?''

''એ સુરેશ, આમ દીવાલને અઢેલીને કેમ બેઠો છે? હું બધું સમજું છું. માથું દુ:ખવાનું તો બહાનું છે, તમે બધા હરામ હાડકાંના થઈ ગયા છો!''

બિહારથી આવેલા ઉન્નીની કામ કરવાની ઝડપ પણ ઘણી હતી અને આવડત પણ સારી હતી. નરેન પણ મનોમન એની પ્રશંસા કરતો,

''નાનો એવો છે પણ કામકાજમાં ઉસ્તાદ છે.''

એક વખત એણે લંચ ટાઈમમાં ઉન્નીને પૂછેલું પણ ખરું,

''હું જોઉં છું કે, તું રોજ જમવામાં સૂકો રોટલો ને કાંદો ખાય છે. ઘરે કોઈ બનાવી આપવાવાળું નથી?''

''બનાવી આપવાવાળી મા તો છે પણ એ બિચારી માંદી જ રહે છે. વળી સાહેબ, બનાવવા માટે ઘરમાં રૂપિયા તો હોવા જોઈએ ને? બાપ તો પીને પડી રહે, ભાઈ નાનો છે ને એક બહેન ગાંડી છે. હવે તમે જ કહો આમાં રોટલો ને પ્યાજ સિવાય બીજું શું પોસાય?''

ધીમે ધીમે કરતા નોકરીની અનિશ્ચિતતાએ નરેનને કઠોર બનાવવા માંડ્યો. પહેલાં કામદારની જે તકલીફ એને મજબૂરી લાગતી એ હવે નાટક લાગવા માંડી. આખો વખત મન પર એક જ વાત હાવી રહેતી કે, પ્રોડક્શન વધારવાના ટાર્ગેટને કઈ રીતે આંબવું?

ઉન્ની સાથે એક જ મશીન પર કામ કરતા લખનની આંખમાં એક દિવસ લોખંડની કણી પડી ગયેલી. એ 'ઓ મા, નથી સહન થતું' કરીને બૂમાબૂમ કરવા લાગેલો. નરેને રિક્ષા બોલાવીને એને દવાખાના ભેગો કરેલો. બીજે દિવસે એ આવ્યો ત્યારે આંખ પર મોટો પાટો બાંધેલો. નરેને એની તબિયત વિશે પૂછ્યું ત્યારે રડમસ અવાજે બોલ્યો,

''સાહેબ, ડોક્ટરે કહ્યું કે, જરાક માટે આંખ બચી ગઈ. હવે એક અઠવાડિયા સુધી પાટો બાંધી રાખવાનો અને મશીન પર કામ નહીં કરવાનું.''

''કંઈ વાંધો નહીં. આંખ બરાબર સંભાળજે. હમણાં તારે ફક્ત માલની ગણતરી કરવાનું જ કામ કરવાનું અને બપોરે સૂઈ જવાનું, સમજ્યો?''

સાંજે કારખાનેથી છૂટીને એ ઘરે જતો હતો ત્યારે એણે લખનને કોઈ સાથે વાત કરતા સાંભળ્યો,

''ક્યા સોલિડ ડ્રામા કિયા? સુપરવાઈઝર સાબ કો ઉલ્લુ બનાયા. દેખ, આંખ તો બિલકુલ ઠીક હો ગઈ થી. ઐસે હી પાટા બાંધ કે રખ્ખા. આરામ ભી મિલ ગયા ઔર તન્ખા ભી નહીં કટી.'' એણે હસતાં હસતાં આંખ પરથી પાટો કાઢ્યો ત્યારે નરેનને દેખાયું કે, આંખ તો સાવ સારી હતી. આ પ્રસંગ પછી એણે ગાંઠ વાળી કે, કોઈની દયા ખાવી નહીં ને કડક હાથે કામ લેવું.

બે દિવસથી ઉન્ની હંમેશની જેમ કામ નહોતો કરી શકતો. બપોરે એ કશું જમ્યો પણ નહોતો. નરેન સ્ટોરરૂમ તરફ જતો હતો ત્યારે એણે જોયું કે, ઉન્ની બેવડ વળીને બેઠો હતો. એના ચહેરા પર પીડાની રેખાઓ દેખાતી હતી. નરેને પૂછ્યું, ''કેમ આમ બેઠો છે? કામકાજ નથી કરવાનું?''

''સાહેબ, પેટમાં સખત દુખાવો થાય છે. સહન નથી થતું.''

''કામના સમયે કામ એટલે કામ. મારે સાંજ સુધીમાં ઓર્ડર કંપલીટ જોઈએ. ચાલ, સોડા પી લે એટલે બધું મટી જશે.''

મહાપરાણે ઉન્ની પગ ઘસડતો મશીન પાસે ગયો ને હાથથી પેટ દબાવતો કામે લાગ્યો. આજે ઓર્ડર પૂરો કરવાનો જ હતો એટલે બધાએ મોડે સુધી કામ કર્યું. અંધારું થઈ ગયું હતું. નરેન પોતાના સ્કૂટર પર બેસીને નીકળવા જતો હતો ત્યાં સુરેશ દોડતો શ્વાસભેર આવીને કહેવા લાગ્યો,

''સાહેબ, ઉન્નીની તબિયત બહુ ખરાબ થઈ ગઈ છે. એને લોહીની ઊલટી થાય છે.''

નરેન ગભરાયો. હવે? એને હોસ્પિટલ લઈ જવા વાહનની વ્યવસ્થા કેવી રીતે કરવી? મોટા સાહેબને ફોન કરીને ગાડી મંગાવી ત્યારે બે કલાક થઈ ગયા હતા. નરેન ઘરે પહોંચ્યો ત્યારે એકદમ બેચેન હતો. મેં આ શું કર્યું? મારી જીદ અને ભૂલને કારણે એને કંઈ થઈ જશે તો?

હૉસ્પિટલથી સુરેશનો ફોન આવ્યો ત્યારે એ રડી રહ્યો હતો,

''સાહેબ, જલદી હૉસ્પિટલ પર આવો. ઉન્ની..ઉન્ની મરી ગયો. તમે આવો પછી એને ઘરે જણાવીએ.''

રાતના અંધકારને ચીરતું નરેનનું સ્કૂટર હૉસ્પિટલ તરફ જઈ રહ્યું હતું ત્યારે એનું મન એને પૂછી રહ્યું હતું, 'ટાર્ગેટ પૂરો ન થાત તો તને તો બીજી નોકરી મળી શકત પણ હવે ઉન્નીની માને એનો દીકરો મળશે?'

એના માથા પર જાણે હથોડો ઝિંકાતો હતો અને દર વખતે અવાજ આવતો હતો 'ટાર્ગેટ, ટાર્ગેટ..'

(હરભજન મેહરોત્રાની પંજાબી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org